આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪
વર્ષ : ૭૯ ● અંક : ૬
સળંગ અંક : ૯૫૩
સપ્ટેમ્બર - ૨૦૧૯

## વૃક્ષં રક્ષતિ રક્ષતિઃ

**વૃક્ષોની જે રક્ષા કરે છે તેનું રક્ષણ વૃક્ષ કરે છે.**
**હરિયાળી વાવો, સમૃદ્ધિ પામો, વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો.**



ચિત્રકાર : મોહિત અલ્પેશકુમાર ભાવસાર (ધો.૧૦) Moible : 9328997902




## સરસ્વતી વિદ્યામંડળની આગવી પ્રણાલિકા મુજબ ઉજવેલ કાર્યક્રમ

**શાંતિકુમાર કોઠારી વિદ્યાલયમાં વર્ષામંગલ કાર્યક્રમની ઉજવણી ● સરસ્વતી કુમારશાળા નં.૨ના આચાર્યા શ્રી મીતાબેન મહેતાને TIDE દ્વારા પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યું. ● સરસ્વતી પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી. ● શાંતિકુમાર કોઠારી વિદ્યાલયમાં જન્માષ્ટમીની ઉજવણી ● સરસ્વતી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'સ્વચ્છ અમદાવાદ'ના સહયોગી બન્યા.**



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૩ સપ્ટેમ્બર - ૨૦૧૯



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

“ઘરશાળા” માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક | ₹ ૧૫૦ | $ ૪૦ | £ ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ ૨,૦૦૦ | $ ૨૦૦ | £ ૧૦૦ |


## અનુક્રમ


| | | |
|---|---|---|
| દર્શક ફાઉન્ડેશનનો અવૉર્ડ | | / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે | / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક | / ૬ |
| માનવતા ઘડતરનું કેન્દ્ર એટલે ગાંધીજીનું ટૉલ્સ્ટોય ફાર્મ | હિરજીભાઈ નાકરાણી | / ૧૨ |
| શિક્ષણના સિતારા | ડૉ. ઈશ્વર પરમાર | / ૧૪ |
| શિક્ષણ : સ્વકેન્દ્રી કે સર્વકેન્દ્રી ? | લલિત શાહ | / ૧૯ |
| સાર્ધ-શતાબ્દી વંદના | રમેશ ઓઝા | / ૨૨ |
| પહેલું સુખ તે જાતે નર્યા | ડૉ. ઉર્મિલા શાહ | / ૨૪ |
| મેડિકલ શિક્ષણ : ભ્રષ્ટાચાર અને ગેરવહીવટનાં પરિણામો | ડૉ. રોહિત શુક્લ | / ૨૫ |
| પાયાની હૂંફ | ડૉ. હિતેષ બી. શાહ | / ૨૯ |
| બાળકો શું ન કરી શકે...? | જીતુભાઈ નાયક | / ૩૧ |
| ગાંધીજી : કેળવણીના સદયકુંજ | પ્રવીણ કે. મકવાણા | / ૩૨ |
| શિક્ષકોને શિક્ષણ | ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના | / ૩૩ |
| પર્યાવરણની અસમતુલા વૈશ્વિક સમસ્યા બની | ગિરીશકુમાર પટેલ | / ૩૪ |
| કહાનનું ચંદ્રયાન | માધવી આશર ‘ખત્રી’ | / ૩૬ |
| બાળપણનો વરસાદ | બીજલ જોશી ગઢીઆ | / ૩૮ |
| કૃષ્ણ | ઉપેન્દ્ર એમ. પટેલ | / ૩૯ |
| નારી ચાલીસા | મેઘા આચાર્ય | / ૪૦ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા | / ૪૧ |



કાર્યાલય

“ઘરશાળા” શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# દર્શક ફાઉન્ડેશનનો અવૉર્ડ

**શ્રી મનુભાઈ પંચોળી-દર્શક ફાઉન્ડેશનનો સાહિત્ય અવૉર્ડ-૨૦૧૮ પ્રાપ્ત કરનાર લેખિકા ઈલા આરબ મહેતા અને શિક્ષણ અવૉર્ડ-૨૦૧૮ પ્રાપ્ત કરે છે સિસ્ટર નિવેદિતા સ્કૂલ, રાજકોટ**

**શ્રી મનુભાઈ પંચોળી - દર્શન ફાઉન્ડેશનનો સાહિત્ય અવૉર્ડ-૨૦૧૮ પ્રાપ્ત કરનાર લેખિકા ઈલા આરબ મહેતા.**

પિતા ગુણવંત આચાર્યનો સાહિત્ય વારસો ઝીલનાર ઈલા આરબ મહેતાની ૧૮ નવલકથાઓ પ્રગટ થયેલી છે. જેમાં 'થીજેલો આકાર', 'રાધા', 'અને મૃત્યુ', 'બત્રીસ પૂતળીની વેદના', 'પરપોટાની આંખ', 'પાંચ પગલાં પૃથ્વી પર', 'ઝીલી મેં કૂંપળ હથેળીમાં', 'વાડ' વગેરે નોંધપાત્ર છે. એમની નવલકથાઓને ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતી સાહિત્ય અકાદમી અને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના પુરસ્કારો મળેલાં છે.

નવલકથા સાથે તેમનું નવલિકાલેખન પણ ચાલ્યું છે. 'એક સિગરેટ, એક ધૂપસળી' 'વિયેના વૂડ્ઝ', 'ભાગ્યરેખા', 'યોમ કિપુર' 'બળવો બળવી બળવું' વગેરે સંગ્રહો ધ્યાનપાત્ર છે. 'સપ્તમાતૃકા' મહાભારત પર આધારિત વિશિષ્ટ રચના છે. 'માઈલોના માઈલો મારી અંદર' નામે તેમણે પ્રવાસ વર્ણન લખેલું છે.

ઈલા આરબ મહેતા સંવેદનશીલ અને નિસ્બત ધરાવતાં નવલકથાકાર છે. તેમની નવલકથા અને નવલિકાઓમાં સામાજિક પ્રશ્નોનું કલાત્મક નિરુપણ હોય છે. માનવહ્રદયની સૂક્ષ્મ સંવેદનાઓ અને ભાવનાઓના સંઘર્ષનું ઝીણવટભર્યું, કલાત્મક અને હ્રદયસ્પર્શી આલેખન થયું છે.

ઈલા આરબ મહેતાને તારીખ ૭ સપ્ટેમ્બર ૨૦૧૯, શનિવારે સવારે ૧૧ વાગ્યે સિસ્ટર નિવેદિતા સ્કૂલ રાજકોટના સભાખંડમાં દર્શક ફાઉન્ડેશનનો સાહિત્ય અવૉર્ડ અર્પણ થશે. જેમાં પ્રશસ્તિપત્ર અને રૂપિયા એક લાખની રાશિ અર્પણ કરવામાં આવશે.

**સિસ્ટર નિવેદતા સ્કૂલ, રાજકોટ - શ્રદ્ધા અને સમર્પણની જ્યોત સિસ્ટર નિવેદિતા સ્કૂલ**

ગુલાબભાઈ અને ઉષાબહેન જાનીનો પરિચય અને પરિણય કૉલેજકાળથી. બંનેનાં સપનાં મળતાં હતાં તેથી લગ્નથી તેમજ આદર્શથી જોડાયાં. રામકૃષ્ણ મિશનના સ્વામીજીની પ્રેરણાથી કૉલેજની નોકરી છોડી પ્રાથમિક શાળાથી કામ શરૂ કર્યું. સાથીદારો, માન્યતા, આર્થિક સગવડ, મકાન કશું નહોતું, પણ પાયામાં શ્રદ્ધા અને સમર્પણ હતાં તેથી ૫૦ વર્ષમાં શાળા ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણના દ્દષ્ટાંતરૂપ વિદ્યાલય બની ગઈ. આજે અનેકવિધ પ્રવૃત્તિઓ અને તાલીમ કાર્યક્રમો દ્વારા શાળાએ નામ, માન-સન્માન અને આદર મેળવ્યાં છે. અનેક પુરસ્કારોથી તેઓ ગૌરવ પામ્યાં છે. વાલી સંબંધ, વિદ્યાર્થી વિકાસની મોકળાશ, આત્મવિશ્વાસ અને ઘડતરની પ્રવૃત્તિ, નિર્ભય અને પારદર્શક ભાવાવરણ, દૂરદૂરના વિસ્તાર સુધી શિક્ષણના ઉત્તમ તત્ત્વો પહોંચાડવા, School on Wheels વગેરે સિસ્ટર નિવેદિતા સ્કૂલની ઓળખ બની ગઈ છે. આ શાળાની સાચી ઓળખ એનાં વિદ્યાર્થીઓ છે.

આવા ગુલાબભાઈ અને ઉષાબહેનને સિસ્ટર નિવેદિતા સ્કૂલના ઉજ્જવળ કામ બદલ તારીખ ૭ સપ્ટેમ્બર ૨૦૧૯, શનિવારે સવારે ૧૧ વાગ્યે સિસ્ટર નિવેદિતા સ્કૂલના સભાખંડ (રાજકોટ)માં દર્શક ફાઉન્ડેશન શિક્ષણ અવૉર્ડ અર્પણ થશે. જેમાં પ્રશસ્તિપત્ર અને રૂપિયા એક લાખની રાશિ અર્પણ કરવામાં આવશે.



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## શિક્ષકો, આપણે ગૌરવશાળી બનીએ...

શિક્ષણ દિનની શુભેચ્છા...

ભારત વર્ષની સંસ્કૃતિમાં ગુરુ હંમેશાં આદરણીય અને વંદનીય રહ્યા છે. કેટલાંકના મતે ગુરુએ તત્ત્વ છે, ઓરા છે, આભા છે, જેના સાનિધ્યમાં સૌનું મસ્તક આદરપૂર્વક નમે અને વંદન કરે. ગુરુ કેવા હોવા જોઈએ તેવું વર્ણન આપણને સંસ્કૃત સાહિત્યના કેટલાંક સ્તોત્રમાંથી મળે છે. ગુરુના વ્યક્તિત્વની યાદી લાંબી છે. ગુરુ આનંદ સ્વરૂપે છે, સુખ આપનાર છે, જ્ઞાનમૂર્તિ છે, આકાશ જેવી વિશાળતા ધરાવે છે, સુખ અને દુઃખના દ્વંદ્વથી પર છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર છે, અદ્વિતીય, નિત્ય, નિર્મળ અને અચળ છે. બુદ્ધિના સાક્ષી સ્વરૂપે અને ત્રણે ગુણોથી પર એવા ગુરુને નમસ્કાર – વંદન કરવાનો ભાવ છે.

આજના સંદર્ભમાં શિક્ષક બદલાયો છે. વિદ્યા તેના માટે જીવન નિર્વાહનું સાધન બન્યું છે. અધ્યયન અને અધ્યાપન ઓછું થયું છે. પ્રેમ-લાગણી અને સંવેદના ઓછી થઈ છે. સમાજ બદલાયો તેથી શિક્ષક પણ બદલાયો તે સ્વાભાવિક છે. શિક્ષણ વેપાર બન્યું છે અને શિક્ષક વેચનાર બન્યો છે. આ વાસ્તવિક પરિસ્થિતિ હોવા છતાં આજે પણ વિદ્યાર્થીઓ અને સમાજનો એક વર્ગ શિક્ષકને પૂજ્ય ભાવે જોવે છે. શિક્ષક તેમના માટે આદર્શ મૂર્તિ છે. આ મૂર્તિ જ્યારે ખંડિત થાય છે ત્યારે વિદ્યાર્થી આંચકો અને આઘાત અનુભવે છે.

વિદ્યાજગત અને વિદ્યાર્થીઓ શિક્ષક પાસે ઘણી મોટી આશા રાખે છે. શિક્ષકનો વ્યવસાય અન્ય વ્યવસાય કરતાં જુદો છે. માનવ ઘડતર, સમાજ ઘડતર અને રાષ્ટ્ર ઘડતરના પાયાનું કામ શિક્ષક કરે છે. શિક્ષકનું ગૌરવ અને માન સમાજમાં ઓછું થતું જાય છે તે ચિંતાનો વિષય છે. વ્યવસ્થા અને સમાજ ભલે બદલાય પણ શિક્ષક તેની ગરિમા અને ગૌરવ જાળવે તો શિક્ષણ અને સમાજ વ્યવસ્થાના ઘણા પ્રશ્નોનો ઉકેલ સરળ બની શકે.

શિક્ષક મિત્રો, જ્ઞાનની ઉપાસના, જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર, સત્ય, પ્રેમ અને કરુણા જેવા શાશ્વત મૂલ્યોની રક્ષા નિર્મળ અને અચળ વ્યક્તિત્વ જ શિક્ષકના વ્યવસાયને ઉજાળશે અને શિક્ષકત્વ પ્રગટાવશે.

આવો આજના દિને આપણા વ્યવસાયને વધુ ગૌરવશાળી બનાવવાનો સંકલ્પ કરીએ.

જશીબહેન નાયક

મૈત્રી સોસાયટી, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫.



## દિલ્હીની શાળાના અમારા અંતિમ દિવસો

૧૯૭૯નો ઑગસ્ટ માસ હતો. સંસ્થાએ અમને ૭ મહિના માટે ચાલુ રાખ્યા હતા, પરંતુ ઑગસ્ટ માસ અમારા માટે કામ કરવાનો છેલ્લો મહિનો હતો. ૩૧મી ઑગસ્ટ છેલ્લો વર્કિંગ દિવસ હતો. શાળા શરૂ થઈ. બે-ત્રણ કલાક થયા હશે એટલામાં તો પ્રશાંતનો ઇંગ્લેન્ડથી ફોન આવ્યો. ઘંટડી વાગી. "હલ્લો... કોણ... બોલો છો" હું પ્રશાંત બોલું છું, આજે તમારો છેલ્લો દિવસ છે હવે તમે અમારા ચાર્જમાં છો. અત્યાર સુધી ઘણાં બાળકોનું તમે ધ્યાન રાખ્યું. હવે અમારે તમારું ધ્યાન રાખવાનું છે. રઘુભાઈ વાત કરતાં કરતાં ઢીલા પડ્યા. આચાર્યનો ખુમારીભર્યો અવાજ પિતાના વાત્સલ્યમાં બદલાયો. "હા... દીકરા... હવે અમે તારા જ ચાર્જમાં છીએ. તમારી સાથે થોડો વખત ગાળીને જીવનનું બીજું કાર્ય શરૂ કરવાનો પ્લાન તારી સાથે રહીને કરીશું." "પાપુ... તમે નવા જીવનમાં પ્રવેશો છો ત્યારે અમને આનંદ થાય છે." પ્રશાંત બોલ્યો. તેણે મારી વાત કરતા કહ્યું, 'બા... હું પ્રશાંત, આચાર્યની નોકરીમાંથી તમે નિવૃત્ત થાઓ છો હવે તમે અમારી સાથે ફૂલ ટાઈમ રહેવાનાને...' પ્રશાંતના અવાજમાં પ્રસન્નતા હતી. ફોન પૂરો થયો. એકાદ કલાક બાદ અમેરિકાથી ઈરાનો ફોન આવ્યો. 'પાપુ... નિવૃત્ત જીવનમાં પ્રવેશતા અમે તમને આવકારીએ છીએ. ઘણાં વર્ષોથી તમારા સમય ઉપર અમારો અધિકાર ન હતો. હવે તમારા સમય ઉપર *We welcome you with floded open arms. You are with your children now.* અમે કેવાં નસીબદાર છીએ કે તમારા બધા સમય ઉપર અમારો અધિકાર હોવાથી અમારું જીવન ભર્યું ભર્યું થઈ જશે. અમે અહીં તમારી રાહ જોઈએ છીએ. મારા મનમાં પણ એક વિચાર ઝબકી ગયો કે અમારા બાળકોને અમારા સમય ઉપર કેટલો ઓછો અધિકાર હતો ? તેનો ખ્યાલ આજે તેમણે અમને આપ્યો. હજી તો આવાં કેટલાંય નવાં અનુભવો પરિવાર જીવનમાં અમને થશે. એક જાતના સંતોષ સાથે છેલ્લા દિવસના કાર્ય શરૂઆત થઈ. માંડ થોડો સમય થયો હશે ત્યાં અમદાવાદથી હિંમતભાઈ, ગોપલાની સાહેબ અને શ્રી વિઠ્ઠલભાઈનો ફોન આવ્યો. ત્રણેયના વ્હાલસોયા અવાજો જાણે અમારું સ્વાગત કરી રહ્યા હતા. હિંમતભાઈ અને શ્રી વિઠ્ઠલભાઈ કહે કે, "... હવે તમે સો ટકા સરસ્વતી વિદ્યામંડળના કાર્યકર બની ચૂક્યા છો. હવે આ સંસ્થામાં અમને તમારી દોરવણી હર પળે મળી રહેશે. અમે સૌ સરસ્વતી વિદ્યામંડળના વિશાળ મકાનમાં તમારું સ્વાગત કરવા આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ. તમે કઈ ટ્રેનમાં આવો છો ? તે જણાવશો અમને તો એમ લાગે છે કે અમારો આત્મા અહીં આવી રહ્યો છે એમ વિઠ્ઠલભાઈ બોલી ગયા. તમે ગયા ત્યારે રડતાં રડતાં વિદાય આપી હતી. હવે હસતાં હસતાં આવકારીએ છીએ. તેમનો ફોન પૂરો થયો. સરસ્વતી વિદ્યાલયમાં પાછા ફરીને સ્વજનો સાથે નવાં કામો કરવાં અમારું હૃદય પ્રફુલ્લિત બની ગયું હતું.

થોડા સમય બાદ ઉદાસીનતા અને આનંદના વાતાવરણમાં અમારું મન ઝોલા ખાતું હતું. ત્યાં તો ભાવનગરથી ફોન આવ્યો. મેં ફોન લીધો. એ અવાજ હતો વ્હાલસોયા માતા-પિતાનો. નાનાભાઈ કહે કે, "બેટા જશીબહેન... ૧૯૪૦માં કામ કરતી જુવાન દીકરીને નિવૃત્તી વખતે હું અને તારા બા, તારું અને રઘુભાઈનું સ્વાગત કરીએ છીએ. નિશાળમાં ચાલતી રોજની

શિક્ષક કભી સાધારણ નહીં હોતા પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈં. - ચાણક્ય



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કામગીરીમાંથી તમે હવે મુક્ત થશો. પણ સૌથી પહેલી કામગીરી શું... ખબર છે તને ? ભાવનગર તમે બંને આવતાં ત્યારે બે-ચાર દિવસ રહીને શાળા ચાલુ છે એમ કહીને ભાગી જતા. હવે એ બહાનું નહિ કાઢી શકો ખરું ને ?" હવે રઘુભાઈને ફોન આપો. તેમણે રઘુભાઈ સાથે વાત શરૂ કરી. "રઘુભાઈ હવે જલદી જવાની વાત નહિ કરોને ? તમને ખબર છે ને ? ઘરશાળાના સંચાલન મંડળમાં તમે એક અગત્યના સભ્ય છો. હવે ઘરશાળાને સમય આપવા માટે અમારો અધિકાર અમે ફરી પ્રાપ્ત કરીએ છીએ. પહેલી સપ્ટેમ્બર પછી મળીએ છીએ." બાએ ફરીથી ફોન લઈ કહ્યું કે, "જશીબેન સોળ વર્ષની હતી તે ત્યારથી જ મા-બાપને છોડીને જતી રહી છો. ધરાઈને અમારી સાથે રહેવા આવી જા. આ સમય તને મળશે એથી અમે ખૂબ ખુશ છીએ. તું આવતી હોય એમ લાગે છે" અને બા-એ ફોન પૂરો કર્યો.

એટલીવારમાં વડોદરાથી અરુણનો ફોન આવ્યો. તે બોલી, "મોટી બહેન, દિલ્હીમાં તો તમારી સાથે થોડું જ રહેવાયું પણ હવે નિવૃત્ત થયાં એટલે અમદાવાદથી વડોદરા અમારી સાથે રહેવા આવશો ને ? અમારી નાની મોટી પ્રવૃત્તિમાં તમારો સાથ અમને મળશે." આમ ફોનની પરંપરા જાણે અમારું સ્વાગત કરી રહી હતી. ભાવનગરથી મારા પ્રિય ભાઈ અને મિત્ર ડૉ. દવેનો ફોન આવ્યો કે હવે આપણે મળીશું ત્યારે સમયની મર્યાદા નહિ હોય કેમ ખરું ને ?

પછી તો નજીકના સ્વજનો અને મિત્રોના ફોન આવતા રહ્યા અને અમે વાત કરતાં રહ્યાં. આ ફોનની વાતો પરથી અમારું ભવિષ્ય જાણે અમારી પાસેથી અનેક નાના-મોટાં કામોની આશા રાખે છે એવું અનુભવ્યું. મેં મારા મનને કહ્યું. હે મન ! તારું ભવિષ્ય હજી તો ઘણું ઊજળું છે. બાળકો, સંતાનો, સ્વજનો અને સંસ્થાઓને જે કાંઈ આપી શકાય તેટલું આપવા અમે તૈયાર જ હતા, પરંતુ સૌથી પહેલાં ઘણાં વર્ષોથી દૂર રહેતાં મારા બે વહાલસોયા મારા પુત્ર-પુત્રી પ્રશાંત-ઈરા સાથે જઈને રહેવાનો મેં નિર્ણય કર્યો. વળી, ગીતા-પ્રશાંત એની દીકરીને અમારી પાસે મૂકીને યુ.કે ગયેલાં તે પૌત્રી શિલ્પાને તેના માતા-પિતાને પહોંચાડવાનો સૌથી પહેલા કાર્યક્રમ અમે ઘડ્યો.

આમ ૩૧મી ઓગસ્ટે આખો દિવસ દિલ્હી અને ગુજરાતની વચ્ચે અમે ક્યાં હતાં એની જ અમને ખબર પડતી ન હતી. અમારા મિત્ર જેવા એક શિક્ષકે કહ્યું કે, "હમ સબ દિલ્હીવાલે તો ઉદાસ હૈ ઔર ગુજરાત વાલે ખુશ હૈ. આપને હમારે સાથ કભી પ્રિન્સિપાલ કી તૌરસે કામ નહીં કિયા. આપ દોનોં મેં હમ આચાર્ય ઔર મિત્ર કા દર્શન કરતે રહે હૈ. આપ હમારે હ્રદયમેં હંમેશાં સ્થાન રખ કે જાતે હૈ. અમદાવાદ તો આપકા થા ઔર દિલ્હી કો ભી આપને આપકા બનાયા. હમ આપ કો બડભાગી સમજતે હૈ." આમ બોલતાં શ્રી શર્માની આંખોમાંથી આંસુ સરી પડ્યા.

શાળા પૂરી થવાનો છેલ્લો કલાક હતો. શિક્ષકોએ શુભેચ્છાની સભા યોજી અમારા માટેની ભાવના તથા અઢાર વર્ષના અનુભવો વ્યક્ત કર્યા. તે દિવસે ખ્યાલ આવ્યો કે અમે આ વિદ્યાલયના શિક્ષકોને ઉત્તમ *Team* ટીમ બનાવી શક્યા હતા. આવી ટીમ બનાવવીએ સહેલું કામ નહોતું પણ અમે અમારી જાતને મનમાં ને મનમાં જ આ વાત કરી રહ્યા હતા કે શિક્ષકોની ટીમ બનાવીએ તો જ શાળા બાળકોના હ્રદયમાં સ્થાન મેળવી શકે. અભિમાનથી નહિ પણ ગૌરવથી કહી શકીએ કે એ અમારી એક ઉત્તમ સિદ્ધિ હતી.

## દિલ્હીની અઢાર વર્ષની યાત્રા

નિવૃત્ત બાદ ઇંગ્લેન્ડ રોકાયા. છ મહિના પછી અમે અમદાવાદ આવ્યા. પછી સરસ્વતીના નાના નાના કાર્યક્રમો રચવાની શરૂઆત કરી. આમ સરસ્વતીમાં સમય આપવાની શરૂઆત થઈ ગઈ.

શિક્ષક અર્કવાળો, તર્કવાળો, મધુપર્ક વાળો અને સતત સંપર્કવાળો હોવો જોઈએ. - પૂ. મોરારિબાપુ

એક દિવસે કામમાંથી હળવાશ મેળવી ચા પીતા હતા. એ વખતે 'ઘરશાળા' માસિકના એક યુવાન કાર્યકર માસિકપ્રેમી શ્રી અશોકભાઈ સોમપુરા અમારી પાસે જ બેઠા હતા. અમારી વાતો એ સાંભળતા અને એમના મનમાં ઘણા વિચારો ઘોળાતા હોઈ એમ લાગ્યું. એક વખત મંડળના કાર્યકરો વચ્ચે વાત ચાલતી હતી. આ યુવાન કાર્યકરોની જિજ્ઞાસાનો જાણે અંત આવ્યો હોય એમ તેમણે પૂછ્યું. "રઘુદાદા, આ અઢાર વર્ષ તમે સરસ્વતી વિદ્યાલયથી દૂર રહ્યા તો તમને એમ લાગે છે કે તમારા આટલા દૂર રહેવાથી સરસ્વતીનું સ્તર જળવાયું ન હોય? જરૂરી કાર્યક્રમો ન થયા હોય? એવી લાગણી તમારા મનમાં થાય છે?" યુવાન અને વિવિધ વિષયો ઉપર વિચાર કરવાની ટેવવાળા અશોકભાઈએ પ્રશ્ન પૂછી લીધો. રઘુદાદા હસી પડ્યા. હું પણ ખુશી સાથે હસી પડી. અમારા ગયા પછી મંડળના કાર્યકર અને ઘણાં અંશે મંડળને પોતાનું માનતા અશોકભાઈનો આ પ્રશ્ન ખૂબ સ્વાભાવિક હતો. જેમના હ્રદયમાં સંસ્થાને પોતાની માનવાની ભાવના હોય તે જ આવો પ્રશ્ન પૂછી શકે. આમ તો એમણે વિદ્યામંડળમાં એક દસકો કાઢી નાખ્યો તેથી આ પ્રશ્ન કે અવાજમાં એના પોતાપણાની ભાવનાનો રણકાર અમને સંભળાયો. સ્મરણયાત્રાના ચરણોને સાંકળવા માટે એમનો આ પ્રશ્ન મારે મન ઘણો જ ઉપયોગી બની ગયો. મને એમ લાગ્યું કે અમારા આ અઢાર વર્ષના સમયને સમજવા માટે એક ઉપયોગી બની ગયો. બાળકની જેમ હસીને રઘુદાદાએ અશોકભાઈને પ્રેમથી જવાબ આપ્યો. એમના સ્મિતમાં એક જાતનો સંતોષ પણ હતો. "અશોકભાઈ, દિલ્હીનું કામ એ માત્ર નોકરી ન હતું. એ તો એક શૈક્ષણિક મિશન હતું. જેમાં પૂર્વ-પશ્ચિમની બંને સંસ્કૃતિના સારાં પાસાંને પુનઃજીવન આપવાનું હતું. આ હેતુને સરસ રીતે સમજનાર અને વ્યવહારું એચ. એમ. પટેલે "સરદાર પટેલ વિદ્યાલયનો વિકાસ અને સરસ્વતીની શૈક્ષણિક પ્રણાલિકાને જરાપણ ઊની આંચ પણ ન આવે એ રીતે કાર્ય કરવાની અમને છૂટ આપી હતી. પરિણામે ભાગ્યે જ એવો કોઈ મહિનો જતો કે અમે સરસ્વતીમાં આવીને અઠવાડિયું રહ્યા ન હોઈએ. વળી શ્રી હિંમતભાઈ અને વિઠ્ઠલભાઈએ શાળાના એ મકાનમાં મંડળ માટે એક રૂમ બનાવ્યો હતો. એ રૂમમાં દિલ્હીથી અમે આવતા ત્યારે ત્યાં જ રહેતા જેથી સંસ્થાના વિકાસ માટે ચોવીસે કલાક અને સરસ્વતીના કાર્યકરો સાથે વિચારણા કરી શકતા."

અશોકભાઈ તો આશ્ચર્ય સાથે જાણે આત્મા બની ગયા હોય તેવા લાગતા હતા. વિઠ્ઠલભાઈએ પણ જવાબમાં ઉમેરો કર્યો કે, "અશોકભાઈ, સરસ્વતીની નાની-મોટી એવી કોઈપણ પ્રવૃત્તિમાં રઘુભાઈનું પ્રદાન હંમેશ રહ્યું છે અને એમની દોરવણી નીચેના જ વિચારો પ્રમાણે આ અઢારેય વર્ષ સરસ્વતી આગે કદમ કરતી રહી છે. અશોકભાઈ, આપણે ઘણાં સમયથી સાથે કામ કરીએ છીએ પણ આવી વાતો કરવાનું રહી ગયું છે. રઘુદાદા આગળ ફરી બોલ્યા. "અશોકભાઈ હું ગયો અને સરસ્વતીમાં એક ક્રાઈસીસ ઊભી થઈ જૂની આશ્રમ જેવી શાળાની જમીન ગઈ. આપણે ટક્કર ઝીલી. નવનીતલાલ શેઠ આગળથી આપણને જમીન મળી કારણ કે તેઓ હમહંમેશ આપણી પ્રવૃત્તિ જોતા રહ્યાં. આર. સી. ટેકનિકલ સ્કૂલ સરકારી અંગ હોવા છતાં સરસ્વતી સાથે એમના મૈત્રીભર્યા સંબંધોએ નવાં મકાનમાં જતન પહેલાં સરસ્વતીને જીવતી રાખી. કેમ અશોકભાઈ આ કામો કંઈ સહેલા હતાં? પાસે બેઠેલા એક શિક્ષકે કહ્યું, અરે, "અશોકભાઈ શાળાના નવાં મકાન વખતે તો શ્રી જશીબહેન બે મહિના સુધી અહીં અમદાવાદમાં જ રહેલાં અને દિલ્હીમાં રઘુભાઈ એકલા રહ્યા હતા.

મેં કહ્યું "અમિયાપુરનો પ્રોજેક્ટ (દિલ્હીના "માંડી પ્રોજેક્ટ જેવો) રઘુભાઈનું પોતાનું જ સર્જન છે. અમદાવાદના ગામડાને દત્તક લેવાની વાત રાજકીય

**શિક્ષક સતત શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે. - ટાગોર**

નેતાઓ પાસેથી સાંભળવા ખૂબ મળતી, પણ અમલ ન હતો. જ્યારે આપણે તો અમિયાપુર દત્તક લીધું એ પછાતગામ હતું. પાણીની પણ જોગવાઈ ન હતી. ચોમાસામાં પાણી ભરાઈ જતા મેઈન રોડ પર આવાં ગામડાને દત્તક લેવાનો આખો વિચાર રઘુભાઈનો હતો. મહાત્મા ગાંધીજીને સો વર્ષ પૂરાં થયા તેવે વખતે, એમના સો વર્ષ કેવી રીતે ઉજવવા જોઈએ એવા વિચારમાંથી ભારતદેશના એક ગામડાને દત્તક લેવાનો વિચાર એ સંપૂર્ણપણે રઘુભાઈનો છે. કેમ અશોકભાઈ, અમારી ગેરહાજરી ક્યાં દેખાઈ છે? શાળાના ઉત્સવો, વાલીદિનો એ બધામાં અમારું મિલન હોય જ. અમારી હાજરી હોય જ છેલ્લી વાત એ છે કે અમે જ્યારે જ્યારે વિલાયત ગયા છીએ ત્યારે પણ ત્યાંની શાળાની મુલાકાતોના રિપોર્ટ પણ મોકલ્યા છે અને એ દેશોની કેળવણીની વાતો પણ સરસ્વતી વિદ્યામંડળને લખીને મોકલી છે. એ પ્રવૃત્તિ પણ 'ઘરશાળા' માટે મોકલી છે. મેં તો તમને ત્યાંની વાર્તાઓ પણ 'ઘરશાળા' માટે મોકલી છે. જહોનનો અનોખો પ્રસંગ, મારા ખેતરની માટી, ચોથું સંતાન વગેરે વાર્તાઓ તમને 'ઘરશાળા' માટે મોકલી છે. તેમનાથી બોલાઈ ગયું. હા, બહેન માસિક દ્વારા પણ તમે બંને હંમેશ સરસ્વતીમાં હરતાં-ફરતાં રહ્યા છો.

આમ ૧૯૭૬થી ૧૯૯૪ સુધી નાની મોટી અનેક પ્રવૃત્તિઓનો અનુભવ હું કરી રહ્યો છું અને મારા મનમાં ઊભા થયેલા પ્રશ્નોનો જવાબ મને મળ્યો છે.

વિઠ્ઠલભાઈએ કહ્યું કે રઘુભાઈ જશીબહેન ક્યારેય ગેરહાજર રહ્યા નથી. એટલે જ તો હું ઘણીવાર શ્રી એચ. એમ. પટેલ સાહેબને કહેતો કે, "સરસ્વતીનો આત્મા સ્વદેહે ભલે દિલ્હી આવ્યો પણ અમારી સાથે એ કાયમ સરસ્વતીના મકાનમાં હરતો ફરતો રહ્યો છે.

આમ તે દિવસ પૂરો, મેં પૂછ્યું. "અશોકભાઈ તમને અમારી વાતોથી સંતોષ થયો કે નહિ? આ અઢારેય વર્ષમાં સરસ્વતીના પ્રાણસમા તમે છો એવી લાગણી મને થઈ છે. સ્મરણયાત્રાનું આ પ્રકરણચરણ પણ સરસ્વતીની યાત્રામાં એટલું જ જીવંત હોય એવું મને લાગે છે અને આજે તમારી સાથે બેસીને આ વાતો કરવાનું મારે મન ઘણું ઉપયોગી બન્યું છે." હસતાં હસતાં મેં કહ્યું. અશોકભાઈ તમારા માટે તો આ ઉપયોગી બન્યું એની સાથે અમારા માટે પણ ઉપયોગી બન્યું છે કારણ કે અમે અઢાર વર્ષ ઉપર નજર નાંખી શક્યા.

વિઠ્ઠલભાઈએ ઊભા થઈને અશોકભાઈનો ખભો થાબડ્યો અને કહ્યું કે તમે પત્રકાર ખરાં ને? એટલે સરસ્વતીના આ અઢાર વર્ષને જોડી દેવામાં ખરું ચાતુર્ય બતાવ્યું. તમારી નિષ્ઠા કામ ઉપર તમારી ઊંડી સૂઝ દેખાયા વગર રહેતી નથી. આટલી નાની વયે તમે સારી ઊંચાઈ સુધી પહોંચી શક્યા એ માટે તમને અભિનંદન છે.

અશોકભાઈ હસીને બોલ્યા કે આ ચાતુર્ય નથી પણ મારી જિજ્ઞાસા છે. કામમાં ઓતપ્રોત થવાના મારા સ્વભાવને લીધે કદાચ આમ બન્યું હશે. કુદરતી રીતે સ્મરણયાત્રાનું આ ચરણ એક મહત્ત્વનું ચરણ બની ગયું.

અઢાર વર્ષની યાત્રાને વાગોળતાં વાગોળતાં અમે સૌ છૂટા પડ્યા.

## સુવર્ણ ઉત્સવને અપાતો આકાર

૧૯૭૬થી ૧૯૯૪ સુધી સરસ્વતીના અનેક કાર્યક્રમો કરવામાં સંસ્થાના બીજા કાર્યકરો સાથે ઓતપ્રોત બની જતા તો કોઈવાર ચાર છ મહિના અમારો દીકરો પ્રશાંત અને દીકરી ઈરા પાસે જઈને તેમનાં સંતાનો સાથે કુટુંબના સભ્યો સાથે પ્રેમનો અનુભવ કરવાનો લ્હાવો લેતા. આમ કુટુંબ અને સંસ્થા બંનેનો પ્રેમ અનુભવતા. આમ ૧૯૯૪ની સાલમાં અમે આવી પહોંચ્યાં.

સાંજનો સમય હતો. રઘુભાઈ, વિઠ્ઠલભાઈ અને હું બીજી શાળાના બે-ત્રણ આચાર્ય સાથે બેઠા હતા.

**શિક્ષક એટલે મૂલ્યોનો રખેવાળ, દ્યોતક અને ચારિત્ર્ય દ્વારા ચારિતાર્થ કરનાર આચાર્ય. - વિનોબા ભાવે**

સરસ્વતીની બંને મકાનોની હારમાળાને સાંકળતાં સ્ટેજ ઉપર ખુરશીઓ નાખીને વાતો કરવાની એક ઓર મજા રહેતી. સાથે સાથે બીજા બે-ચાર સભ્યો પણ હતા. આ બેચાર સભ્યો માત્ર સરસ્વતીના કાર્યકરો જ નહિ પણ સરસ્વતીના પ્રિય પાત્રો હતા. ખાનગીમાં આ ચાર પાંચ કાર્યકરો પોતાની આ મંડળીનું નામ સ્વયંસેવક મંડળી પાડ્યું હતું. તે લોકો પણ અમારી સાથેના મિલનમાં જોડાઈ ગયા. આમ અમે જ્યારે બેઠા હોઈએ ત્યારે સંસ્થામાં કંઈ નવી પ્રવૃત્તિઓ કરી શક્યા એવી જ વાતો ચાલતી. આમ વાતો કરતા થોડો સમય પસાર થયો ત્યાં તો સ્વયંસેવક મંડળીમાંથી એક ભાઈ બોલ્યા, "રઘુદાદા, જશીબહેન, વિઠ્ઠલભાઈ ખાસ વાત કહેવાનું મન થાય છે." મેં કહ્યું, "બોલો, આ તો આપણી વિશિષ્ટ સભા છે. ભલે તે આપણી એક ખાસ સભા ન હોય." અમે તો સભ્યોની વાત તરફ ધ્યાન આપ્યું. એ સ્વયં સેવકના મંડળીમાંના બેત્રણ સભ્યો જૂના વિદ્યાર્થી હતા. વિઠ્ઠલભાઈ હસી પડ્યા. તેઓ બોલ્યા કે મને ખબર છે કે તમે શું કહેવા માંગો છો. એક ભાઈ બોલ્યો. "૧૯૯૪ની સાલ માટે હું વાત કરવા માગું છું. રઘુભાઈ આપણી સંસ્થાને ૧૯૯૪માં પચાસ વર્ષ પૂરાં થાય છે. આપણે શું કરીશું ? બેઠેલા સૌનું ધ્યાન આ નવા સમાચાર ઉપર કેન્દ્રિત થયું. પચાસ વર્ષની ઊજવણી માટે શું કરી શકાય તે સૌના મનમાં વિચારો આવવા લાગ્યા. સૌથી પહેલા વિઠ્ઠલભાઈએ બધાના વિચારો લખવા માંડ્યા. રઘુભાઈ કહે કે, "ખૂબ મોટું ભંડોળ એકઠું કરીને સંસ્થાને ખૂબ સલામત બનાવીને કાયમી રાહત કરી દઈએ. વિઠ્ઠલભાઈ કહે કે તો પછી સુવેનિયર અને જાહેરખબર પણ મેળવીએ. કોઈ ૫૦,૦૦૦ આપનાર મિત્ર કે શુભેચ્છક મળે તો પુસ્તકાલય લેબોરેટરી વગેરેને નામો પણ આપી શકાય. એક આચાર્ય બોલી ઉઠ્યા કે, "સારું ભંડોળ ભેગું થાય તો અમારી શાળાના મકાનોને પણ સુંદર કરી શકાય. શૈક્ષણિક સાધનો પણ વસાવી શકાય." રઘુભાઈ બોલ્યા, "અહીંયા બેઠેલા બધા આચાર્યોને હું એમ કહી શકું કે તમે તો ત્રણેય એવી સરસ સ્થિતિમાં છો કે રોજરોજ હજાર-હજાર વિદ્યાર્થીઓના સંપર્કમાં હોવાથી શાળાને કોણ વધારે આર્થિક સહાય આપી શકે એની પણ તમે જાણમાં હો છો. કેવી રીતે આવા વાલીઓને મળીને સમજાવીને સંસ્થાને માટે ફંડ ઊભું કરી શકો. તો આપણે ફંડ માટે બહાર જવું પડે નહિ. એ તમારા સૌના ઈનીસેટિવ ઉપર આધાર રાખે છે. આમ સંસ્થાની સુવર્ણ જયંતી ઉજવવા માટેના મહત્ત્વના વિચારોમાં અમે સૌ ગુંથાવા લાગ્યા. થોડીવાર પછી વિઠ્ઠલભાઈએ મને પૂછ્યું કે જશીબહેન તમે કેમ કંઈ બોલતા નથી. આપણી સંસ્થાને શોભે એવી રીતે આ પચાસ વર્ષ ઉજવવા શું કરીશું ?

મેં મારી શાંતિ તોડી કહ્યું. "કવિ નાનાલાલની પેલી કવિતા છે ને ? પચાસ-પચાસ દિવાઓ પ્રગટાવો - ઘંટારવ વગડાવો આજે ઉત્સવ છે પચાસ વર્ષનો" મને તો કવિ નાનાલાલની આ કવિતા મનમાં યાદ આવી ગઈ. હું તો ૫૦ દિવાઓ જોવા લાગી. ઘંટારવ સાંભળવા લાગી. જાણે ઉત્સવ શરૂ થયો હોય એમ મને લાગ્યું એટલા માટે હું શાંત હતી. હું ચૂપ નહોતી. કેવું છે આપણું આ જીવન ! ગઈ કાલે જ જાણે ૧૯૯૪માં માધુભાઈ મિલ કમ્પાઉન્ડમાં ચાલતી સરસ્વતીને જોવા આવ્યા હતા તે યાદ આવી ગયુ કેવુ હતું. એ કમ્પાઉન્ડ જયાં લોખંડના ટુકડા, રૂના કટકાં પડ્યા રહેતા. કાળા કોલસાઓનું જાણે સામ્રાજ્ય હતું. આ કમ્પાઉન્ડ અને મકાન જાણે સરસપુરની ગરીબાઈનું પ્રતીક હતું. શરૂ શરૂમાં તો પ્રેમાળ માતા-પિતાને છોડીને શાંત અને રૂપાળું ભાવનગર છોડીને અહીં કેવી રીતે કામ થશે ? ભાવનગરની શામળદાસ કૉલેજના વિશાળ અને મોટા પથ્થરોથી બંધાયેલા મકાનો, સફેદ મંદિર, એ આખુંય ભાવનગર નજર સમક્ષ આવી ખડું થઈ ગયું, પરંતુ આ લત્તાની દરિદ્રતા અને કરુણતા માનવ જીવન તરફનું એક અટ્ટહાસ્ય જાણે સંભળાતું. દેશના જુદા જુદા ખૂણેથી

**શિક્ષક તો સાધુ, જ્ઞાની અને મા ત્રણેયની ભૂમિકામાં હોય છે. - વિનોબા ભાવે**

આવીને વસેલા મજૂરો અને બાળકો કોલસાના કાળા રંગથી રંગાયેલા કપડાંમાં તેમને જોતા હૃદય રડી પડતું. આ ભયાનક દરિદ્રતાને વધારે બિહામણી બનાવતા મિલોના ભૂંગળાના કર્કશ અવાજો અને એ કર્કશ અવાજોની સાથે સાથે નીકળતો કાળો ધૂમાડો અને લાલ જવાળાઓ જોતાં જોતાં આંખો બંધ કરી દેવાનું મન થતું આમ હું તો ભૂતકાળમાં થોડી મિનિટો ખોવાઈ ગઈ.

રઘુભાઈએ મને પૂછ્યું કે શા વિચારમાં પડી ગયા છો. મેં કહ્યું "૧૯૭૪માં માધુભાઈ મિલના કમ્પાઉન્ડમાં આવેલી સરસ્વતીમાં તમે લઈ આવેલાં એ ચિત્ર આંખ સામે ખડું થઈ ગયું. હું તો ભૂતકાળમાં પહોંચી ગઈ. મિલના ભૂંગળાના કર્કશ અવાજો અને કાળાં ધૂમાડા ફરી મારા સ્મરણોમાં આવી પહોંચ્યા. ક્યાં ભાવનગર ને ક્યાં સરસપુર ? એવો પ્રશ્ન મનમાં થતો હતો. કેવો હતો એ વિરોધાભાસ એ દરિદ્રતાનું કરુણ દૃશ્ય મારા સ્મૃતિપટ ઉપરથી હજી હું ભૂંસી શકી નથી."

"એ પરિસ્થિતિ જ તમને ભાવનગર છોડીને અહીં આવવા પ્રેરી રહી હતી. તમારી એ ભાવનાને મેં જ્યારે સમજી ત્યારે આ ભૂંગળાઓની વચ્ચે રહેવાનું પસંદ કર્યું હતું.

રઘુભાઈ કહે કે, "આજે તો સ્થિતિ બદલાઈ છે. ૫૦ વર્ષ વીતી ગયાં છે. દરિદ્રતા અને દુઃખથી ભરેલું સરસપુર આજે બદલાઈ ગયું છે. સરસપુરના દરેક લત્તામાં આપણાં વિદ્યાર્થીઓ છવાઈ ગયા છે. આ લત્તાને બદલવામાં બીજા ઘણાં લોકોનો ફાળો છે પરંતુ શૈક્ષણિક રીતે આ લત્તાને આગળ લાવવામાં આપણી દેન ઘણી છે. સારી નોકરીઓ, નાના મોટા વેપારીઓ, વકીલો, ડૉક્ટરો, શિક્ષકો, ઉચ્ચ કેળવણીની ડિગ્રી પ્રાપ્ત કરવા આ બધા નાગરિકોને સરસ્વતીએ પ્રેરણા આપી છે. હવે જશીબહેન, વર્તમાનમાં પાછા આવો. આપણે તો હવે સફેદ કપડાં પહેરીએ અને તે મિલના ધૂમાડાથી કાળા ન થાય તેવા જમાનામાં આવી ગયા છીએ. ભૂંગળા ઈલેક્ટ્રિકવાળા થયા છે તેથી ધૂમાડા ઓછા થયા છે.

ભૂતકાળ અને વર્તમાનમાં બહુ મોટો ફરક છે. રઘુભાઈ અને વિઠ્ઠલભાઈ હવે જૂના લાગણીભર્યા સામ્રાજ્યમાંથી મને વર્તમાનની તંદુરસ્ત પરિસ્થિતિમાં લઈ આવ્યા. રઘુભાઈ કહે કે, અજ્ઞાનતામાંથી જ્ઞાન તરફ લઈ આવનાર આ સંસ્થા આજે પચાસ વર્ષ પૂરાં કરે છે એ તો ખૂબ ગૌરવ માણવાની પરિસ્થિતિએ આપણે પહોંચ્યાં છીએ." કાર્યક્રમ કેવી રીતે કરવો તે હવે વિચારીએ.


મેં કહ્યું કે, એક મંડળી ભંડોળ ભેગું કરવાની જવાબદારી લે. તેને માટેની યોજનાઓ ઘડે તો બીજી મંડળી બીજા કાર્યક્રમોનો વિચાર કરે. હસતાં હસતાં રઘુભાઈ કહે કે તમારી મંડળી કઈ છે ? મેં કહ્યું કે, "મારી મંડળી એટલે સંગીત મંડળી." મારી મંડળીના સભ્યો એટલે છએય શાળામાં રંગભૂમિ પર આવતા પાત્રો." તમારી વાત બરાબર સમજાતી નથી, રઘુભાઈએ સવાલ પૂછ્યો. 'ન સમજાઈ ?' જુઓ મારા મનમાં એમ છે કે સંસ્થાને જ્યારે પચાસ વર્ષ પૂરા થતાં હોય ત્યારે આપણે એવી ઉજવણી કરવી જોઈએ કે શાળાના ૯૦ ટકા બાળકોને પચાસ વર્ષ પૂરા કર્યાનું ગૌરવ થાય. છએ શાળાનાં બાળકો શાળાની રંગભૂમિને શોભે એવું નાટક પસંદ કરે. તેમાં સરસ સંગીત પણ આવતું હોય. રંગભૂમિ પર નાટકો કરતાં દરેક બાળકને વાલી જોઈ શકતો હોય અને ગૌરવ અનુભવી શકતો હોય તેથી મારા વિચારો પ્રમાણે દરેક શાળા એક મોટો નાટકોત્સવ કરે અને એવો અનુભવ કરે કે આ પચાસ વર્ષનો ઉત્સવ એ એમનો ઉત્સવ છે. "પણ, આ છયે શાળાના નાટકોને તમે પહોંચી શકશો ?" હું હસી પડી. હું બોલી, "જ્યારે જેને કામનો થાક નથી લાગતો તેને માટે કરી શકવાની શક્યતા ને માટે કોઈ પ્રશ્ન નડતો નથી તેથી આ મારા વિચારને તમારા સૌનો ટેકો મળે તો હું આ

(અનુસંધાન પૃષ્ઠ ૨૧ ઉપર)

**શિક્ષકમાં શૈક્ષણિક ક્ષમતા સાથે જીવન પ્રત્યેનો ઉચ્ચ આદર્શપૂર્ણ અભિગમ પણ હોવા જોઈએ. - સરદાર પટેલ**

# માનવતા ઘડતરનું કેન્દ્ર એટલે ગાંધીજીનું ટોલ્સ્ટોય ફાર્મ

હીરજીભાઈ નાકરાણી



મો. ૯૧૦૬૦૭૭૦૭૬

(ગતાંકથી શરૂ)

અહીં સત્યાગ્રહીઓના બાળકોના શિક્ષણનો પ્રશ્ન આવ્યો એટલે નિશાળ તો જોઈએ જ. આ કામ સૌથી મુશ્કેલ માલૂમ પડ્યું. શિક્ષણના બોજાનો મુખ્ય ભાગ મિ. ક્લેનબેક અને ગાંધીજીએ પોતે ઉપાડ્યો. નિશાળ બપોરે જ ચલાવી શકાય તેમ હતું. ગાંધીજી લખે છે, "અમે બંને મજૂરી કરીને ખૂબ થાક્યા હોઈએ, નિશાળિયા પણ થાકેલા જ હોય એટલે ઘણી વખત વર્ગમાં તેઓ ઝોલા ખાય અને અમે પણ તેમની અને અમારી આળસ ભાંગીએ પણ તે કેટલીક વખત નિરર્થક જતું હતું. જે આરામ શરીર માગે તે લીધે જ છોડે. આ તો એક અને નાનામાં નાનું વિઘ્ન વર્ણવ્યું કેમકે એમ ઝોલાં ખાવાઈ જતાં છતાં વર્ગ તો ચાલતા જ પણ તમિલ, તેલુગુ અને ગુજરાતી. આમ ત્રણ ભાષા બોલવાવાળાને શું અને કઈ રીતે શીખવાય ? માતૃભાષા વાટે શીખવવાનો લોભ ખરો જ. તામિલ થોડું ઘણું હું જાણું. તેલુગુનો તો અક્ષર સરખોયે નહીં. આવી સ્થિતિમાં એક શિક્ષક શું કરે ? જે યુવકો હતા તેમાંથી કેટલાકનો શિક્ષક તરીકે ઉપયોગ કર્યો. તે પ્રયોગ સફળ થયો ન ગણી શકાય. ભાઈ પ્રાગજીનો ઉપયોગ તો થતો જ હતો. યુવકોમાંના કેટલાંક ખૂબ તોફાની અને આળસુ હતા. ચોપડી સાથે તો હંમેશાં લડાઈ જ કરે, આવા વિદ્યાર્થી શિક્ષકને શાના ગાંઠે ? વળી મારું કામ અનિયમિત હતું. મારે જરૂર પડ્યે જોહાનિસબર્ગ જવું પડતું. તેવું જ મિ. ક્લેનબેકનું હતું.

બીજી મુસિબત ધાર્મિક શિક્ષણની હતી. મુસલમાનોને કુરાન શીખવાનો તો લાભ રહે જ. પારસીને અવેસ્તા શીખવવાની ઈચ્છા થાય, એક ખોજાનો બાળક હતો તેને ખાસ ખોજા પંથની નાનકડી પોથી હતી તે શીખવવાનો બોજો તેના પિતાએ મારે માથે મૂક્યો હતો. મેં મુસલમાની અને પારસી પુસ્તકો ભેગા કર્યા. હિન્દુ ધર્મના તત્ત્વો મને સમજાય તેટલા લખી કાઢ્યા - મારાં જ બાળકોને અંગે કે ફાર્મમાં જ એ હું ભૂલી ગયો છું. મારી પાસે જો એ વસ્તુ હોત તો હું મારી પોતાની પ્રગતિ કે ગતિના માપને અર્થે તે અહીં છાપી નાખત પણ આવી વસ્તુઓ તો ઘણીયે મેં મારી જિંદગીમાં નાખી દીધી છે કે બાળી નાખી છે. એ વસ્તુઓને સંઘરી રાખવાની આવશ્યકતા મને જેમ જેમ ઓછી જણાતી ગઈ અને જેમ જેમ મારો વ્યવસાય વધતો ગયો તેમ તેમ મેં આવી વસ્તુઓનો નાશ કર્યો મને તેનો પશ્ચાતાપ નથી. એ વસ્તુઓનો સંગ્રહ મને બોજારૂપ ને બહુ ખર્ચાળ થઈ પડત. તેને સાચવવાના સાધન મારે ઉત્પન્ન કરવાં પડત. એ મારા અપરિગ્રહી આત્માને અસહ્ય થાત.

પણ શિક્ષણનો પ્રયોગ વ્યર્થ ન ગયો. છોકરાંઓમાં કદી અસહિષ્ણુતા નહોતી આવી. એક બીજાના ધર્મ પ્રત્યે ને એકબીજાના રીત રિવાજો પ્રત્યે ઉદારતા શીખ્યા. તેઓ બધા સગાભાઈની જેમ રહેતાં શીખ્યા. એકબીજાની સેવા કરતા શીખ્યા, સભ્યતા શીખ્યા, ઉદ્યમી થયા અને આજ પણ તે બાળકોમાંના જેમની પ્રવૃત્તિની મને કંઈયે ખબર છે તે ઉપરથી હું જાણું છું કે તેઓએ ટૉલ્સ્ટૉય ફાર્મમાં જે મેળવ્યું તે નિરર્થક નથી ગયું. અધૂરો તો પણ એ વિચારમય અને ધાર્મિક પ્રયોગ હતો અને ટૉલ્સ્ટૉય ફાર્મના અત્યંત મીઠાં સ્મરણોમાં આ શિક્ષણના પ્રયોગોના સ્મરણો ઓછાં મીઠાં નથી.

શિક્ષણ માટે જે વર્ગ ગાંધીજીને ફાળે આવ્યો હતો તેમાં સાતેક વર્ષના બાળકો અને બાલિકાઓથી માંડીને વીસ વર્ષના જુવાનિયા અને બાર-તેર વર્ષની બાળાઓ પણ હતી. કેટલાક છોકરાં જંગલી ગણી શકાય તેવા હતા જે ખૂબ તોફાની પણ હતા.

મને લાગે છે કે વિશ્વમાં બીજો કોઈ એવો વ્યવસાય નથી જે સમાજમાં શિક્ષક કરતાં વધારે મહત્ત્વનો હોય. - ડૉ. કલામ



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આ ઉંમરે ભેળસેળિયા સંઘને શું શીખવવું ? બધાના સ્વભાવને કેમ અનુકૂળ થવાય ? અને કઈ ભાષામાં વાત કરવી ? તે મૂંઝવતો પ્રશ્ન બની ગયો. વર્ગમાં રહેલા તામિલી અને તેલુગુ છોકરાં કાં તો તેમની માતૃભાષા સમજે અથવા તો અંગ્રેજી, થોડું ડચ પણ જાણે. ગાંધીજીએ તો અંગ્રેજીથી જ કામ લેવાનું રહ્યું હતું. ગુજરાતી જોડે ગુજરાતીમાં અને બાકીના જોડે અંગ્રેજીમાં એમ બે વિભાગ પાડ્યા. મુખ્ય ભાગે તેઓને કંઈક રસિક વાતોથી તેઓને એક સાથે બેસતા મિત્રભાવ અને સેવાભાવ કેળવતા કરી મૂકવા એટલો ઉદ્દેશ રાખ્યો હતો. થોડું ઈતિહાસ ભૂગોળનું સામાન્ય જ્ઞાન આપવું ને થોડું લખતા શીખવવું, કેટલાકને ગણિત શીખવતા. આમ ગાંધીજી પોતાનું ગાડું ગબડાવતા હતા. પ્રાર્થના માટે કેટલાક ભજન શીખવતા. તેમાં તામિલ બાળકોને પણ ભળવા લલચાવતા.

બાળકો અને બાળાઓ છૂટથી સાથે બેસતાં હતાં. ટૉલ્સ્ટૉય ફાર્મમાં ગાંધીજીનો આ પ્રયોગ વધારેમાં વધારે નિર્ભય હતો. કહે છે કે જે છૂટ હું ત્યાં આપી શક્યો તેમજ કેળવી શક્યો હતો તે છૂટ આપવાની કે કેળવવાની મારી હિંમત પણ આજે ન ચાલે. તે વેળા મારું મન આજ છે તેનાં કરતાં વધારે નિર્દોષ હતું એમ મને લાગ્યા કર્યું છે. આનું કારણ મારું અજ્ઞાન હોઈ શકે. ત્યારબાદ હું ડંખાયો છું. મને કડવા અનુભવો થયા છે. જેને હું છેક નિર્દોષ સમજતો હતો તે દોષિત નીવડ્યા છે. મારામાં પણ મેં ઊંડે ઊંડે વિકારો ભાળ્યા છે. તેમનું મન રાંક બન્યું છે.

મને મારા પ્રયોગ વિશે પશ્ચાતાપ નથી. એ પ્રયોગને લીધે તો કંઈજ ખરાબી નથી થઈ એમ પણ મારો આત્મા સાક્ષી પૂરે છે, પણ જેમ દૂધનો દાઝ્યો છાશ ફૂંકી ફૂંકીને પીએ છે તેવું મારા વિશે પણ થયું ગણી શકાય. મનુષ્ય શ્રદ્ધા કે હિંમત બીજા પાસેથી ચોરી નથી શકતો. શંસયાત્મા વિનશ્યતિ ટૉલ્સ્ટૉય ફાર્મમાં મારી હિંમત અને શ્રદ્ધા પરાકાષ્ઠાએ પહોંચેલા હતા. એ શ્રદ્ધા અને હિંમત ફરી આપવા હું ઈશ્વરને વીનવી રહ્યો છું પણ તે સાંભળે ત્યારે ને ! તેની પાસે તો મારા જેવા અસંખ્ય ભિખારીઓ છે તેમ તેને અસંખ્ય કાન પણ છે, એટલે તેના ઉપર મારી શ્રદ્ધા પૂરી છે. જ્યારે હું યોગ્ય બનીશ ત્યારે તે મારી અરજ સાંભળશે એમ પણ હું જાણું છું.

ગાંધીજી ખૂબ નિખાલસ ભાવે લખે છે, લુચ્ચા ગણાતા છોકરાંઓને અને નિર્દોષબાળાઓને હું સાથે નહાવા મોકલતો. બાળકોને મર્યાદાધર્મ વિશે ખૂબ સમજાવ્યું હતું. મારા સત્યાગ્રહથી તેઓ બધા પરિચિત હતા. મારો તેઓના પ્રત્યેનો સ્નેહ મા ના જેટલો જ હતો એમ હું જાણતો જ હતો અને તે છોકરાંઓ પણ માનતા હતા.

પાણીનો ઝરો રસોડાથી થોડો દૂર હતો. ત્યાં આવો સંગમ થવા દેવો ને નિર્દોષતાની આશા રાખવી ! મારી આંખ તો જેમ માની આંખ દીકરીની પાછળ ફર્યા જ કરે તેમ પેલી બાળાઓની પાછળ જ રહેતી. વખત નિમાયેલ હતાં. નહાવા બધા છોકરાંને બધી છોકરીઓ સાથે જતાં. સંઘમાં એક પ્રકારની સુરક્ષિતતા રહેલી છે તે અહીં હતી. ક્યાંયે એકાંત તો ન જ હોય ઘણે ભાગે એજ વખતે હું તો પહોંચેલો જ હોઉં.

ખુલ્લી ઓસરીમાં બધા બાળકો સૂતા, બાળાઓ મારી આસપાસ પડ્યા હોય. બે પથારી વચ્ચે ભાગ્યે જ ત્રણેક ફૂટનું અંતર હોય .પથારીના ક્રમમાં સાવધાની હતી ખરી છતાં દોષિત મનને એ સાવધાની શું કરી શકે ? બાળાઓ અને બાળકો આવા નિર્દોષપણે સાથે ભળી શકે એવી માન્યતાથી ગાંધીજીએ આ પ્રયોગ કર્યો. મા-બાપોએ તેમના પર અનહદ વિશ્વાસ મૂકી તે પ્રયોગ કરવા દીધો.

થયું એવું કે એક જુવાનિયાએ એક બાળાની મશ્કરી કરી જેની જાણ એક બાળકે ગાંધીજીને કરી. લખે છે હું ધ્રૂજ્યો. મેં તપાસ કરી વાત ખરી નીકળી. જુવાનિયાને સમજાવ્યું પણ એટલેથી બસ ન હતું. બંને બાળાઓના શરીર ઉપર મેં એવું ચિહ્ન ઇચ્છ્યું કે જેથી દરેક યુવક સમજી શકે અને જાણે કે એ બાળાઓ ઉપર કુદૃષ્ટિ કરાય જ નહીં.

(અનુસંધાન પૃષ્ઠ ૧૮ ઉપર)

**શિક્ષકોનો પક્ષ હારી બેસશે તો જગતની સંસ્કૃતિ નામશેષ થઈ જશે. - કાકાસાહેબ કાલેલકર**

# શિક્ષણના સિતારા

ડૉ. ઈશ્વર પરમાર
દેવભૂમિ દ્વારકા.



વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે "શિક્ષણના સિતારા" પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે "શિક્ષણના સિતારા"ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.

## અખંડ શિક્ષક

આકાશે પોતાનાં અંત વગરનાં અંગ પર વીજરેખાઓ દોરી-ભૂંસીને દરિયાને જાણે ચાનક ચડાવી અને એય માંડ્યો ધૂણવા ને ઘૂઘવવા. એના અંત વગરનાં અંગ પર હાલકડોલક થતી નાવડીની એણે ક્યાં કાળજી લીધી ? નાવડીમાંની યુવાન વિધવાએ એ હોડીમાંનાં પોતાનાં પાંચ બાળકોને બચાવી લેવા ઈશ્વરની ઓથે વીજરેખા જેવો જ આકરો નિશ્ચય કર્યો. છેવટે હાલકડોલક નાવડીને કિનારે લીધી - પાંચેય બાળકોને પડખામાં લઈને.

બાળકો પગભર થયાં ત્યાં લગી કાળી મજૂરી કરી એના ઊજળા વિચાર આપ્યા. બસ, આટલી મૂડી આપીને એ ગરીબ માતાએ-રેવાબહેને-પોતાના તરુણ વયના એક દીકરાને કૌટુંબિક સગપણને નાતે નાનાભાઈને સોંપ્યો : "ભૈ, આને ભણાવજો અને કેળવજો."

નાનાભાઈની સહજ શીખ તરુણને હૈયે તીરની જેમ ખૂંચી ગઈ : 'જુઓ, મૂળશંકર, અહીં એકલું ભણવામાં હોંશિયાર થવાનું નથી, પ્રમાણિક પણ થવાનું છે.' સમય જતાં 'હોશિયારી' અને 'પ્રમાણિકતા'ને તેની વિશાળ વ્યંજના સહિત પચાવી જઈને એણે અખંડ સાધના કરી. પોતાનો પરમ સંતોષનો સૂર અનંત સૂર સાથે સંયોજી દીધો. એ દિવ્ય સૂરોથી આકારિત મૂળશંકરપણું અમિટ છે. એ એક એવો મૂર્તિમંત આદર્શ છે જે આજની ખંડિત સ્થિતિમાં આપણને અખંડ શિક્ષકત્વ તરફ દોરી જાય છે.

મૂળશંકરભાઈ અખંડના એવા તો આરાધક હતા કે એમનું વ્યક્તિત્વ નિરાયાસ અખંડ થઈ રહ્યું. સ્પેશલિઝેશન-વિશિષ્ટ છતાં એકાંગી સિદ્ધિના મોહમાં વ્યક્તિત્વ ખંડિત થઈ જાય છે. કોઈ શિક્ષકનું નિયત વિષયના જ નિષ્ણાત હોવું, શિક્ષણની પદ્ધતિઓમાં જ પારંગત હોવું, ચોક્કસ વય-જૂથનાં બાળકોની જ વિકાસ-તરહના અભ્યાસી હોવું, કેવળ કલમધર હોવું, નિયત સમય પૂરતા જ શિક્ષક હોવું આ બધી બાબતો ઈચ્છનીય જરૂર છે પરંતુ આટલું પૂરતું ગણી શકાય નહીં. આરાધન તો અખંડત્વનું જ હોય. એ દિશામાં જીવનસફર કરીને મૂળશંકરભાઈ એક અખંડ શિક્ષક તરીકેની છાપ અનાયાસ આપણા ચિત્ત પર પાથરી ગયા છે.

એમ લાગ્યા વિના રહેતું નથી કે એમની અખંડતાના પાયામાં રહ્યું છે સંગીત. સંગીતમાં ક્યાં એક જ સૂર હોય છે ? સાતેય સૂરોનું સંયોજન કેવું પ્રસન્નકર હોય છે ! સંગીતના અધિકારી સાધક મૂળશંકરભાઈને અખંડતા વરે એમાં શી નવાઈ ? એમની વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ સંગીત-શિક્ષક તરીકે થયેલો, આથી એમનું અધ્યાપન પણ સંગીત જેવું પ્રભાવી અનુભવાયું. શિક્ષણની સિતાર માટે

શિક્ષક ચેતનાનો માળી છે. - ઉમાશંકર જોષી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પ્રેમની જિવાળી; એમના વિના કોણ પ્રયોજે આ અલંકાર !

સિતારાની મીંડની મસ્તી મૂળશંકરભાઈને વિસામો આપતી, તાજગી આપતી, પરમની સંગત આપતી. એમનું ગાનું પણ ગવાયા પછી ગૂંજ્યા કરતું. ન જાગતા આતમરામને મૃદુતાથી ટપારતા એમના સ્વરો શ્રોતાઓના કાનમાં હજુય પડઘાય છે.

સંગીતે એમના જીવનને-સવિશેષ શિક્ષણને સંવાદ આપ્યો જણાય છે. આથી જ એમના વિચારોમાં તત્ત્વ અને તાલનો મેળ થવા પામ્યો છે. વિવિધ બાબતે એમના વ્યક્ત વિચારો પણ સંગીતની જેમ ધીમે ધીમે ભાવકને વીંટે છે, ચિત્તમાં ઝમે છે, પરિપ્લાવિત કરે છે અને પરમ સંતોષનો અનુભવ આપે છે. બાળકોને તો આ અનુભવ અનાયાસ થવા પામતો હોય છે.

મોટી ઉંમરના બાળકો-તરુણો કે યુવકો સાથે સફળતાપૂર્વક કામ પાર પાડનારા મૂળશંકરભાઈએ શિશુ-અવસ્થાનાં લક્ષણો-સમસ્યા-ઉકેલો અંગે ઊંડું ચિંતન કરેલું હોવું જોઈએ. પુખ્ત વયની વ્યક્તિ વર્તનસમસ્યાનાં મૂળ તો શૈશવમાં જ રહેલાં હોય છે ને ? એમણે શિશુનું શિશુની નજરે અને પોતાની પુખ્ત નજરે અવલોકન કર્યું, સિદ્ધાંતો તારવ્યા અને વ્યવહારમાં વિનિયોગ કર્યો. ગૃહપતિ અને શિક્ષક તરીકેની તેમની સફળતાના મૂળમાં તેમનો શિશુપ્રેમ રહ્યો છે. તેમને બાળકોને જીતવાનું કળા સિદ્ધત હતી. એમ કહેવા લાલચ થઈ આવે છે કે ભાવિ શિક્ષકોને કોઈ ચોક્કસ વય-જૂથના વિકાસાત્મક મનોવિજ્ઞાનનો નહીં પરંતુ શૈશવ સહિતના અખંડ વિકાસનો ખ્યાલ આપવો જોઈએ.

શિશુપ્રેમે તો મૂળશંકરભાઈને કેટલાય પરિવારોમાં પ્રવેશ અપાવ્યો હતો, એમણે શિશુ સંદર્ભે ઊંડું ચિંતન કર્યું અને પરિભાષા પ્રયોજ્યા વિના પોતાના આચરણ અને અનુભવથી બળૂકી પોતાની ભાષામાં એ વ્યક્ત કર્યું. બાળકોની વર્તન સમસ્યાનાં મૂળ માવતરમાં હોવાનું એમણે શોધી કાઢ્યું. એમના મતે બાળક જગતમાં પ્રવેશ કરતા પહેલાં સેવાવું જોઈએ, તેને સમાજમાં જવા તૈયાર કરવું જોઈએ, તેને ઘરમાં વિકાસાત્મક પ્રવૃત્તિઓ અપાવી જોઈએ, બાળમંદિર એ ઘરની અવેજી સંસ્થા નથી જ નથી.

બાળકોનાં તોફાનોમાં મૂળશંકરભાઈને વિકૃતિ દેખાઈ નથી; એમાં તો એમણે બાળક દ્વારા પોતાની ધરી પર ફરવાનો પ્રયાસ માત્ર જોયો છે, નૂતન શક્તિનું પ્રાકટ્ય જોયું છે અને સલાહ આપી છે કે ગંભીર જોખમ વખતે જ તોફાની બાળકોને ડિસ્ટર્બ કરવા ! આ સંદર્ભે એમણે માવતરોને સૂચવ્યું છે કે બાળકને આપેલ વચન પાળવું જોઈએ, વર્તન એકધારું રાખવું જોઈએ, બાળકો પાછળ થોડોઘણો વખત આપવો જોઈએ.

મૂળશંકરભાઈના બાળપ્રેમનું ક્રિયાશીલ પાસું છે વાર્તાકથન અને લેખન અખંડત્વની ખૂબી જ એ છે કે એ ભૌમિતિક ચોકઠામાં સંકડાશ અનુભવે ને જરૂરત મુજબ વળાંક-વળોટ લે. વાર્તાલેખન ઉપરાંત કથન અંગે પણ તેનો ઊંડાણથી વિચારવા પ્રેરાયા હતા. વાર્તાઓ દ્વારા બાળકનો જગતમાં પ્રવેશ થતો હોઈ માવતરોને વાર્તા કહેવાની કળા જાણવા-વિકસાવવા એમણે સૂચવ્યું. તેઓ પોતે વાર્તાકથન દ્વારા એવું નગર ઊભું કરી શકતા કે કોઈ પણ વયના શ્રોતા અનાયાસ તેના નાગરિક બની જતા.

એમની અખિલાઈમાં સાહિત્યિક સેવા સહજ રીતે સમાવિષ્ટ થવા પામી. કુમારો અને પ્રૌઢો માટે એમણે વિશ્વસાહિત્યમાંથી ઉત્તમ કૃતિઓ ચૂંટીને તેના રસાળ રૂપાંતરો-અનુવાદો આપ્યા. બાળકોને તે વાર્તાના ધોધમાં ધુબકા ખવરાવ્યા. ગુજરાતમાં જુલે વર્નને જાણીતા કર્યા. સર્જાતા બાળસાહિત્યની કડક છતાં સમભાવપૂર્વક સમીક્ષાઓ પણ વરસો સુધી કરી અને કુમારોની મહત્ત્વાકાંક્ષાઓને વેગ અને રચનાત્મક ઘાટ આપે તેવું સાહિત્ય-સર્જન કરવાને અપીલ પણ કરી. એમણે નવલકારો માટે પણ લખ્યું.

મૂળશંકરભાઈના અખંડત્વે એમને બાળવાર્તાકાર તરીકે સ્થાપિત થઈને સ્થિર રહેવા દીધા નથી. કુમારોનું જવાબદાર નાગરિક તરીકેનું ઘડતર કરવાનું પણ એમને

**શિક્ષકનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ. શિક્ષકનું નિષ્કલંક ને બિનદંભી જીવન જ વિદ્યાર્થીઓ માટે પ્રેરણા સ્ત્રોત બની રહે છે. - ગાંધીજી**

હાથે અને હૈયે-સરકી આવ્યું-ગૃહપતિને નાતે.

'તમે આમાં શું કામ પડ્યા ? સંગીત ગાઓ, આમાં તમારું કામ નહીં.' — વીસ વરસના મૂળશંકરભાઈએ પીઢ છાત્રોનો આ પડકાર ઝીલી લીધો. એમણે ગૃહપતિ તરીકે નહીં પરંતુ છાત્રપિતા તરીકે પિસ્તાળીશ વર્ષ લગી છાત્રો પર છાયા પથારી જેની અસર તો આજીવન રહી છે. આ ફરજ બજાવતાં તેઓ સોળે કળાએ ખીલ્યા. એમણે છાત્રાલયને કેળવણીના જીવંત, અખંડ અને અજોડ માધ્યમ તરીકેની પ્રતિષ્ઠા અપાવી અને અધ્યાપન મંદિરોના એક અનિવાર્ય અંગ તરીકે ગણાવ્યું.

ગૃહપતિ તરીકેની તેમની નજર, નિષ્ઠા અને નિર્ણયાત્મકતાએ છાત્રાલય સંચાલનનું શાસ્ત્ર સર્જી આપ્યું. છાત્રાલયોમાં થતી ચોરી અને વિકસી બેસતા કામપ્રેરિત સંબંધો અંગેની તેમની ચર્ચા સદા માર્ગદર્શક નીવડે તેવી છે. ગૃહપતિ તરીકેની ફરજ બજાવતાં બજાવતાં તેમની અખંડ પ્રતિભા આરોગ્યશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અને પાકશાસ્ત્રના ક્ષેત્રમાં ફરી વળી.

મૂળશંકરભાઈને મનોવિજ્ઞાનના મુલકમાંની મુસાફરી સફળ રહી. ગૃહપતિના નાતે તરુણનાં વર્તનને સમજવું જરૂરી બનવા લાગ્યું. એમના માનસનું પૃથક્કરણ કરવાનું ગમતું પણ પછી એ પ્રક્રિયા ભ્રામક પણ લાગી. મનોવિજ્ઞાનના અભ્યાસે એમને પોતાને સ્વસુધારણા તરફ વળ્યા. એમની વિવેકશક્તિએ એમને ફ્રૉઈડની અસરથી મુક્ત રાખ્યા. તેની અધૂરપ અને આછલકાઈ તેઓ પારખી શક્યા.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં સૂચિત આત્મતત્ત્વની સંકલ્પનાનું મૂલ્ય એમણે પિછાણ્યું, ચિત્ત દ્વારા ચિત્રની ખોજ કરવા જતાં માનસિક સ્વાસ્થ્યના ધ્યેયની ઝાંખી થઈ; અને તે માટેનો માર્ગ ખોજ્યો ગીતામાં, બીજા અધ્યાયના સ્થિતપ્રજ્ઞના શ્લોકોમાં. એમને મન તે 'નોર્મલ' ચિત્તનાં લક્ષણો હતાં. આમ એમણે ભારતીય સંદર્ભે મનોવિજ્ઞાનનો સ્વાધ્યાય કર્યો.

મનોવિજ્ઞાનના ખંડમાં પુરાઈ રહે તો મૂળશંકરભાઈ અખંડ શાના ? મન અને તનની તંદુરસ્તી તો પરસ્પર અવલંબિત છે. આથી એમણે આરોગ્યશાસ્ત્ર પણ વાંચ્યું અને વિચાર્યું અને વ્યવહારમાં પ્રયોજ્યું. છાત્ર માટે એમનું વાત્સલ્ય પણ એમની માંદગી વખતે સારવાર કરવા ખેંચતું. એમની સહાનુભૂતિપૂર્વકની સારવારની પ્રબળ અસર થતી. કદાચ કોઈ અન્ય દાક્તર કે વૈદ્યને તેડાવેલ હોય તો પણ એમની હાજરી વિના દર્દી-છાત્રને અધૂરપ લાગતી. માથે એમનો હાથ ફરે ત્યાં તો અડધી બીમારી ઓછી થયાનું અનુભવાય.

એમની વૈદકીય સારવાર પણ ખંડિત નહીં ! આયુર્વેદ ઉપરાંત નેચરોપથી, હોમિયોપથી અને બાયોકેમિક દવાઓનો પણ તેઓ ઉપયોગ કરતા. અધ્યયન, અવલોકન અને અનુભવે એમને વૈદ્ય તરીકેની પ્રતિષ્ઠા અપાવી હતી.

જીવનસંબંધી વિવિધ ખંડોમાં ક્યારેય ક્રમશઃ તો ક્યારેક સમાંતર રાહે વિકસતા-વિહરતા-વિરાજતા મૂળશંકરભાઈનો જીવ મૂળે તો શિક્ષકનો. એમણે પોતાને કેળવણીકાર તરીકે નહીં, શિક્ષક તરીકે ઓળખાવવાનું પસંદ કર્યું અને શિક્ષક હોવામાં જ હંમેશા ગૌરવ માન્યું.

મૂળશંકરભાઈએ જાગૃતિપૂર્વક પોતાનું શિક્ષક તરીકેનું ઘડતર કર્યું. શિક્ષકત્વની સંપ્રાપ્તિ માટે એમણે પોતાનું સઘળું સામર્થ્ય સમર્પી દીધું હતું. એક શિક્ષક તરીકે એમણે કેટલીક નિષ્ઠાઓ દૃઢ કરી હતી અને તેના વડે પોતાના અંતઃકરણને સતત પોષ્યું હતું. આ નિષ્ઠાઓ હતી : માનવનિષ્ઠા, સમાજનિષ્ઠા અને પ્રેમનિષ્ઠા.

આ અખંડ શિક્ષક વિદ્યાર્થીઓના સહાયતત્પર મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફ બની રહ્યા હતા; એમની વત્સલ સહાય અભ્યાસકાળ પછી પણ વિદ્યાર્થીને મળતી રહી. આમ છતાં તે ગરવાઈથી કહેતા : 'વિદ્યાર્થીમિત્રો પાસેથી મને જે કંઈ મળ્યું છે, તે તો મારું ગુપ્ત ધન છે.'

મૂળશંકરભાઈ શિક્ષણના કળાકાર હતા. એમણે ટપાલીની માફક જાણકારીના ટુકડા વિદ્યાર્થીના ચિત્તમાં

**મારો જન્મ મારા માતા-પિતાને આભારી છે, પરંતુ મારું જીવન તો મારા શિક્ષકને જ આભારી છે. - એલેક્ઝાન્ડર**

ફેંક્યા નથી પરંતુ સંવેદના અને સમીક્ષા સાથે સંસ્કૃતિનું તેમનામાં સંક્રમણ કર્યું છે. વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવવા તરફ તેમનો ઝોક હતો.

તેઓ વિદ્યાર્થીઓના હૃદયમાં અનાયાસ મૈત્રીનો માળો રચી શકતા. એમની પાસે હૈયું ઠાલવી શકાતું. તેઓ હસતાં અને હસતા ઓછું બોલીનેય આત્મીયતાનો અનુભવ કરાવતા. એમણે વિદ્યાર્થીઓના હૃદય સામે સંધાન થવામાં પોતાનો આત્મવિકાસ જોયો.

શિક્ષક-વિદ્યાર્થી સંબંધ અંગેનું ચિંતન એમની અનુભવ-મૂડીમાંથી વ્યાજરૂપે વ્યક્ત થયું છે. તે સદા પ્રેરક છે. એમના મતે શિક્ષકનું કામ પ્રેમના માધ્યમ દ્વારા વિદ્યાર્થીમાં વિવેક જગાવવાનું છે. આ માટે વિદ્યાર્થીઓને વસ્તુલક્ષી નિર્ણય કરવાની તાલીમ આપવી જોઈએ. મૂળશંકરભાઈ વહાલમાં પણ વિવેક જળવાતો. છાત્રોમાં આપસમાં ત્રાસ, પીડા કે અશિષ્ટ વ્યવહારોના પ્રસંગે ગંભીરતાથી વિચારીને સંબંધિત છાત્રને રવાના કરી દેવાના વસ્તુલક્ષી નિર્ણયો પણ એમણે લીધા હતા.

મૂળશંકરભાઈના મતે શિક્ષક થવા ઈચ્છનારને શૈક્ષણિક વ્યવસાયમાં 'મૌલિક' રસ હોવો જોઈએ. તેનામાં જિજ્ઞાસા, મિલનસારપણું, મનોશારીરિક સ્ફૂર્તિ, વિદ્યાર્થીના જીવનમાં રસ અને કહેવું હોય તે રસમય ઢબે રજૂ કરવાની આવડત હોવી જરૂરી છે. આ બધું કેળવી શકાય છે તેમ તેઓ કહેતા.

નવશિક્ષકો સમક્ષ એમની શિક્ષણ સંબંધી રજૂઆતો કેવળ સૈદ્ધાંતિક નહોતી; એમના અનુભવની નીપજ હતી અને તેથી એમણે શિક્ષણના ક્ષેત્રમાં અનાયાસ મૌલિક પ્રદાન કર્યું. આ રીતે મૌલિક પ્રદાન કરનારને જ કેળવણીકાર કહી શકાય. કેળવણીકાર તરીકે ઓળખાવવાની એમની અનિચ્છા છતાં એમની પ્રતિભા તો કેળવણીકાર તરીકેની સર્વસ્વીકાર્ય જ રહી છે. આમ એમની પ્રતિભા શિક્ષક તરીકેના ખંડમાંથી રેલાઈને કેળવણીના અખંડત્વમાં વ્યાપી રહી.

મૂળશંકરભાઈએ કેળવણીના ક્ષેત્રે મૂલ્યો, સંસ્કૃતિ, લોકશાહી અને પરીક્ષા જેવી અનેક બાબતે ચિંતન કર્યું છે. પોતાની રજૂઆતમાં કેટલીક વાર તો ગાંધીજીના કેળવણીવિષયક વિચારોના ભાષ્યકાર બન્યા છે અને તેની સાંપ્રત સમયમાં સંગતતા સિદ્ધ કરી આપી છે.

કેળવણીમાં મૂલ્યો અંગેનું એમનું વૈચારિક પ્રદાન એક હોકાયંત્રની ગરજ સારે છે. વિદ્યાર્થીના ચિત્તમાં માનવજીવનનાં મૂલ્યોને સ્થિર કરવાનું કામ એમણે મૂળભૂત માન્યું છે. માનવીય મૂલ્યો સાથે જોડાયા વિનાની કેળવણીને મૂળશંકરભાઈએ રણમાં સમાઈ જતી નદી જેવી માની છે. માનવીય મૂલ્યોમાં સત્ય અને પ્રેમને વિશેષ મહત્વનાં ગણાવીને ભગવદ્ગીતામાં દર્શાવાયેલા દૈવી સંપત્તિનો નિર્દેશ કર્યો છે. કેળવણીના સંદર્ભે પ્રાર્થના, પરિશ્રમ અને સમૂહજીવનમાં એમણે મૂલ્યોની કેળવણી જોઈ છે.

મૂળશંકરભાઈએ શિક્ષણને સંસ્કૃતિનું સંરક્ષક માન્યું છે. સંસ્કૃતિની પ્રવર્તમાન કટોકટીમાંથી ઊગરવા માટે ભૌતિક સમૃદ્ધિ અને આંતરસમૃદ્ધિ વચ્ચે સમતુલાની જરૂરિયાત એમણે જોઈ છે. આથી વિજ્ઞાન અને અધ્યાત્મ બંનેનો સુમેળ કરવાનું કળા-કૌશલ વિદ્યાર્થીઓમાં વિકસે તેવા અધ્યયન-અનુભવો અપાવા જોઈએ એમ તેમણે માન્યું છે.

શિક્ષણના અંતે વિદ્યાર્થી અભિપ્રાય બાંધતો થઈ શકવો જોઈએ. આ બાબત પર ભાર મૂકીને મૂળશંકરભાઈ શિક્ષણપ્રક્રિયાનાં ત્રણ સોપાનો સૂચવ્યાં છે : નિરીક્ષણ, ચિંતન અને અર્થશોધન.

વિદ્યાર્થીઓમાંની ગેરશિસ્ત દૂર કરવા માટે એમણે પૂરતી રચનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવા પર ભાર મૂક્યો છે. ગેરશિસ્તના મૂળમાં પરીક્ષાકેન્દ્રી ભણતરનો ઉપક્રમ પણ એમણે ભાળ્યો છે. પરીક્ષાપદ્ધતિમાં ધરમૂળ ફેરફાર ઈચ્છતા મૂળશંકરભાઈએ પરીક્ષા વખતે પુસ્તકો સાથે રાખીને ઉત્તરો લખવાની છૂટ આપતા ઓપન બુક એગ્ઝામના સફળ પ્રયોગો પણ કર્યા હતા. અરસપરસના

**જ્ઞાનરૂપી પાક વહેંચવા માટે હું એક શિક્ષક જ બનવાનું પસંદ કરું. - સ્વામી રામતીર્થ**

પ્રેમને પ્રતાપે પરીક્ષામાં પૂરી પ્રમાણિકતા જળવાઈ-સચવાઈ રહી હતી.

મૂળશંકરભાઈના મતે કેળવણીનું કાર્ય ચિત્તને દૂષિત કરનાર તત્ત્વો પર કાબૂ મેળવવા માટે જરૂરી સંકલ્પો અને અભિગમો કેળવવાનું છે. એમની આ રજૂઆત સૂચવે છે કે તેમની અખંડ પ્રતિભા કેળવણીના વિશાળ ખંડમાં પણ પુરાઈ ન રહેતાં પરમ સાથે એકતાર થવા આતુર રહી હતી. એમણે અનુભવ્યું હતું કે જગતમાં દેખાય છે તેટલું જગત નથી, ઈન્દ્રિયાતીત એવું જગત છે અને તેને પામવા મથવું એ જ ખરી જીવન-સાધના છે.

મૂળશંકરભાઈનો જીવન-અભિગમ વૈજ્ઞાનિક અને વ્યવહારું પણ પ્રેમ ભક્તિનો રસ એ ભાવપૂર્વક માણતા. પ્રાર્થના અને મૌનને એમણે દૈનિક જીવનમાં સ્થાન આપીને પોતાના આધ્યાત્મિક વલણને તેઓ ટકાવતાં અને વિકસાવતા રહ્યાં.

જીવનના અર્થની શોધ તો આગવી જ હોય. એમણે એ અનવરત કરી અને આ માટે તેઓ ચિંતન અને ચિત્તસાધનાની પ્રક્રિયામાંથી પસાર થયા. જન્મજાત વાસનામાં સ્વીકાર સાથે તેઓ ઊર્ધ્વ રૂપાંતરને જીવનસાધનાનો એક અગત્યનો ભાગ ગણ્યો.

સંગીતસાધના-શિશુપ્રેમ, સાહિત્ય વાચન-લેખન, છાત્રપિતૃત્વ, વૈદક, મનની મરામત, શિક્ષણ અને અધ્યાત્મ - આવાં વિવિધ ક્ષેત્રોમાં મૂળશંકરભાઈ અનાયાસ ક્રમશઃ કે એકસાથે સાહજિકતાથી પ્રવેશીને અધિકાર મેળવતા રહ્યાં. આ હકીકત એમના વ્યક્તિત્વને અખંડ કહેવા માટે પૂરતી છે. જો એમનું મન રાખવા શિક્ષક કહેવા હોય તો તેમને અવતારી શિક્ષક કહેવા જોઈએ. અખંડ શિક્ષકની તો સદા ઓછપ જ રહેવાની એમનાં સત્ અને આપણાં વ્રત.

અખંડત્વનું આરાધન એમણે સતત કર્યું - તપ એને સ્વાધ્યાય દ્વારા. આના ફળસ્વરૂપે જ ગુજરાતને અખંડ શિક્ષકની જે આકૃતિ મળી તે હવે ઊંચેરા આસમાનમાં ઓતરાદે સદા સ્થિર રહીને ધૂણતા-ધૂંધવતા સમાજમાં હાલક ડોલક થતી કેળવણીની કિશ્તી અસીમ સહાનુભૂતિપૂર્વક જુએ છે, જેમ આપે છે અને ઝૂઝવા પ્રેરે છે. જરૂર છે આસ્થાપૂર્વકના વીજરેખા જેવા મક્કમ સંકલ્પની. મબળશંકરભાઈ ભટ્ટ નામના અખંડ શિક્ષકનું તર્પણ તો તપ અને સ્વાધ્યાયના સંકલ્પ વડે જ કરાય !

*ખિલેલી જ્યોત્સ્નામાં કુમુદ વીણવાં પાલવ ભરી,*
*અમાસે તારાઓ વીણીવીણી લઈ ઝોળી ભરવી.*

- સુન્દરમ્ (કાવ્ય : 'પ્રતિપદા')

---

**માનવતા ઘડતરનું કેન્દ્ર એટલે ગાંધીજીનું ટોલ્સ્ટોય ફાર્મ**

બાળાઓ પણ સમજે કે પોતાની પવિત્રતા ઉપર કોઈ હાથ નાખી જ ન શકે. સીતાને વિકારી રાવણ સ્પર્શ સરખો ન કરી શક્યો. રામ તો દૂર હતા. બાળાઓને તેમણે ભડકાવ્યા વગર સમજાવી, વીનવી કે તેઓએ પોતાના સુંદર વાળ કાપી નાખવા મને રજા આપી. મોટી સ્ત્રીઓને આગળથી સમજાવી મૂકી હતી. તેઓને મારી સૂચના સહન તો ન થઈ પણ તેઓ મારો હેતુ સમજી શકી હતી. તેઓનો મને સહકાર હતો. છેવટે તે બંને સમજી. તે જ ક્ષણે જે હાથ આ પ્રસંગ ચીતરી રહેલ છે તે હાથે બાળાઓના વાળ પર કાતર ચલાવી. પછી વર્ગમાં આ કાર્યનું પૃથક્કરણ કરી બધાને સમજાવ્યું. પરિણામ સુંદર આવ્યું. ફરી ક્યારેય મશ્કરીની વાત સાંભળવા ન મળી.

આવા પ્રયોગ અનુકરણને સારું નથી નોંધાતા કોઈ પણ શિક્ષક આવા પ્રયોગનું અનુકરણ કરે તો તે મોટું જોખમ વ્હોરી લે. આ પ્રયોગની નોંધ મનુષ્ય ક્યાં સુધી અમુક પરિસ્થિતિમાં જઈ શકે છે તે બતાવવા તથા સત્યાગ્રહની લડતની વિશુદ્ધતા સૂચવવા લીધી છે. એ વિશુદ્ધતામાં જ વિજયનું મૂળ હતું. એ પ્રયોગને સારું શિક્ષકે મા અને બાપ બંને થવું જોઈએ ને પોતાનું માથું કોરાણે મૂકીને જ તેવા પ્રયોગ થાય તેની પાછળ કઠણ તપશ્ચર્યા જોઈએ.

**જે પુસ્તકમાંથી શીખી શકાતું નથી તે શિક્ષકનાં જીવન દ્વારા શીખી શકાય છે. - સ્વામી સચ્ચિદાનંદ**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શિક્ષણ : સ્વકેન્દ્રી કે સર્વકેન્દ્રી ?

લલિત શાહ
સુરેન્દ્રનગર.

દરેક વ્યક્તિની પોતાની વિશેષતા છે, ખાસિયત છે. દરેકને પોતાનું અનોખાપણું અને સ્વકીય એવી ઓળખ છે. પોત-પોતાની રસ-રુચિ, શક્તિ-સુસજ્જતા, સૂઝ-હોંશ અનુસાર સૌ કોઈ સ્વતંત્રપણે વિકસે, ધારી દિશામાં પ્રગતિ કરે, નિર્દેશિત લક્ષ્ય હાંસલ કરવા આવશ્યક એવી ઉન્નતિ ચઢતી સાધે તે સમાજના લાભમાં જ છે. **શિક્ષિત અને કેળવાયેલ થવાનો સૌને હક્ક છે અને સમાજની તે માટેની જોગવાઈઓ પ્રસ્થાપિત કરવાની ફરજ પણ છે.**

દરેક વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ ખીલવવા, પોતાની અસ્મિતા અર્થપૂર્ણ બનાવવા હકદાર છે. એ હકથી કોઈપણ નાગરિક વંચિત ન રહેવો જોઈએ. સભ્યતા અને સંસ્કારિતાનાં સિંચનથી રસાયલું એવું જ્ઞાન, વિદ્યા, હુન્નર, કળા, ઉદ્યોગ માહિતી અને કર્તવ્યનું શિક્ષણ સારા એવા સમૂહને પૂરું પાડવાની પૂર્ણ અને અદ્યતન વ્યવસ્થા હશે તે દેશ-પ્રદેશ ક્યારેય પછાત નહિ રહે, પાછો નહિ પડે. શિક્ષણના વ્યાપની સાથે સાથે તેની ગુણવત્તા પણ ચઢિયાતી હોવી જોઈએ. જ્ઞાન-વિજ્ઞાન, આચાર-વિચાર જ્યાં તેજસ્વી, સત્ત્વશીલ અને અર્થપૂર્ણ હશે તે સમાજને તે દેશ સાચો દોર સંભાળી શકશે.

શિક્ષણ વિદ્યાર્થીનું ઘડતર કરે છે. **શિક્ષક જો નિષ્ઠાવાન, વાત્સલ્યપૂર્ણ, સુસજ્જ અને જાગૃત હશે તો વિદ્યાર્થી તેના તરફ આકર્ષાવાનો જ છે,** શિક્ષણાભિમુખ જિજ્ઞાસુ થવાનો જ છે ને શિક્ષકની પ્રેરણા, હૂંફ ને પ્રોત્સાહનથી સ્વયમેવ વિકાસ સાધવાનો જ છે. શિક્ષકના સાંનિધ્યમાં વિદ્યાર્થી જાતે જ પોતાનું શિક્ષણ કરતો, પોતાની કેળવણી પામતા આપોઆપ થઈ શકશે. આ વિદ્યાર્થીના નિર્માણ પામતો ભાવિ સમાજનું અંગ છે. એટલે કે શિક્ષક પોતાના વિદ્યાર્થીના ઘડતર દ્વારા સમાજનું જ ઘડતર આડકતરી રીતે કરી રહ્યો છે. એ રીતે સમાજનો સાચો ઘડવૈયો શિક્ષક છે. નાગરિકતાનું શિક્ષણ એવું સુદૃઢ સંગીન અને પાયાદાર જોઈએ કે ભવિષ્યમાં આવનારી આફતો, આપત્તિઓ, કસોટીઓ વચ્ચે પણ તે કલંકિત-દોષિત, નિસ્તેજ થયા વિના આગળને આગળ વધતો જાય, ઊંચે ને ઊંચે ચઢતો જાય.

હવે આગળને આગળ વધવું ઊંચે ને ઊંચે ચઢવું એટલે શું એ વિચારવાનું થયું. સુશિક્ષિત થઈને, સર્વોચ્ચ કેળવણી પામીને તેણે કેવળ સ્વાર્થ પરાયણ રહેવું ? સંકુચિત બનવું ? અન્યોની ઉપેક્ષા - અવગણના - અનાદર કરવો ? ઈજનેરી વિદ્યા, તબીબી વિદ્યા, કાનૂની વિદ્યા, વિજ્ઞાનની સાધના, કળાની સાધના, ભાષાની સાધના, અન્ય હુન્નર ઉદ્યોગની યોજના આદિ જે કંઈ દિશા આપણને સાંપડે તેમાં નીતિવિહોણા, માનવતા વિહોણા રહી તે પ્રગતિ કરવી ? ઉન્નતિ કરવી ? એ ઉન્નતિ કહેવાય કે ? વિચારીએ.

**જે શિક્ષણ ભાતભાતની ડીગ્રી આપી બદલામાં માણસાઈને હણી લે તે સારું શિક્ષણ કહેવાય કે ?** દાકતર-વકીલ થવું, ઈજનેર થવું, પ્રાધ્યાપક થવું, કળા-કારીગરી કે કેવળ રમત-ગમતમાં ઉત્તમ કાબેલિયત હાંસલ કરવી તે શું કેવળ પોતાનું પેટ ભરવા કે જેનો ખાડો તબક્કે તબક્કે મોટો જ થતો જાય છે ને ક્યારેક પૂરો ભરાવા પામતો નથી તેના માટે ?

દરેક સજીવ પેટ તો ભરે જ છે. દરેક જીવજંતુ, પશુ-પંખી પળેપળ પેટ ભરવા પાછળ જ પડેલું જણાય છે. એટલું જ નહિ, અન્યને હણીને પણ પોતાનું પેટ ભરે છે જે મરતાં લગી ખાલી ને ખાલી જ રહ્યા કરે છે. આપણે માણસ આજના શિક્ષકોને પ્રતાપે આ કક્ષામાં આ હીણી કક્ષામાં મૂકાઈ ગયા છીએ એવું જોવા નથી મળતું ?

દરેક સુશિક્ષિત પેટ-પૂજાપરાયણ બની રહ્યો છે.

**શિક્ષક માટે દરેક દિવસ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. - કાકાસાહેબ કાલેલકર**

પોતાનો જ સ્વાર્થ સાધવામાં તલ્લીન અને તત્પર રહેતો જણાય છે. સમૂહની, સમાજની, રાષ્ટ્રની તેને કશી પડી નથી. **ભાતભાતની પરીક્ષાઓ તે આપે છે. દરેક પરીક્ષામાં તે માણસ બનવા માટે નહિ પણ શિકારી બનવા માટે જ બેસે છે !** તેનું લક્ષ્ય જ્ઞાનપિપાયા નથી, ધનપિપાસા છે. ધનવૃદ્ધિના એકમાત્ર આશયથી તે જ્ઞાનવૃદ્ધિ કરે છે.

સત્તા, વિદ્યા, કારીગરી, અભિનયકળા આદિ વિવિધ ક્ષેત્રોમાં ઝંપલાવવા પાછળની દૃષ્ટિ અને ગણતરી તેની ધનપ્રાપ્તિની અને ધનવૃદ્ધિની જ છે જેનો ધરવ તેને ક્યારેક સાંપડતો નથી. તે તૃષ્ણા ને અંત જ નથી. એ અનંત લોભામણી તૃષ્ણા પાછળ તે ઘેલો થયો છે, આંધળૂકિયા કરતો થયો છે. સમાજની, રાષ્ટ્રની રાજ-કાજની અધોગતિનાં મૂળમાં આ જ બાબત છે. **નીતિવિહોણો ને માનવતા વિહોણો સમાજ સહસ્રમુખી વિનિપાત નોતરે છે.**

આવું કેમ થયું છે ? આપણા શિક્ષણમાં જ ખામી છે ? શિક્ષણમાં ક્યાશ છે ? અવળી દિશામાં આપણું શિક્ષણ છે ? માણસની સર્વાંગી ખિલવણી કેમ નથી થતી ?

એવું શું છે કે આપણે સમાજકલ્યાણ અને દેશદાઝની બાબતમાં ઠોઠ નિવડીએ છીએ ? આપણી વિદ્યાકીય કારકિર્દી 'વર મરો, કન્યા મરો, ગોરનું તરભાણું ભરો.' આ દુર્ભાવના કેમ જામી પડી છે ? એનો ક્યાંય કશોય ઉકેલ નથી શું ?

સજ્જન, સુપ્રતિષ્ઠિત અને સુશિક્ષિત હોવાના ડોળ તળે આપણે શિકારવૃત્તિની જ સાધન આરાધન કરતા હોઈએ છીએ. શોષણવૃત્તિ આપણી નસનસમાં વ્યાપી વળી છે. આપણા નહોર દેખાતા નથી પણ છે ધારદાર. જાણે અન્યને ચૂસવા માટે જ આપણે આ શક્તિ, સિદ્ધિ કે સત્તા હાંસલ કર્યા છે.

આજની અવનતિના મૂળમાં અનીતિ જ છે. **અનીતિ એટલે ઊંચા ધારા-ધોરણના પાલનનો સદંતર અભાવ.** ધનપ્રીતિ અને ધનપ્રાપ્તિનાં લોભ-લાલચથી આપણે ઘેરાઈ ગયા છીએ. આપણી ઓજસપૂર્ણ આભા ફરતો ધનઘેલાઓએ ભરડો લીધો છે ને મૂલ્યવત્તા તથા ગુણવત્તાને ભોગે આપણે મૃગજળ તરફ હરણફાળ ભરવામાં મચી પડ્યા છીએ.

આવું કેમ ? આમ કેમ ? આપણી શિક્ષણપ્રથા અને આપણી શાળા-મહાશાળાની ગતિવિધિ દિશાદોર વિનાની આંધળી થઈ ચૂકી છે. એનો આ પ્રતાપ છે.

આપણને બીજાને પાડી દઈને આગળ વધવાની તાલીમ મળે છે. **સ્પર્ધા અને હુંસાતુંસી આજના શિક્ષણની પ્રાણ બની ગયો છે. સહકાર, સહયોગ અને સહચારની ભાવના મરી પરવારી છે !** તું નહિ, પણ હું જ એવા હુંપદની દૃષ્ટિ આપણને મળી છે. હું અને મારું એ સિવાયની સઘળી ધારણા જૂઠી એવી આપણી માન્યતા થઈ ગઈ છે. આવું ન થવું જોઈએ ને થયું છે. શિક્ષણતંત્ર નખશિખ બૂઠું, બેકાબૂ બની ચૂક્યું છે. એનો શું કશોય ઉકેલ નથી ? કશો જ ઉપાય નથી શું ? સમાજનાં આ વકરી બેઠેલા ગુમડા પર નસ્તર મૂકતાં આપણે ગભરાઈ કેમ જઈએ છીએ ? આ શિક્ષણ આમૂલાગ્ર પરિવર્તન નથી માગતું ? જે શિક્ષણ વિદ્યાર્થીને વિચાર-વિહોણા, આચારવિહોણા, અંધઅનુકરણશીલ અને નિર્બળ નિષ્ફળ કરી મૂકે છે તે શિક્ષણ કહેવાય કે ? આજના શિક્ષણે તેનો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ ગુમાવ્યા નથી શું ? માનવીની ઉત્તમ લાગણીઓ, ભાવનાઓ અને દૃષ્ટિનો કેવળ હ્રાસ જ ત્યાં થતો હોય તેને શિક્ષણનું ધામ કેમ કહેવાય ?

છે શિક્ષણનો દોષ અને વગોવાય છે શિક્ષણાર્થી તરુણ તરુણીઓ, આપણે તેમને કેળવવાને બદલે ભણાવી દઈએ છીએ. તેમની વિચાર શક્તિને કુંઠિત કરી ગોખણપટ્ટીનો માર્ગ મોકળો કરી આપ્યો છે. તેમની સૂઝ-સમજદારી પર નાહકનો બોજ વેંઢારી દીધો છે.

તેમની ભાવનાઓ, તેમની સમજદારી, તેમની વિચારશીલતા, તેમની સંવેદનશીલતા-ઊર્મિશીલતાને આપણે દબૂરી દીધી છે. આપણા જ દોષનો બળાપો આપણે યુવાનવર્ગ પર ઠાલવીએ છીએ. મૂર્ખાઈભર્યું શિક્ષણ

**વિદ્યાર્થીને શીખતો કરે તે ઉમદા શિક્ષક - રવિશંકર મહારાજ**

આપીએ અને મૂર્ખ તેમને ઠેરવીએ એ તે કાંઈ ન્યાય છે ?

**નથી ઉદ્યમપ્રિયતા કે નથી જ્ઞાનપ્રાપ્તિની લગની. એક જ ધૂન. યેનકેન પ્રકારેણ માર્ક કેમ વધુ આવે, પાસ કેમ થઈ જવાય તેની જ ધૂન ને તેની જ ચિંતા ? આવી ભય અને ચિંતાગ્રસ્ત અવસ્થામાં મેળવેલું સઘળું ધૂળધાણી થયા વિના કેમ રહે ?**

**'તું ભણવ ભણવ નિજ સંતતિ સૌને પ્રેમભક્તિની રીત' પ્રેમ અને શૌર્યના કવિ નર્મદે આ ગાયું ને આપણે ત્યાં જ પૂર્ણવિરામ મૂકી દીધું. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સ્પર્ધા હોય ત્યાં પ્રેમ શેનો ટકે ?** પોતાની જાત જ જ્યાં કેન્દ્રમાં હોય ત્યાં દેશભક્તિની વાત જ ક્યાં કરવી ?

આપણા શિક્ષણનાં કેન્દ્રમાં સમાજ નથી. સમાજલક્ષી કેળવણી આપણે આપતા નથી. સ્વનો જ વિચાર, સમૂહનો નહિ એવી તાલીમ આપણે આપીએ છીએ.

ઉદ્યમપરાયણતા, પરિશ્રમપ્રિયતા ભોંભેગી થઈ ગઈ છે. વગર મહેનતે, લુચ્ચાઈની સાધના પડે કેમ આગળ નીકળી જવાય ને ધનનો દલ્લો ક્યારે કામ લાગે એમ છે તે જ દૃષ્ટિ કેળવાઈ રહી છે.

આપણું શિક્ષણ લાગણીનું શિક્ષણ હોવું જોઈએ. સંવેદનશીલતા પ્રગટાવતું અને ઊર્મિશીલતાને વેગ આપતું હોવું જોઈએ. પોતાની જાતનું વિસ્મરણ કરાવી અન્યને માટે મથવું, ઘસાવું, કરી છૂટવું એવી ગણતરીને પ્રાધાન્ય મળે તેવું થવું જોઈએ.

આપણા પ્રાણ, આપણું જીવન, આપણી પ્રાપ્તિ, આપણું અસ્તિત્વ યજ્ઞાર્થે છે, ઋણાનુબંધવાળું છે. આપણે જે કાંઈ હાંસલ કરીએ, સિદ્ધ કરીએ તેનું ઋણ સમાજને ચૂકવવાનું છે.

એટલે કહેવાનું એ છે કે શિક્ષણ સ્વકેન્દ્રી મટી સર્વકેન્દ્રી બનવું જોઈએ. શિક્ષા અને દીક્ષા સમાજલક્ષી અપાવા જોઈએ. સર્વના હિતમાં જ આપણું કલ્યાણ છે એવી સમજ, એવી દૃષ્ટિ, એવી ભાવના અને એવી કર્તવ્યપરાયણતા બક્ષનારું તે હોવું જોઈએ.

અન્યના સુખમાં આપણું સારું સુખ સમાયેલું છે. આપણો સાચો આનંદ એમાં જ સમાયેલો છે એવી સીધી સાદી સમજ આપણામાંથી છિનવાઈ કેમ ગઈ છે ? એના પર છીણી કોણે ફેરવી દીધી છે ?

આજના શિક્ષણશાસ્ત્રીઓએ ? આજના કેળવણીકારોએ ? આજની શાળા-મહાશાળા નેસ્તનાબૂદ થવાને પાત્ર નથી ? **જેમાં નખ-શિખ સડો પેઠેલા છે તેને આપણે શીદને નભાવી રહ્યા છીએ ? શિક્ષણતંત્ર ઘોરે છે. સંસ્કાર એ નીંદરને ઘેરી બનાવે છે. વાલીવર્ગ નિરુપાય છે. યુવાનો-યુવતીઓનાં બળુકા યૌવન સામે આ સીધો પડકાર છે.** તેમનો જુસ્સો, ધગશ, સાહસ ને હિંમત સામે એ પડકાર છે. હવે પછીની પેઢી એ પડકાર ઝીલી લેવાની છે એ નિઃશંક વાત છે. એવી સમર્થ પેઢી પ્રગટશે ત્યારે આજનું શિક્ષણ ધરાયશી માલૂમ પડશે.

---

**સ્મરણયાત્રા**

રજાઓમાં નાટકોની પસંદગી કરી લઉં.

અંધારું થવા આવ્યું હતું. હવે અમે છૂટા પડવાનો વિચાર કર્યો પણ, બધાંના મનમાં એક પ્રશ્ન હતો કે આ પચાસ વર્ષની ઉજવણીનો ઉદ્ઘાટન સમારંભ કેવી રીતે કરવો ? મેં કહ્યું' આજની આ મિટિંગ પૂરી કરીએ છીએ. કાલે આ જ જગ્યાએ મળીને વિચારીશું તે તમે સૌ નવાં નવાં વિચારો અને સૂચનો લઈને આવજો અને અમે સૌ ઉઠ્યા. સૌ છૂટા પડતા હતા ત્યારે વિઠ્ઠલભાઈ કહે, "હાશ, વર્ષો પછી શાળાનાં બાળકો રંગભૂમિ પર આવશે એ વિચારથી હું હરખાઉં છું. ધીરે ધીરે રંગભૂમિ ભૂલાવા લાગી હતી તે પાછી પુનઃજીવન પામશે." "તમારી વાત સાંભળીને એક વિચાર આવે છે કે વર્તમાન કાર્યકરોનું ધ્યાન આ પ્રવૃત્તિ તરફ ગયું નથી. પેલી સ્વયંસેવક મંડળી એકબીજાની સામે જોવા લાગી. ચાલો ત્યારે ઉદ્ઘાટન સમારંભ માટે કાલે મળીશું. આજે તો સૌ શાંતિથી જઈએ. કાલે નવાં વિચારો લઈ આવીશું અને અમે સૌ છૂટા પડ્યા.

**શિક્ષક માનવ વર્તનનો ઈજનેર છે. - ડો. મધુરી શાહ**

## સાર્ધ-શતાબ્દી વંદના

રમેશ ઓઝા
મુંબઈ



**૧. ગાંધીવિચાર : રવીન્દ્રનાથ ટાગોર પાસેથી માર્ગદર્શન**

મોતીહારી,

જાન્યુઆરી ૨૧, ૧૯૧૮

પ્રિય ગુરુદેવ,

ઈન્દોરમાં ભરાનારા હિંદી સંમેલન સમક્ષ હું જે ભાષણ આપવાનો છું તે માટે હું નીચે લખેલા પ્રશ્નો વિષે વિચારશીલ નેતાઓના અભિપ્રાયો એકઠા કરવા મથી રહ્યો છું:

૧. આંતરપ્રાંતીય વ્યવહાર તેમ જ બીજી બધી રાષ્ટ્રીય કાર્યવાહીઓ માટે હિંદી (ભાષા તરીકે અથવા ઉર્દૂ) શું એકમાત્ર રાષ્ટ્રીય ભાષા નથી?

૨. કૉંગ્રેસના આગામી અધિવેશનમાં મુખ્યત્વે ઉપયોગમાં લેવાનારી ભાષા શું હિંદી ન હોવી જોઈએ?

૩. આપણી શાળાઓ અને મહાશાળાઓમાં ઉચ્ચતમ શિક્ષણ દેશી ભાષાઓ દ્વારા આપવાનું ઇષ્ટ અને શક્ય નથી શું? અને પ્રાથમિક શાળાની કક્ષા પછી બધી શાળા-પાઠશાળાઓમાં હિંદીને ફરજિયાત બીજી ભાષા તરીકે દાખલ નહીં કરવી જોઈએ?

મને લાગે છે કે જો આપણે આમજનતા સુધી પહોંચવું હોય અને જો રાષ્ટ્રીય સેવકોએ સમસ્ત ભારતના જનસમૂહના સંસર્ગમાં આવવું હોય તો ઉપર જણાવેલા પ્રશ્નો તાબડતોબ ઉકેલવા જોઈએ અને તેમને ઘણા તાકીદના સમજી તે પર વિચાર કરવો જોઈએ. તો વહેલી સગવડે આપ આપનો ઉત્તર આપી મને ઉપકૃત કરશો?

(ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૪, પૃષ્ઠ, ૧૩૭)

**૨. રમેશ ઓઝા : ઘટના અને અર્થઘટન**

૨૯મી માર્ચ ૧૯૧૮ના રોજ ઈન્દોરમાં હિંદી સાહિત્ય સંમેલનનું આઠમું અધિવેશન મળવાનું હતું જેનું પ્રમુખસ્થાન લેવાનું ગાંધીજીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ગાંધીજીના ભાષા વિષયક વિચારો બીજા રાષ્ટ્રીય નેતાઓ અને હિંદી સાહિત્યકારો કરતાં અલગ પડતા હતા એ હવે વાચકો જાણે છે. ગાંધીજી સંસ્કૃત અને પર્શિયન ભાષા દ્વારા નિર્મિત અને લોકસુલભ હિંદી અર્થાત્ હિન્દુસ્તાની ભાષા રાષ્ટ્રભાષા બને એવો આગ્રહ રાખતા હતા, તો કેટલાક હિંદી સાહિત્યકારો મુખ્યત્વે સંસ્કૃતપ્રચુર હિંદી ભાષા માટે આગ્રહ રાખતા હતા. બીજી બાજુ ગેર હિંદીભાષિક પ્રદેશોના નેતાઓ હિંદીની બાબતે ઉદાસીન હતા અને તેમને અંગ્રેજોનો મોહ હતો.

બીજો પ્રશ્ન શિક્ષણના માધ્યમનો હતો. ગાંધીજી માતૃભાષામાં જ શિક્ષણનો આગ્રહ રાખતા હતા અને ઉચ્ચશિક્ષણ હિંદી હિન્દુસ્તાની ભાષામાં આપવામાં આવે એવો આગ્રહ ધરાવતા હતા. આ વિષે પણ દેશમાં કેટલાક નેતાઓ અને શિક્ષણશાસ્ત્રીઓ ગાંધીજી કરતાં નોખો મત ધરાવતા હતા. તેમને એમ લાગતું હતું કે વિજ્ઞાન અને ગણિત જેવા વિષયો હિંદીમાં ભણાવી શકાય એટલી હિંદી ભાષા પ્રગલ્ભ નથી. આ વિષયોનું ખેડાણ અંગ્રેજી ભાષામાં થયું હોવાથી હિંદી માટે આગ્રહ રાખવો નકામો છે. ગાંધીજી માનતા હતા કે ભારતીય ભાષાઓમાં જો આ વિષયોનું ખેડાણ કરવામાં આવે તો ભારતીય ભાષાઓ પ્રગલ્ભ બની શકે.

હવે જ્યારે ઈન્દોરમાં હિંદી સાહિત્યકારો અને વિદ્વાનો સમક્ષ બોલવાનો અવસર આવ્યો ત્યારે ગાંધીજી તેમાં રાષ્ટ્રભાષા વિષયક સર્વસંમતી બને એ જોવા આતુર હતા અને માટે તેમણે રવીન્દ્રનાથ ટાગોર જેવા કેટલાક વિચારકોના અભિપ્રાય માગ્યા હતા. તેમણે મોતીહારીથી ૧૯મી જાન્યુઆરી ૧૯૧૮ના રોજ દિલ્હીની સેન્ટ સ્ટીવન કૉલેજના પ્રાચાર્ય એસ. કે. રુદ્રનો પણ અભિપ્રાય માગ્યો

શિક્ષક જે દિવસે હસી ન શકે તે દિવસે તેણે સી.એલ. મૂકવી જોઈએ. - ડૉ. ગુણવંત શાહ

હતો. આ ઉપરાંત બીજા કયા વિદ્વાનોનો અભિપ્રાય માગ્યો હતો તેની વિગતો અક્ષરદેહમાં મળતી નથી.

દરમિયાન રવીન્દ્રનાથ ટાગોરે ગાંધીજીને પોતાનો અભિપ્રાય આપતા લખ્યું હતું: "અલબત્ત, ભારતમાં આંતરપ્રાંતીય વ્યવહાર માટે તો એકમાત્ર શક્ય એવી રાષ્ટ્રીય ભાષા હિન્દી જ છે પરંતુ મને એમ લાગે છે કે લાંબા સમય સુધી આપણે આ વાતને ફરજિયાત બનાવી શકીશું નહીં."

આમ રવીન્દ્રનાથને પણ હિન્દી રાષ્ટ્રભાષા તરીકે અને શિક્ષણના ફરજિયાત માધ્યમ તરીકે સ્વીકારાય એનો ભરોસો નહોતો. આ પ્રશ્ન આજે પણ વણઉકલ્યો છે એમાં આશ્ચર્ય ન થવું જોઈએ.

**૩. વાઈકાઉંટ સૅમ્યુઅલ : ગાંધીજીએ હિંદીઓને શીખવ્યું ટટાર ઊભા રહેતાં, આંખ ઊંચી કરતાં, આવી પડેલા સંજોગોને ઠરેલ આંખે જોતાં ને તેનો સામનો કરતાં શીખવ્યું**

ગાંધીજીએ હિંદીઓને શીખવ્યું ટટાર ઊભા રહેતાં, આંખ ઊંચી કરતાં, આવી પડેલા સંજોગોને ઠરેલ આંખે જોતાં ને તેનો સામનો કરતાં શીખવ્યું. ગાંધીજીએ એમની પ્રજાને શીખવ્યું કે ભૂતકાળનો અભ્યાસ કરવો ખરો; પણ તેમાં ગરકાવ થઈ જવું નહીં, માત્ર તેમાંથી જે પાઠ શીખવા જેવો હોય તે શીખી લેવો. તેમણે એ પ્રજાને શીખવ્યું કે વર્તમાનકાળને મજબૂત પકડી રાખવો, જેથી ભવિષ્યનું ઘડતર સારી રીતે થઈ શકે. એમણે એમ પણ બતાવ્યું કે આ ગૌરવની વૃદ્ધિમાં, આ પ્રબળતર પ્રયત્નમાં હિંદની સ્ત્રીઓ પણ ભાગ લે એ બહુ જરૂરી છે.

માનવજાતિનો છઠ્ઠો ભાગ હિંદમાં વસે છે. માનવકુળના આ મોટા ભાગનો દરજ્જો વધારવામાં, તેના મનમાં આત્મગૌરવની ભાવના પેદા કરવામાં, બીજા કોઈ પણ માણસ કરતાં વધારે મદદ ગાંધીજીએ કરી છે. તેને માટે હિંદે તેમનો આભાર માનવો જોઈએ બ્રિટને પણ માનવો જોઈએ અને સમગ્ર જગત, જે આડકતરી રીતે ને આખરે આનો લાભ મેળવે છે તેણે પણ ગાંધીજીના ઋણનો સ્વીકાર કરવો જોઈએ.

એમના નામને વિખ્યાત કરનારી બીજી મહાસિદ્ધિ એ છે કે સ્વરાજરૂપી સાધ્ય અને અહિંસારૂપી સાધન એ બેનો સંયોગ તેઓ સફળતાપૂર્વક સાધી શક્યા છે. વિરોધ કરવો, સમજાવટનો ઉપાય અજમાવી જોવો, તે કામ ન આવે તો જરૂર પડ્યે આજ્ઞાભંગ કરવો; પણ પશુબળ ન વાપરવું, વિરોધીઓના જીવ ન લેવા, અત્યાચાર ન કરવા, સશસ્ત્રબળનો ઉપયોગ ન કરવો — એ એમનો સંદેશ હતો અને છે. હિન્દુસ્તાનમાં આવી નીતિ લોકોના સ્વભાવને બંધબેસતી આવે છે. તેમાં ઘણા આપભોગની જરૂર પડે છે ખરી, પણ તે આપવાને એ લોકો હંમેશાં તૈયાર હોય છે. એમની ન્યાયવૃત્તિને પણ આ રીત રુચે છે અને એ રીત તેમના ધર્મને પણ અનુકૂળ છે. (ગાંધીજીને જગવંદના, પૃષ્ઠ, ૧૫૭-૧૫૮)

## સરસ્વતી વિદ્યામંડળનું ગૌરવ



**હેતલબહેન શાસ્ત્રી**

આચાર્યા, જે.એન. બાલિકા વિદ્યાલય

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓને ૧૯૪૪ના દાયકાથી અત્યાર સુધીમાં શ્રેષ્ઠ સંચાલક, શ્રેષ્ઠ આચાર્ય, શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ શાળા જેવા ઘણા બધા અવૉર્ડ મળી ચૂકેલ છે. આ વર્ષે આ મોરપીંછમાં એક નવું પીંછું ઉમેરાયું છે. જે.એન. બાલિકા વિદ્યાલયના આચાર્યા અને ઘરશાળાના પરામર્શક શ્રી હેતલબહેન શાસ્ત્રીને ગુજરાત રાજય તરફથી શ્રેષ્ઠ આચાર્યનો અવૉર્ડ આપવામાં આવ્યો છે. ઘરશાળા પરિવાર અને સરસ્વતી વિદ્યામંડળ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

**આજે ભણવાનું સૌ કોઈ જાણે છે, પણ શું ભણવું જોઈએ તે કોઈ જાણતું નથી. - બર્નાડ શો**

# પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. ઊર્મિલાબહેન શાહ

૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબ પાસે, અમદાવાદ.
મો.: ૯૯૭૯૨૩૦૪૦૪

'અરે સુનીતાબહેન ! આજે તમે ક્યાંથી અહીં ભૂલા પડ્યાં ! કેટલા બધાં સમયથી તમે મળ્યાં જ નથી ! હા, આજે તો દીકરાનું રીઝલ્ટ છે એટલે સ્કૂલમાં આવ્યાં હશો નહીં ! પણ એના મમ્મી પપ્પા તો આવ્યાં જ હશે ને ! પછી તમે કેમ આમ હવે આ ઉંમરે દોડો છો ! એ તો ભાઈ... કહેવત છે ને કે 'મૂડી કરતાં વ્યાજ વહાલું લાગે' એટલે પોતાનાં છોકરાઓમાં તો દોડતાં જ હોઈએ પણ પૌત્રોની પાછળ તો વધુ હોંશથી દોડાય છે નહીં.'

'બહેન ! એવું તો ખરું જ પણ અંકિતને ખૂબ સારા માર્ક્સ આવ્યાં એટલે પછી મારું મન ઝાલ્યું રહે ખરું ! એ નાનો હતો ત્યારથી જ એને એના પપ્પાની જેમ ડૉક્ટર થવું હતું, એટલે પહેલેથી જ ભણવામાં તો જરાય પાછો પડતો ન હતો પણ મેડિકલમાં ઍડમિશન લેવું એ કંઈ સહેલી વાત ઓછી જ છે એટલે એણે અગિયારમુ અને બારમુ તો કંઈ મહેનત કરી છે. ક્યારેક તો એમ થઈ જાય કે આ શું ? ન ખાવાના કે ન પીવાના, આખો દિવસ નીચું ઘાલીને ભણ્યાં જ કરતો હતો અને એટલે મને ક્યારેક ડર પણ લાગતો કે ક્યાંક તબિયત બગાડી ન બેસે, નહીં તો ખરી પરીક્ષા કે ખરું ભણવાનું આવે ત્યારે જ પાછો પડી જાય... અને એમાંય થયું એવું જ ને, આમ તો એને ઢગલો માર્ક્સ આવ્યાં છે પણ એને ડાયાબિટીસ છે એ જ મહામુશ્કેલી છે.'

શું વાત કરો છો ? આટલા નાના અંકિતને ડાયાબિટીસ હોય નહીં. આટલા વર્ષો અહીં ભણ્યો ત્યાં સુધી તો તમે ક્યારેય એની વાત ન કરી, ને હવે ડાયાબિટીસ, તમારી કંઈ ભૂલ થતી લાગે છે.

બહેન! આવી વાતમાં તે કંઈ ભૂલ થાય. મને ચિંતા એ જ છે કે એને અહીં અમદાવાદમાં જ ઍડમિશન મળી જાય તો ફીકર નહીં, ઘરઆંગણે હોય એટલે એનું ખાવા પીવાનું ને તબિયત બધું સચવાઈ જાય પણ હવે આ ઍડમિશનો ય ક્યાં એટલા સહેલાં છે. ક્યાંક બહારગામ જવાનું થાય ત્યાં એનું ખાવા-પીવાનું ક્યાંથી સચવાય. વળી અહીં હોય તો તો ઘરમાં એના પપ્પા પોતે જ ડૉક્ટર એટલે બધું ધ્યાન રાખે પણ હૉસ્ટેલમાં રહેવાનું આવે તો ખાવાપીવાનું અને સમયસર બધુ સાચવે કોણ ? તમે તો જાણો છો કે આ છોકરાંઓ ક્યારેક એવી છોકરમત કરી નાખે કે ન ખાવા-પીવાનો સમય સાચવે કે ન શું ખાવું કે ન ખાવું એ સાચવે. તમે માનશો ! પેલા સ્મૃતિબહેનનાં બાબાને જન્મ્યો ત્યારથી જ ડાયાબિટીસ આવેલો. બિચારા રોજ રિસેસમાં એને મારે ખાવાનું લઈને આવે ને પાસે બેસીને ધ્યાનથી ખવડાવે. એટલું જ નહીં પણ ક્યારેક કોઈ સંજોગોમાં ડાયાબિટીસ ઘટી જાય ને કોમામાં જતો રહે તો પણ એને તો જાણે જન્મથી જ આ ડાયાબિટીસ આવેલો અને પપ્પા ડૉક્ટર હતા એટલે રોજેરોજ બધું સાચવે છે પણ આ છોકરાઓ, હૉસ્ટેલમાં રહેવાનું આવે તો કેવી રીતે સચવાય ?

વળી હવે તો ભણવાનું ય કેટલું વધી ગયું છે. અંકિત ગમે તેટલો હોશિયાર હોય પણ ભણવાનું ટેન્શન કંઈ થયા વિના રહે. એમાં આ તો મેડિકલ એટલે મહેનતનું તો પૂછવાનું જ નહીં ને. ડાયાબિટીસમાં સ્ટ્રેસની પણ કેટલી અસર થાય છે. બ્લડપ્રેશર, ડાયાબિટીસ આ બધાં રોગો સ્ટ્રેસથી પણ વધી જાય છે અને તમે તો જાણો જ છો ને કે હવેનું જીવન સ્ટ્રેસ વિનાનું હોય છે ખરું. સવાર પડે અને માણસ આંખ ખોલે ત્યારથી જ સ્ટ્રેસ શરૂ થઈ જાય. માણસ મહત્ત્વાકાંક્ષી બનતો જાય છે અને એટલે એ સતત જે કંઈ મેળવે કે પામે તેનાંથી સંતોષ અનુભવવાને બદલે પળે પળે એને શું નથી મળ્યું એમાં જ અટવાતો રહે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

શિક્ષક તો સૂત્રધાર છે. તેણે બાળકોને ઓળખીને તેમની ગર્ભિત શક્તિઓને બહાર લાવવાની છે. - વિનાબા ભાવે

# મેડિકલ શિક્ષણ : ભ્રષ્ટાચાર અને ગેરવહીવટનાં પરિણામો

**ડૉ. રોહિત શુક્લ**
આંબાવાડી, અમદાવાદ.

રાજયના મુખ્યમંત્રીએ જાહેરમાં કબૂલ્યું કે રાજયના ખાસ કરીને બે વિભાગોમાં ભ્રષ્ટાચાર છે. અલબત્ત, આ નિખાલખ કબૂલાત બદલ તેઓ અભિનંદનના અધિકારી છે. પણ સવાલ એ પણ ખરો જ કે આ ભ્રષ્ટાચાર રોકવાની જવાબદારી પણ આપના વડપણ હેઠળની સરકારની જ ગણાય ! ખેર, મુખ્ય મંત્રીએ જે બે ખાતાંના ભ્રષ્ટાચારની વાત કરી તેમાં શિક્ષણ ખાતાનો ઉલ્લેખ રહી ગયો હોય તેમ જણાવ છે. અન્ય પણ અનેક ખાતાં હશે, જેની માહિતીનું આકલન કરી મુખ્યમંત્રી યોજનાબદ્ધ રીતે આગળ વધીને રાજયને નમૂનારૂપ અને ઉત્તમ વહીવટ પૂરો પાડશે તેવી આશા રાખીએ. આમેય તે આપણું રાજ્ય 'ગુજરાત મૉડલ' અને નંબર વન તથા ઉત્તમ વિકાસને વરેલું ગણાય જ છે. આવાં વિશેષણો ધરાવનાર રાજ્ય ભ્રષ્ટાચાર અને ગેરવહીવટથી ખદબદતું હોય તે તો માની જ ન શકાય.

રાજયમાં શિક્ષણમાં ભ્રષ્ટાચાર પ્રવર્ત અને વહીવટ ખાડાથી પણ નીચે ઉતરી ગયો હોય, તો શું થાય તેનું એક નમૂનારૂપ ઉદાહરણ મેડિકલ ક્ષેત્રનાં ફીનાં ધોરણ અને અભ્યાસના સંદર્ભે જોઈ શકાય છે. મેડિકલ શાખાનો દાખલો ઉપયોગી બને છે. કારણ કે આજના નવાયુવા માટે નોકરી મેળવવાનાં લગભગ તમામ ક્ષેત્રો બંધ થઈ ચૂક્યાં છે. દેશની ૧૦૭ એન્જિનિયરિંગ કૉલેજો વિદ્યાર્થીના અભાવે ગયે વર્ષે બંધ થઈ. આ વર્ષે બીજી ૫૭ કૉલેજોએ એઆઈસીટીઈને બંધ થવાની નોટિસ આપી છે. સ્કિલ ઈન્ડિયાનો રાષ્ટ્રીય પ્રોગ્રામ ચલાવનાર દેશમાં આઈ.ટી.આઈ.થી માંડી આઈ.આઈ.ટી. સુધીનાને ભાગ્યે જ કામ મળે છે. તાજેતરના એક અહેવાલ મુજબ દેશની લગભગ અડધી યુવા વસ્તી બેકાર છે. ડેન્ટલમાં પાસ થનાર બી.ડી.એસ.ને માંડ ત્રણથી પાંચ હજારનો પગાર મળે છે. એમ. ફાર્મ. થયેલા પૈકી ઘણા દસમા-બારમાના ટ્યૂશન વર્ગોમાં ભણાવે છે. ડેન્ટલ, હોમિયો અને આયુર્વેદ ભણેલાને 'કૅપ્સ્યૂલ પ્રોગ્રામ' દ્વારા એમ.બી.બી.એસ.ની સમકક્ષ બનાવવાનો ખ્યાલ છે.

આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, શિક્ષણ, મૅનેજમેન્ટ, લૉ, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયો, ફાર્મસી, એન્જિનિયરિંગ વગેરેમાં અસંખ્ય ડિગ્રીધારકો છે પણ તે પ્રમાણમાં નોકરીઓ નથી. આથી હવે મા-બાપ અને વિદ્યાર્થી મેડિકલના પ્રવેશ વાસ્તે જી-જાનથી બાજી લગાવીને ઝઝૂમી રહ્યા છે. દેશનાં બાળકો પંદક વર્ષનાં એટલે કે નવમું ધોરણ પાસ કરે, ત્યાં સુધી જ આનંદથી જીવી શકે છે. તે પછી દસમા-બારમા સુધી મેડિકલના પ્રવેશ માટે ભારે સંઘર્ષ અને તનાવ વેઠવા માંડે છે. નિશાળમાં ગેરહાજર રહેવા છતાં હાજરી પૂરવાની શરતે પ્રવેશ મેળવીને વાલીઓ પોતાના બાળકને મોંઘામાં મોંઘા ટ્યૂશન ક્લાસમાં મૂકે છે. સરકારે ક્યારેય તપાસ કરી ખરી કે વિદ્યાર્થી જો શાળામાં હાજર હોય, તો તે જ સમયે ટ્યૂશન ક્લાસમાં પણ કેવી રીતે હાજર હોઈ શકે ?

ખરે ! આ ટ્યૂશન ક્લાસો વિદ્યાર્થીઓ પાછળ સખત અને ઉચ્ચ ગુણવત્તાસભર પરિશ્રમ કરે છે. જો નિશાળોમાં ટ્યૂશન ક્લાસ જેવું ભણાવાય. તો જોઈએ જ શું ? આવા ક્લાસ, વિદ્યાર્થી અને સમગ્ર પરિવારની સખત મહેનતને પરિણામે જો વિદ્યાર્થી મેડિકલમાં પ્રવેશ મેળવવાની હદ સુધી પહોંચી જાય પછી શું ? આ 'પછી શું'માં જ ભ્રષ્ટાચાર

**શિક્ષક એ સંસ્કૃતિનો સંક્રમક છે. - વિમલા ઠકાર**

અને ગેરવહીવટની સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ પ્રસરેલો છે.

મેડિકલ સહિતની (ડેન્ટલ, હોમિયોપેથી, આયુર્વેદ, ફિઝિયોથેરાપી) વિવિધ ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે હવેથી 'નીટ'ની પરીક્ષા યોજાય છે. આવી પરીક્ષામાં સાવ ટોચના પણ નહીં અને સાવ છેવાડાના પણ નહીં એવા માર્ક્સ મેળળનારને માટે ખાસ પ્રકારની વિસામણ ઊભી થાય છે. પ્રવેશની પદ્ધતિ ડિજિટલ ધોરણે ચાલે છે અને નિષ્પક્ષ હોય છે. પરંતુ તેમાં વિવિધ અંકુશો અને જોગવાઈઓ હોય છે. વિદ્યાર્થી સૌપ્રથમ પોતાના માર્ક્સના આધારે અને પોતાની ઈચ્છા પ્રમાણે વિવિધ કૉલેજોમાં પ્રવેશ માટેના અગ્રતાક્રમ દાખવે છે. પણ પછી ફીનાં ધોરણો ચિત્રમાં પ્રવેશે છે. મૅડિકલની વિવિધ સીટોમાં 'પેમેન્ટ', ઈડબ્લ્યુએસનું રિઝર્વેશન અને ક્યારેક મૅનેજમેન્ટ ક્વૉટાની જોગવાઈઓ હોય છે, ફી વાર્ષિક રૂ. ત્રણ લાખથી માંડી રૂ. પંદર લાખ જેવી હોય છે. સરકારી કે ખાનગી કૉલેજમાં ગુણવત્તાના આધારે પ્રવેશપાત્ર બનનારાએ પણ ક્યાંક સાડા આઠ લાખ રૂપિયાની વાર્ષિક ફી ચૂકવવાની થાય છે. મતલબ કે એમબીબીએસનાં પાંચ વર્ષના અભ્યાસ માટે રૂા. પંદર લાખથી માંડી રૂ. પંચોતર લાખ ખર્ચવાની તૈયારી રાખવી પડે. વળી, આ પાંચ વર્ષ દરમિયાન ફીમાં વધારો નહીં જ થાય તેવું નથી. વિદ્યાર્થીએ ફી ઉપરાંત હૉસ્ટેલ ફી, ભોજન ખર્ચ, પુસ્તકો સ્ટેશનરી અને જરૂરી સાધનો વસાવવાનો ખર્ચ કરવાનો રહે છે. અહીં બે પ્રશ્નોના ઉત્તર શોધવા રહ્યા :

(૧) ફીનાં આ ધોરણો કેવી રીતે નક્કી કરાય છે ? એક એમબીબીએસને તૈયાર કરવાનું ફીનું ખર્ચ રૂ. પંચોત્તેર લાખ (વત્તા અન્ય ખર્ચા), હોઈ શકે ? સરકાર આ મુદ્દે ચૂપ કેમ રહે છે ?

(૨) આ કૉલેજોમાં અપાતું શિક્ષણ યોગ્ય ગુણવત્તા ધરાવે છે ? કૉલેજોમાં જરૂરી લાયકાત ધરાવતા અધ્યાપકો પૂરતી સંખ્યામાં હોય છે ? એઈમ્સ અને રાજ્યોની મેડિકલ કૉલેજો વચ્ચે ગુણવત્તાની અસામાનતા કેમ છે ? વિદ્યાર્થીઓ પ્રવેશ માટે એઈમ્સને ઊંચો અગ્રતાક્રમ આપે છે, તે જાણીતું છે.

આ બે સવાલોની આસપાસ ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ કેવી રીતે સંકળાય છે, તે જોઈએ :

નીટની પરીક્ષા પાસ કરનાર સમક્ષ રાજ્ય અને દેશની સર્વસામાન્ય મેડિકલ કૉલેજો અને એઈમ્સ સિવાય વધારાનો એક વિકલ્પ વિદેશમાં અભ્યાસ કરવાનો છે. આ દેશમાં અપાતા મેડિકલ શિક્ષણની બાબતમાં મહત્ત્વના મુદ્દા આ પ્રકારે છે :

(૧) કુલ પાંચ વર્ષની ફી લગભગ રૂ. એકવીસ લાખથી માંડીને રૂ. એકત્રીસ લાખ સુધીની છે.

(૨) અભ્યાસનાં પાંચ વર્ષના તબક્કા દરમિયાન, નવા વિદ્યાર્થીઓ માટી ફી વધારો કરાય તો પણ તે જૂનાને લાગુ પડાતો નથી.

(૩) ફીની રકમમાં રહેવા-જમવાનું, પુસ્તકો અને સાધનોનું, ગણવેશનું તેમજ જીમખાનાનું ખર્ચ આવરી લેવાય છે.

(૪) એક વર્ગમાં માત્ર ચાલીસ વિદ્યાર્થીઓ જ હોય છે.

(૫) ઘણી યુનિવર્સિટીઓ અમેરિકન મેડિકલ કૉલેજોનો અભ્યાસક્રમ જ ભણાવે છે. આથી એમબીબીએસ કર્યા પછી પોસ્ટ ગ્રૅજ્યુએશન અમેરિકામાં કરવાનો માર્ગ સરળ બની જાય છે. અલબત્ત, આ માટેની જરૂરી પરીક્ષા પાસ કરવી ફરજિયાત હોય છે, પણ તેમાં પાસ થવાનું વધુ સરળ બની રહે છે.

**હવે સવાલ આટલા :**

(૧) ભારત આટલો વિશાળ દેશ છે અને તેની મેડિકલ

સફળ ને શ્રેષ્ઠ શિક્ષક સતત જાગતો, સારું શીખતો, નવા અભિગમો સ્વીકારતો અને બાળકોને નવું નવું પીરસતો હોય છે. - પ્રિ. ભોગીભાઈ શાહ

કૉલેજોમાં ભણીને ઈંગ્લેન્ડ કે અમેરિકા જેવા દેશોમાં સમાઈ ગયેલા હજારો ડૉક્ટર્સ છે જ. દા.ત. યુકેની મેડિકલ સેવામાં વીસ ટકા ભારતીય મૂળના ડૉક્ટર્સ છે. આમ છતાં, સરકાર આ જ્ઞાન, અનુભવ અને આવડતનો ભારતમાં વિકાસ કેમ કરી શકતી નથી ?

(૨) ભારતમાં 'મેડિકલ ટૂરિઝમ' વિશે વારંવાર કહેવાય છે. ૨૦૧૯ની શિક્ષણનીતિના ખરડામાં શિક્ષણની 'નિકાસ' કરવાની પણ વાત કહેવાઈ છે. શિક્ષણની નિકાસ કરવી તેનો અર્થ એ છે કે વિદેશી વિદ્યાર્થી આપણી યુનિવર્સિટીઓમાં ભણવા માટે આકર્ષવા. ભારત પાસે આટલા મોટા પ્રમાણમાં મેડિકલ શિક્ષણનું માળખું હોવા છતાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવતા નથી. આ માટે ગુણવત્તા અને ઊંચી ફી ઉપરાંત સામાજિક સમરસતાના અભાવનું પણ કારણ હોઈ શકે.

(૩) ડૉક્ટરો સાથે પેશન્ટનાં સગાંઓ અને રાજકીય પક્ષોના નેતાઓની મારામારીના બનાવો વધતા ચાલ્યા છે. એક અંદાજ મુજબ દેશમાં રોજ ત્રણ ડૉક્ટર્સની પિટાઈ થાય છે. આટલી મહેમતનો અભ્યાસ, આટલો ખર્ચ અને પછી માર ખાવાનો ! સરકાર આટલો પણ વહીવટ કરી શકતી નથી; એવા સંજોગોમાં કયો ડૉક્ટર ગામડામાં જઈને સેવા કરે ? તે વિદેશ ભાગી જાય તો નવાઈ ખરી ?

(૪) મેડિકલના અભ્યાસ માટેની, ભારત કરતાં અનેક રીતે વધુ સારી સગવડો ઊભી કરનારા દેશો એશિયા, આફ્રિકા કે યુરોપના અને પ્રમાણમાં નાના અને ખાસ વિકસ્યા ન હોય તેવા દેશો છે. આ દેશો પૈકી કોઈને પોતે 'જગતગુરુ' હોવાનો વહેમ નથી. મેડિકલ જેવા આધુનિક વિજ્ઞાનને યોગ્ય પદ્ધતિથી અને ઘણા ઓછા ખર્ચે, ઊંચી ગુણવત્તા સાથે અને પૂરતી સગવડ આપીને ભણાવે છે. પોતાને મહાન ગણાવતા ભારતે આટલું પણ કર્યું નથી.

૧. ઊંચી ફીની ઉઘાડી લૂંટ સરકાર રોકી શકતી નથી.
૨. વિદેશોમાં પણ સરળતાથી સ્વીકારાય તેવી ગુણવત્તાવાળું સાર્વત્રિક શિક્ષણ સરકાર આપી શકતી નથી.
૩. દેશના અતિ ઉત્તમ અને અત્યંત મહેનતું એવા યુવાધનને સરકાર સાચવી શકતી નથી.
૪. એમબીબીએસ થયેલા ડૉક્ટરોની ઉપર શારીરિક હુમલા કરનારા દર્દીઓનાં સગાંવહાલાં અને હવે રાજકીય નેતાઓથી પણ સરકાર ડૉક્ટરોને બચાવી શકતી નથી.
૫. વિદેશોમાં જો ઊંચી ગુણવત્તાવાળું શિક્ષણ રૂ. ૨૧ થી ૩૧ લાખ અપાતું હોય, તો ભારતમાં રૂ. ૭૫ લાખ સુધીની ફી દ્વારા ચલાવાતી લૂંટને સરકાર રોકી શકતી નથી.

આ બધો માત્ર ગેરવહીવટ જ હશે કે પછી હથેળી ગરમ થાય, એટલે વહીવટમાં ઉપેક્ષાભાવ સેવવાનો થતો હશે ? નોંધપાત્ર બાબત એ પણ ખરી જ કે આ ગેરવ્યવસ્થાનો ભોગ બનનાર પણ 'મારે શું ?' કરીને ચૂપ રહે છે. મુખ્યત્વે તો 'આપણે આપણું સાચવી લો' અને 'ખોટા ગામડાહ્યા ન થવું', તેવો અભિગમ પણ ખરો !

આ બધાનું પરિણામ આ શિક્ષણ અને આપણા દેશ માટે વિઘાતક છે. જો સમાજ બોલે તો સરકારનું ધ્યાન દોરાય અને અસરકારક રીતે કામ કરતી થાય. આમ બને તો દેશની સ્વાસ્થ્ય સેવામાં સુધારા સુધીની વ્યાપક અસરો પડે. આજે ગામડામાં સ્વાસ્થ્ય સેવાઓ પોતે જ મરણપથારીએ પડી છે. શહેરના ઉત્તમ ડૉક્ટરો ઉપર કૉર્પોરેટ જગતની મોટી હૉસ્પિટલોની પકડ છે. કુટુંબો

આર્થિક રીતે ખુવાર થઈને દીકરા-દીકરીને મેડિકલ કરાવે છે. યુવા વર્ગ અત્યંત તણાવભરી પરિસ્થિતિમાં જીવે છે. ટ્યૂશન કલાસના 'હબ' ગણાતા કોટામાં દર વર્ષે દસેક વિદ્યાર્થીઓ આ તણાવ જીરવી ન શકાતા આપઘાત કરે છે.

આ નવા કાયદામાં પાર વગરની અસ્પષ્ટતાઓ છે. કંપાઉન્ડર અને ફાર્માસિસ્ટ પણ હવે અગિયાર વર્ષે ભણીને, સ્પેશિયાલિસ્ટ બનેલા ડૉક્ટરની જેમ દર્દીની સારવાર કરી શકશે. હવે ફાર્માસિસ્ટ ઑર્થોપેડિક ડૉક્ટર, આઈ-સ્પેશિયાલિસ્ટ કે સ્કિન સ્પેશ્યાલિસ્ટની જેમ 'સારવાર' કરી શકશે. આવું ન કરે માટે ઠેરઠેર નિયંત્રણ અને કાનૂની કાર્યવાહીની ક્ષમતા સરકાર પાસે છે ?

વળી દેશમાં એકસરખા મેડિકલ શિક્ષણની ઈચ્છા રાખનાર સરકાર પાસે પૂરતો ટીચિંગ સ્ટાફ છે ?

(૧) કોઈપણ ચોક્કસ દેશની શિક્ષણ-વ્યવસ્થાનો પ્રચાર કરવાનો હેતુ ન હોવાથી કોઈપણ દેશનાં નામ લખ્યાં નથી.

(૨) વાચકોને નમ્ર વિનંતી કે પોતાના વર્તુળમાં મેડિકલમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થી-વાલીની સાથે આ લેખના મુદ્દા ચર્ચી, બની શકે તો સરકાર સમક્ષ રજૂઆત કરે. આ કાર્ય કોઈ વિરોધનું નથી. બલ્કે દેશની વ્યવસ્થાને વધુ સારી બનાવવાનું છે. ૨૦૧૯ની નીતિમાં વિદેશમાં વિદ્યાર્થીઓ ભારતમાં ભણવા આવે તેવી ઈચ્છા વ્યક્ત થઈ જ છે. જો વ્યવસ્થા સુધરે, તો આપણા વિદ્યાર્થીઓ પરદેશ જતા હોવાથી થતું નુકસાન અટકે અને વિદેશી વિદ્યાર્થીઓ આવવાથી થનાર લાભ વધે.

આ નવા બિલનો દેશભરમાં ડૉક્ટરોએ વિરોધ કર્યો છે. તેનું એક કારણ એ પણ છે કે હવે એમબીબીએસ અને આયુર્વેદ વગેરેના ડૉક્ટર વચ્ચેનો ભેદ મિટાવી દે તેવા અનેક કેપ્સ્યૂલ પ્રોગ્રામ શરૂ કરાશે. એમબીબીએસ થયા ન હોય તેવા હોમિયોપેથ, આયુર્વેદ વગેરેના ડૉક્ટરો પણ એલોપથીની દવાઓ લખી શકશે / મતલબ કે ઘણી મહેનત કરીને તથા ઘણી ઊંચી ફી ભરીને એમબીબીએસ થયેલા અને પ્રમાણમાં ઓછી સિદ્ધિ અને ઓછું ખર્ચ કરીને ભણેલા સરખાં !

આ વર્ષના સેશનમાં મેડિકલ શિક્ષણમાં સુધારણા હેતુથી સરકારે એક બિલ પસાર કર્યું છે. ૧૯૫૬થી ચાલી આવતી મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા તેના ભ્રષ્ટાચાર માટે પ્રખ્યાત છે. આ કાઉન્સિલના ભ્રષ્ટાચારીઓને પકડવા કે હટાવવાનું પસંદ કરવાને બદલે સરકારે એવું નવું નૅશનલ મેડિકલ કમિશન રચવાનું મુનાસિબ માન્યું. હવે એમબીબીએસની પરીક્ષા દ્વારા એકસાથે ત્રણ હેતુઓ સિદ્ધ થશે :

(૧) એમબીબીએસ કક્ષાએ અટકી જવા માંગનારાની પાસ/નપાસની કસોટી થશે.

(૨) એમબીબીએસ પછી પોસ્ટ ગ્રૅજ્યુએટ કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓની પ્રવેશ કસોટી થશે અને


(૩) વિદેશોમાં એમબીબીએસ થનારાઓને દેશની ડિગ્રીની સમકક્ષ ગણવા કે નહીં તેની પણ કસોટી કરાશે.

સરકાર એમસીઆઈનો ભ્રષ્ટાચાર રોકી શકી નથી પરિણામે મેડિકલમાં પ્રવેશપાત્ર માર્ક્સ મેળવનારને પણ આઠ લાખ રૂપિયા જેવી વાર્ષિક ફી ભરવાની થાય છે. પાંચ વર્ષના ૪૦ લાખ અને વધારાના રહેવા, ખાવા, પુસ્તક, સાધન વગેરેના કુલ ખર્ચ રૂ. ૫૦ લાખ થઈ જાય છે. આની સામે વિદેશમાં ૨૧થી ૩૧ લાખના ખર્ચમાં આ અભ્યાસ થઈ શકે તેમ છે. જો વિદેશમાં વર્ષનો લગભગ રૂ. ચાર લાખ ખર્ચ આવતો હોત, તો તેથી વધારાની તમામ ફી ખાનગી શિક્ષણકારોના ગજવાં ભરવા માટે જ છે ! સરકાર ભ્રષ્ટાચાર રોકીને સારો વહીવટ પૂરો પાડવામાં ફરી એક વાર ઊણી ઊતરી છે.

**બાળક એક જ્યોત છે, જેને શિક્ષકે પેટાવવાની છે.**

# પાયાની હૂંફ

**ડૉ. હિતેષ બી. શાહ**
શ્રવણ ઈ.અને.ટી. હૉસ્પિટલ, ભીડભંજન મંદિર પાસે,
સુખનાથપરા રોડ, અમરેલી. મો. : ૯૮૭૯૩૨૩૪૭૮



"હલ્લો બોયઝ... મજામાં...?" સાંજે ઘરમાં પ્રવેશતાવેંત જ ડૉ. શીલ પોતાના દીકરાઓને સંબોધી રહ્યો. તે હંમેશાં આ રીતે ઘરે પ્રવેશતો. તેનો લગભગ ૧૦ વર્ષનો મોટો દીકરો ટેબ્લેટની કોઈ ગેમમાં માથું નાખીને પડ્યો હતો ને નાનો સાતેક વર્ષનો દીકરો ટી.વી.માં કાર્ટૂન ચેનલ જોઈ રહ્યો હતો. તેને હતું કે હમણાં દીકરાઓ તેને વળગી પડશે ને નવી શું ગિફ્ટ આવી (ડૉક્ટરોને મેડિકલ રિપ્રેઝેન્ટેટીવ એમ.આર. તરફથી અવારનવાર ગીફ્ટ મળતી રહે છે) તેની પૃચ્છા કરશે. પરંતુ તેમ ના થયું. કોઈ હલ્યું નહિ. દીકરાઓએ તેના આગમનની જરાય નોંધ ના લીધી. કદાચ દીકરાઓ તેની સાથે વાત નહિ કરવા માંગતા હોય. તેની પત્ની રસોડામાં મગ્ન હતી. તેણે ઈશારાથી વૉશબેઝિનમાં હાથ ધોવાનું કહ્યું. આયુર્વેદિક હેન્ડવૉશથી હાથ ધોતા ધોતા શીલ બોલ્યો આજે સરસ ગિફ્ટ આવી છે. એમ.આર. તરફથી' દીકરાઓ લલચાયા નહિ, કોઈ હલ્યું નહિ. તેની પત્ની શિલ્પીએ ડાઈનિંગ ટેબલ પર થાળી પીરસી ને પોતે જમવા બેઠો.

'શું થયું છે છોકરાઓને ?' સ્પષ્ટતા કરવા ખાતર તેણે શિલ્પીને પૂછ્યું.

'સાંજે તમે અમને લોકોને તાત્કાલિક બોલાવ્યાને હૉસ્પિટલે તમારા બાલમંદિરના મેડમને પગે લાગવાને મોબાઈલમાં ફોટા પડાવવા એટલે બંને નારાજ છે. એ લોકોને રમવું હતું. એમને એમ લાગ્યું કે તમે એમનો ટાઈમ બગાડ્યો...' શિલ્પી પાણીનો ગ્લાસ ભરતા બોલી.

એકાદ બટકું ખાધા પછી શીલે કહ્યું 'શું તને પણ એવું લાગે છે'

'કેવી વાત કરો છો ?'

મનમાં એક હાશકારા સાથે તેણે જમવાનું શરૂ રાખ્યું. તેની પત્નીએ ટીવી ઓન કરી ન્યુઝ ચેનલ જોવા માંડી. આજે શિક્ષકદિન હોવાથી વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીએ આખાય ભારતના બાળકો સાથે વાર્તાલાપ કરી તેનું રિપીટ ટેલિકાસ્ટ આવવાનું હતું. શીલ જમતો હતો ખોરાકના કોળિયાના ચાવવાની સાથે સાથે તેનું મન સાંજની ઘટનાઓને વાગોળી રહ્યું.

એક ઊંચો દેહ, પ્રસન્ન મુખ ને ગાયત્રી પરિવારના અનુયાયીઓની કાયમી પહેચાન જેવી સફેદ સાડીમાં એક વૃદ્ધ માજી દાખલ થયા પોતાની કન્સલ્ટિંગ ચેમ્બરમાં સાંજે. તેમને જોતાં જ પોતે તેમનાં પગમાં પડી ગયો હતો. 'તમે અરુણાબહેન કે નહિ ?' એવી ખરાઈ કરીને પેલા અરુણાબહેન કંઈ સમજે એ પહેલા પોતે બધી ચોખવટ કરી, કે આજથી ૩૫ વર્ષ પહેલા એક નાનકડા ગામમાં તમે મને બાલમંદિરમાં ભણાવેલો. મેડમને પણ શીલ અને તેની માતા યાદ આવી ગયા. ને પછી પોતે ફોન કરીને પત્ની તેમજ બાળકોને ઘરેથી તાત્કાલિક બોલાવી, સહપરિવાર પગે લાગીને ફોટા પડાવ્યા હતા. તે વિચારી રહ્યો, અત્યાર સુધી તેણે જીવનમાં હજારો વખત એ બહેનને યાદ કર્યા હતા એટલે તેના માનસપટ પર અરુણાબહેનની સ્મૃતિઓ તાજી જ હતી. બાલમંદિરના શિક્ષક હજીયે કેમ યાદ રહી ગયા. એક ચારેક વર્ષના બાળકને તેના જીવનપર્યંત? કદાચ ઘણીબધીવાર એમણે એ રડતા બાળકને પોતાના ખોળામાં લઈ રમાડીને જે રીતે ભણતરની સમજ આપી હતી તે હૂંફ ને વહાલ તેના માનસપટ પર અંકિત થઈ ગયા હશે અને એટલે જ એ અરુણાબહેનની સ્મૃતિ ચિરકાળની બની રહી. પ્રાથમિક શિક્ષણ, હાયર

**કોઈપણ રાષ્ટ્રના રક્ષણ અને વિકાસ માટે શિક્ષક અને સૈનિક મહત્ત્વનાં પરિબળો છે.**

સેકન્ડરી, મેડિકલ કૉલેજ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશન આ બધી જ જગ્યાએ શિક્ષકો તો હતા જ અસંખ્ય, પરંતુ જે થોડાક શિક્ષકો એને કાયમી યાદ રહી ગયા હતા તેમાંના આ પ્રથમ કરુણામૂર્તિ અરુણાબહેન હતા.

'અબ આઈએ.... વડાપ્રધાનને આજ શિક્ષકદિન કે અવસર પર પૂરે દેશ કે બચ્ચોં કે સાથ ક્યા બાતચીત કી યે દેખીયે...' સાંભળતા જ ડૉ. શીલ પાછો વર્તમાનમાં આવી ગયો. તેની પત્નીએ ચૅનલ બદલી હતી. શ્રી નરેન્દ્ર મોદી બધા વર્ગોમાં લોકપ્રિય છે.

જમવાનું પતાવીને તે દીકરાઓની પાસે આવ્યો સોફા પર.

'અપલોડ કરી દીધા ફોટાઓને વૉટસએપ અને ફેસબુકમાં ડેડી ? મજા આવી ? મોટા દીકરાનો ગુસ્સો હજુ એ બરકરાર હતો.

'બેટા, ફોટા અપલોડ કરી તેનું પ્રદર્શન કરવા નહોતા પડાવ્યા ! ગુરુ એટલે શું ખબર છે તમને ? ક્યાંથી ખબર હોય ? તમે કૉન્વેન્ટ સ્કૂલોમાં ચીપી—ચીપીને અંગ્રેજી બોલવાવાળા બાળકો ગુરુ—શિષ્યના સંબંધના મહત્ત્વને નહિ સમજી શકો...'

નાનો દીકરો પણ નજીક આવ્યો તેને સાંભળવામાં રસ પડ્યો. મોટો દીકરો નહિ સાંભળવાની ઇચ્છાથી સાંભળતો હતો.

'જો બેટા... આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં અમારા નાના તાલુકામાં અત્યારની જેમ પ્લે હાઉસ કે નર્સરી જેવું નહોતું ત્યારે ફકત બાલમંદિર હતાં. શિક્ષા મેળવવાનું સ્થાન મંદિર કહેવાતું. હું લગભગ ચારેક વર્ષનો હોઈશ ને મારી મમ્મી એટલે કે તારા બા મને બાલમંદિરે મૂકવા આવતાં. એક બાજુ એની આંખો ભીની હોય ને બીજી બાજુ હું પણ રડું, શરૂઆતમાં ભણવું કોને ગમે ? ને તે પણ વ્હાલસોયી માતાથી છૂટા પડીને ? ત્યારે આ અરુણાબહેન મને પોતાના ખોળામાં વહાલથી બેસાડતાં, જે મને હજુએ યાદ છે. તેમના ખોળાની હૂંફના કારણે મારો ભણતર પ્રત્યેનો ડર—અણગમો જતો રહ્યો. ને જો આજે હું એક નામી સર્જન બની ગયો છું ફકત ભણી ભણીને... આજના છોકરાઓની જેમ પૈસાથી ડિગ્રી ખરીદીને નહિ ! તમે તો તમારી કૉન્વેન્ટ સ્કૂલમાં રડો તો ટીચર પનીશમેન્ટ આપે, જયારે અમને અમારા ટીચર વહાલ કરતાં. ! આ જ ફર્ક છે સંસ્કૃતિનો, મને લાગે છે કે આજે હું જે કંઈ છું ને તમે લોકો જે કંઈ પણ 'જાહોજલાલી' ભોગવો છો તેની ભવ્યતાની ઇમારતના પાયામાં આ કરુણામૂર્તિ અરુણાબહેનનું વહાલ રહેલું છે. આવા તો કેટલાયે છોકરાઓને તેમણે વહાલ થી ભણાવ્યા હશે. કહી ડૉ. શીલ પોતાની ભીની થયેલી આંખો કોઈને ન દેખાય તે માટે બેડરૂમમાં જતો રહ્યો !

## ભાવાંજલિ

**નાગજીભાઈ દેસાઈ**

લોકભારતી ગ્રામ્ય વિદ્યાપીઠ, સરણોસરાના પૂર્વ વિદ્યાર્થી, લોક વિદ્યાલય, બાલાશ્રમ, મૈત્રી વિદ્યાપીઠ-સુરેન્દ્રનગરના સ્થાપક, આજીવન સમાજ સેવક અને કેળવણીકાર શ્રી નાગજીભાઈ દેસાઈનું તા. ૨૦ ઑગસ્ટ ૨૦૧૯ના રોજ સુરેન્દ્રનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.


સાહિત્ય અને શિક્ષણ જગતને તેમની ગેરહાજરી ખૂબ જ સાલશે. ઘરશાળા માસિક સાથેનો તેમનો સંબંધ ખૂબ જ ઉષ્માભર્યો અને પ્રેરણાદાયી રહ્યો છે. તેમના શિક્ષણવિચારથી ઘરશાળાના વાચકો પરિચિત છે.

ઘરશાળા પરિવાર સદ્ગતને ભાવાંજલિ અર્પે છે.

**સારો શિક્ષક વાણી, વર્તન અને વિચારથી શુદ્ધ હોવો જોઈએ.**

# બાળકો શું ન કરી શકે...?

**જીતુભાઈ નાયક**
એ-૩૪, બાલાજી રેસિડેન્સી,
સુજાતપુરા રોડ, કડી-૩૮૪૪૪૦.
શિક્ષક, સર્વ વિદ્યાલય, કડી. મો.: ૯૨૨૮૭૦૫૭૯૬



વર્તમાન સમયનો એક મોટો પ્રાણપ્રશ્ન એ બની રહ્યો છે કે... આજનું શિક્ષણ ચિંતાજનક બની ગયું છે. બાળકો ભણે છે ખરાં પરંતુ તેમની અંદર સંસ્કાર અને ઘડતરનો અભાવ જોવા મળી રહ્યો છે અને વાત પણ આ સાચી જ લાગે છે પરંતુ આ પરિસ્થિતિ માટે જવાબદાર કોણ..? તો જવાબ બધાં જ અલગ-અલગ મળશે. બધાં એક-બીજા પર દોષારોપણ કરતાં નજરે પડે છે પરંતુ કોઈપણ પોતાની નૈતિક જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. માતા-પિતા શિક્ષકોનો દોષ કાઢશે... શિક્ષકો બાળકોનો દોષ કાઢશે. સાચું કહું તો બાળકના ઘડતર માટે કોઈ એક પરિબળ જવાબદાર હોતું નથી. માતા-પિતા, શિક્ષક, આડોશી પાડોશી, પર્યાવરણ, મિત્ર વર્તુળ વગેરે પણ બાળકના ઘડતરમાં અગત્યનો ફાળો ભજવે છે.

આ બધામાં મારા મતે સવિશેષ જો કોઈ બાળકના ઘડતરમાં ભાગ ભજવતું હોય તો તે છે માત્ર ને માત્ર શિક્ષક...! શિક્ષક જે ધારે તે કરી શકે છે પરંતુ શરત માત્ર એટલી છે કે તેણે દરેક બાળકને પોતાનું જ બાળક માનીને ઘડવાનું છે. માત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરવાથી શિક્ષકની ફરજ પૂર્ણ થઈ જતી નથી. ગમે તેવી પરિસ્થિતિ કેમ ન હોય... સરકાર કે કોઈ અન્ય પરિબળ અડચણરૂપ કેમ ન બનતું હોય... પરંતુ જો કોઈ શિક્ષક મનથી નક્કી કરી લે તો તેના હાથ નીચેથી દર વર્ષે અનેક બાળકોનું ઘડતર થશે અને રાષ્ટ્રને યોગ્ય નાગરિકો મળી રહેશે. બાળક સાથે મનોવિજ્ઞાન પદ્ધતિથી જો કામ લેવામાં આવે છે તો તેનું અવશ્ય નક્કર પરિણામ મળી રહે છે. આ બાબતનો પ્રયોગ મારી શાળાનાં બાળકો પર હું કરી રહ્યો છું અને મને તેમાં ધારી સફળતા પણ મળી છે.

મારી પાસે દર વર્ષે ૧૦ માં ધોરણમાં હિન્દી વિષય રાખનાર જે બાળકો આવે છે તે મોટા ભાગે ભણવામાં મધ્યમ, મસ્તીખોર અને ચંચળ બાળકો આવે છે. તેમને એક તાસ સીધા બેસાડવા પણ દાદ માંગી લે તેવી બાબત હોય છે. મોટા ભાગના અન્ય શિક્ષકો તો તેમનાથી કંટાળી જતા હોય છે ત્યારે તે બાળકો સાથે હું મનોવિજ્ઞાન પદ્ધતિથી શિક્ષણકાર્ય કરું છું તેમજ તેમની પાસે સામાજિક પ્રવૃત્તિઓ કરાવું છું. વર્ગખંડમાં હકારાત્મક ભાષાનો ઉપયોગ કરું છું જેથી આ જ બાળકો પાસેથી હું ધાર્યું અને ૧૦૦% પરિણામ મેળવી રહ્યો છું. એક ઉદાહરણ આ પ્રસંગે આપું તો... આ વર્ષે મે બાળકોને એક પાઠના આધારે જીવદયાનો પ્રોજેક્ટ સમજાવ્યો. તે માટે આયોજન સમજાવ્યું. પોતાના વધારાના ખર્ચમાંથી બચત કરીને રકમ બચાવવાની પ્રેરણા આપી. માતા પિતાને પોતાની સામાજિક પ્રવૃત્તિની જાણકારી આપવાનું સમજાવ્યું. માતા-પિતાએ પણ ઉત્સાહ સાથે બાળકોની પ્રવૃત્તિ વખાણી અને પોતાની પાસેથી રૂપિયા આપી બાળકોને ઉત્સાહિત કર્યાં. એક બાળકે પોતાની સોસાયટીના નોટિસ બોર્ડ પર આ જીવદયા અંગે માહિતી લખી અને ત્રણ જ દિવસમાં સોસાયટીમાંથી ૪૨૦૦ રૂપિયાનું ભંડોળ એકઠું થઈ ગયું. બીજી એક ઘટનામાં સુખી પરિવારનાં એક બાળકે પોતાનો એક દિવસનો પ્રવાસ જતો કરીને તેની રકમ જીવદયા માટે દાન આપી. આવી ઘટનાઓ મેં સાંભળી ત્યારે મારી આંખમાં હરખનાં આંસુ હું જોઈ શક્તો હતો. મારુ હૃદય મનોમન કહી રહ્યું હતું કે... આ બાળકો ક્યાં ઠોઠ છે...? બાળકો તો બધા જ સમાન હોય છે માત્ર તેમને યોગ્ય દિશાની જરૂર હોય છે અને તે દિશા શિક્ષક સિવાય કોઈ ન આપી શકે. આવા તો કેટલાય પ્રસંગો બાળકો સાથે બન્યા છે જે મારા જીવનનાં સંભારણા બની ગયા છે માટે જ મારે વારંવાર કહેવું પડે છે કે... બાળકો શું ન કરી શકે...?

**શિસ્ત, ક્ષમા અને કલાનો ત્રિવેણી સંગમ એટલે શિક્ષક.**

# ગાંધીજી : કેળવણીના દયકુંજ

**પ્રવીણ કે. મકવાણા**
મુખ્યશિક્ષક શ્રી, આંગણકા પ્રાથમિક શાળા,
તા. મહુવા, જિ. ભાવનગર.



ગાંધી બાપુનું આશ્રમજીવન એટલે હૃદયકુંજની કેળવણી. આ આશ્રમ એટલે કેવળ તપોવન, સાધુ સંન્યાસીઓ કે બાવાઓની ગુફા કે પડારો કે હિંદુ ધર્મની શુષ્ક વર્ણાશ્રમ ધર્મની સંહિતા નહિ પણ સામુદાયિક સામાજિક આદર્શોની તપોભૂમિ. 'આશ્રમ એટલે અહીં સામુદાયિક ધાર્મિક જીવન.'

જીવનના સ્પષ્ટ અને સુરેખ નિયમ સાથેનું સામાજિક વાતાવરણ એટલે આશ્રમ જીવન.

હૃદયકુંજમાં આજે પણ આપણને આશ્રમ જીવનની તૈયારી માટે શું શું કરવું પડે ? તે બધી તૈયારીઓ સમજવા માટે કેટલાંક માનવીય મૂલ્યો જાણવા પડે તેમજ અનુભવવા પડે. આ મૂલ્યોની અનુભૂતિ વિના સાચી કેળવણીના દ્વાર ખૂલતાં નથી. આ કેળવણી એટલે અગિયાર મહાવ્રતોની કેળવણી.

● સત્ય અને આચારની કેળવણી : સામાન્ય વ્યવહારમાં અસત્ય ન બોલવું કે ન આચરવું એટલો જ સત્યનો અર્થ નથી, પણ સત્ય એ જ પરમેશ્વર છે ને તે સિવાય બીજું કશું જ નથી એવો દૃઢ વિશ્વાસ હોય. સત્યનું માત્ર ધાર્મિક મૂલ્ય નથી પણ સામાજિક મૂલ્ય તેનાથી ઘણું મોટું છે.

● અહિંસા અને આચારની કેળવણી : અહિંસા એટલે સૂક્ષ્મ જંતુઓથી માંડીને મનુષ્ય સુધી બધા જીવો પ્રત્યે સમભાવ રાખવો. ઘોર અન્યાયી પ્રત્યે પણ પ્રેમભાવ રાખવો. કદી કોઈનું અહિત કરવું પણ નહિ અને મનથી અહિત ઈચ્છવું પણ નહિ.

● બ્રહ્મચર્ય અને આચારની કેળવણી : બ્રહ્મચારી કોઈ સ્ત્રી પર કુદ્રષ્ટિ ન કરે એટલું જ નહિ પણ મનથીયે વિષયોનું ચિંતન કે સેવન નહિ કરે. વિષય પ્રત્યેની સ્વાર્થવૃત્તિ છોડી દેશે.

● આસ્વાદ અને આચારની કેળવણી : મનુષ્ય જ્યાં સુધી જીભના રસો છોડે નહિ કે તેની પર જીતે નહિ ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન અતિ કઠિન છે. ભોજન એ આપણા શરીરને ટકાવી રાખવા કે પોષણ આપવા માટે જ છે. ભોજન કદી ભોગ અર્થે હોય જ નહિ. આમ ભોજનને શરીરયાત્રા માટે ઉપયોગી સમજી સંયમપૂર્વક ઔષધિ માનવાની છે.

● અસ્તેય અને આચારની કેળવણી : પરમાત્મા પ્રાણીઓને સારુ નિત્યની આવશ્યક વસ્તુ જ નિત્ય ઉત્પન્ન કરે છે અને આપે છે. તેનાથી વધારેવ મુદ્દલ ઉત્પન્ન કરતો નથી તેથી પોતાની ઓછામાં ઓછી આવશ્યક્તા ઉપરાંત જે કાંઈ પણ મનુષ્ય લે છે તે ચોરી કરે છે. ખપ પૂરતું જ લેવું એ એક આચાર ધર્મ છે.

● અપરિગ્રહ અને આચારની કેળવણી : અનાવશ્યક જેમ લેવાય નહિ તેમ તેનો સંગ્રહ પણ ન થાય. અપરિગ્રહી પોતાનું જીવન નિત્ય સાદું કરતો જાય. સાદું જીવન સજ્જન વ્યક્તિનો પ્રથમ ગુણ છે. આ ગુણ કેળવવાથી માણસ વ્યભિચારથી બચી જાય છે.

● જાતમહેનત અને આચારની કેળવણી : અસ્તેય અને અપરિગ્રહના પાલનને સારું જાતમહેનતનો નિયમ આવશ્યક છે. વળી મનુષ્ય માત્ર શરીરનિર્વાહ શારીરિક મહેનતથી કરે તો જ તે સમાજના અને પોતાના દ્રોહમાંથી બચી શકે. જાતે રળવાથી માણસને રોટલાની કિંમત સમજાય છે.

● સ્વદેશી અને આચારની કેળવણી : મનુષ્ય પોતાના પડોશીની સેવા કરવામાં જગતની સેવા કરે છે. આ ભાવનાનું નામ સ્વદેશી છે. સ્વદેશીમાં સ્વાર્થને કોઈ સ્થાન નથી. દેશબંધુઓને મદદ કરવાની તક એટલે સ્વદેશી ચીજો

**શિક્ષકનું કામ બાળકનું ઘડતર કરવા સાથે તેને સારો માણસ, સારો નાગરિક, રાષ્ટ્રભક્ત યુવાન બનાવવાનું છે.**

લેવી અને વાપરવી.

● અભયપણું અને કેળવણી : સત્ય, અહિંસા ઇત્યાદિ વ્રતોનું પાલન નિર્ભયતા વિના અસંભવિત છે. જે સત્યનારાયણ રહેવા માગે છે તે ન નાતજાતથી ડરે, ન સરકારથી ડરે, ન ચોરથી ડરે, ન ગરીબાઈથી ડરે, ન મોતથી ડરે. આ અભયપણાથી માનવીની નિર્બળતા દૂર થાય છે.

● અસ્પૃશ્યતાનિવારણ અને માનવતાની કેળવણી: ઊંચ કે નીચ, જાતિ કે પાતિ આ બધું ધર્મ માટે ઘાતક છે. ધર્મ માણસના જીવન અને મૂલ્યોથી ઘડતર પામી વિકાસ પામે છે. આથી આભડછેટ કે જાતિભેદ દૂર કરી આશ્રમ એ સામાજિક ઘડતરની શાળા બનશે તેમ ગાંધીજી કહેતા હતા.

● સહિષ્ણુતા અને સમભાવની કેળવણી : જગતમાં પ્રચલિત બધા ધર્મો સત્યને વ્યક્ત કરનારા છે. પણ તે બધા અપૂર્ણ મનુષ્ય દ્વારા વ્યક્ત થયેલા હોઈ બધામાં અપૂર્ણતાનું અથવા અસત્યનું મિશ્રણ થયું છે તેથી બધા ધર્મો પ્રત્યે સમભાવ રાખવો. આમ સમભાવ અને સહિષ્ણુતાના આધાર પર જ સંવેદનશીલતા જગાડી શકાય છે.

આમ બાપુના આશ્રમજીવનની કેળવણી અને માનવીય મૂલ્યો દ્વારા કેટલાંય નરનારીઓ આશ્રમ સાથે જોડાઈને નવા માનવવાદનો ઉદય થયો. આશ્રમ દ્વારા એક ધીમી સામાજિક ક્રાંતિનો પાયો નંખાયો.

# શિક્ષકોને શિક્ષણ

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ એક્વા કૉમ્પલેક્ષ, મેકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાનનો પ્રારંભ થયો હતો ત્યારની આ વાત છે. સ્વયંસેવકોમાં સેવાવસ્તીનાં બાળકોને ભણાવવાનો ઉત્સાહ ઘણો હતો, પરંતુ આવડત ઓછી હતી. જે ભણાવવાનું હતું તે બધાંને આવડતું હતું, પરંતુ ભણાવતાં આવડતું નહોતું. આવી સ્થિતિમાં બધાંને એવું લાગ્યું કે આપણને કોઈ એવી વ્યક્તિ મળી જાય જે આ બાળકોને ભણાવતી હોય. આપણે તેમની પાસેથી તાલીમ લઈએ. એ વિસ્તારમાં એક આંગણવાડી ચાલતી હતી. સુમનબહેન તેનાં વડાં હતાં. વિદ્યાદાનની ટીમે તેમનો સંપર્ક કર્યો. તેમને વિનંતી કરવામાં આવી કે તમે અમને કેવી રીતે ભણાવાય તે ભણાવો. સુમનબહેન તો ખૂબ રાજી થયાં. શહેરના યુવાનો નિઃસ્વાર્થભાવે ઝૂંપડપટ્ટીના બાળકોને ભણાવે એ વાત તેમને ખૂબ ગમી.

સુમનબહેને વિદ્યાદાનના સ્વયંસેવકોને ભણાવવાનું ચાલું કર્યું. એ વખતે આશરે ૨૦ ૨૫ સ્વયંસેવકો હતા. તેમણે ખૂબ સરસ રીતે તાલીમ આપી. એક સમય તો એવો આવ્યો કે વિદ્યાદાનના સ્વયંસેવકોને તાલીમ આપવા માટે સુમનબહેને આંગણવાડી છોડી દીધી. તેઓ માનતાં હતાં કે હું થોડાંક નાના વિદ્યાર્થીઓને ભણાવું છું, પરંતુ આ સ્વયંસેવકો તો અનેક વિદ્યાર્થીઓને ભણાવે છે. મારી તાલીમનો સમાજને વધારે ફાયદો થશે.

વિદ્યાદાનની ટીમ તૈયાર થઈ ગઈ. તૈયાર થયેલી ટીમે અન્ય ટીમોને તાલીમ આપવાનું શરૂ કર્યું. એ પછી વિદ્યાદાનના સંચાલકોએ સુમનબહેનને વિનંતી કરી કે પુનઃ આંગણવાડી સંભાળી લો. આંગણવાડીને આપની જરૂર છે. સુમનબહેને તેમની વાત માની. એ પછી તો આંગણવાડીનો પણ વ્યાપ વધ્યો. જ્યાં બે ત્રણ શિક્ષકો હતા ત્યાં શિક્ષકો બમણા થયા.

સુમનબહેન વિદ્યાદાનના સ્વયંસેવકોને તાલીમ આપતાં હતાં તેના માટે કોઈપણ પ્રકારના પૈસા લેતાં નહોતાં. વિદ્યાદાનના સંચાલકોએ તેમને પૈસા આપવાનો આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું હતું કે મારાથી પૈસા ના લેવાય. જો હું પૈસા લઉં તો મોટું પાપ કહેવાય. આવી હોય છે નાના ગણાતા મોટા લોકોની વિશાળ ભાવના !

હવે તો વિદ્યાદાનના સંચાલકોએ નવા સ્વયંસેવકોને તૈયાર કરવાની આખી પદ્ધતિ ઊભી કરી છે. નવા સ્વયંસેવકોને તાલીમ આપવામાં આવે છે તથા જૂના સ્વયંસેવકોને સમયે સમયે સંવર્ધિત (રિફ્રેશ) પણ કરવામાં આવે છે.

જોકે વિદ્યાદાનના સ્વંયસેવકોની તાલીમમાં તો સુમનબહેન જ છે, વિદ્યાદાન સંસ્થા ક્યારેય તેમનું ઋણ ભૂલી ના શકે.

**શિક્ષક ક્રાંતિકારી છે, તે વિદ્યાર્થીરૂપી માધ્યમ દ્વારા સમાજ અને રાષ્ટ્રનું નવઘડતર કરી શકે છે. - ચાણક્ય**

# પર્યાવરણની અસમતુલા વૈશ્વિક સમસ્યા બની

**પ્રા. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ**
મુ. રંગાઈપુરા, પોસ્ટવાળું ફળિયું,
તા. પેટલાદ, જિ. આણંદ.
મો. ૯૭૨૪૧૩૭૮૫૧



આજે સમગ્ર વિશ્વમાં પર્યાવરણની કટોકટી સર્જાઈ છે. સમગ્ર વિશ્વમાં પર્યાવરણ ચિંતાનો વિષય બન્યો છે. ગંભીર સમસ્યા બની છે હવે પર્યાવરણ સમતુલાનો પ્રશ્ન કેવળ સ્થાનિક કે રાષ્ટ્રીય રહ્યો નથી. બલ્કે વૈશ્વિક સ્તરે પણ પર્યાવરણની સમતુલા જાળવવાની ચિંતા સમગ્ર વિશ્વની ચિંતા બની છે.

પર્યાવરણ એટલે ચારે બાજુનું આવરણ, સજીવ સૃષ્ટિના અસ્તિત્વ માટે પર્યાવરણના રક્ષણની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. વર્તમાન સમયનો તકાજો છે પર્યાવરણનું સમતુલન દરેક સજીવની સાથે માનવજાત માટે પણ અનિવાર્ય છે. પરંતુ માનવીની કેટલીક અવિચારી અને વિવેકહીન પ્રવૃત્તિઓને કારણે અને વિશેષ તો કુદરતી સંપત્તિના બેફામ વપરાશને લીધે પર્યાવરણની સમતુલા જોખમાઈ છે. તેમાં વિક્ષેપ પડ્યો છે માનવીએ ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણની આરંભેલી વિકાસકૂચે પર્યાવરણ પર વિપરીત અસરો જન્માવી છે. વધતી જતી વસ્તી અને માનવીની વિઘાતક પ્રવૃત્તિઓને કારણે અનેક પ્રકારના પ્રદૂષણો જન્મ્યાં છે. આથી પર્યાવરણનો બગાડ એક વૈશ્વિક સમસ્યા બની છે. પર્યાવરણની સમતુલા દિન-પ્રતિદિન અસમતોલ બનતી જાય છે. સજીવોની પોષણકડીઓ તથા પર્યાવરણના ઘટકો જેવા કે મૃદાવરણ, વાતાવરણ, જલાવરણ તેમજ વિવિધ ચક્રો જેવા કે કાર્બનચક્ર, જળચક્ર, ધસારાચક્ર વગેરેમાં ખલેલ પહોંચી છે. આનું મુખ્ય કારણ એ કે પર્યાવરણમાં સર્જાયેલી અસમતુલા છે. આથી પર્યાવરણનું સંવર્ધન કરવું, જતન કરવું તેની જાળવણી કરવી એ માત્ર ભારતના જ નહિં પરંતુ સમગ્ર વિશ્વના પ્રત્યેક નાગરિકની નૈતિક ફરજ બને છે. પર્યાવરણ બચશે તો પૃથ્વી બચશે અને પૃથ્વી બચશે તો સજીવોનું અસ્તિત્વ રહેશે. માનવજાત બચી જશે. પર્યાવરણની અસમતુલામાં ખલેલ પહોંચવાથી જ સુનામી, ધરતીકંપ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, ગ્લોબલવૉર્મિંગ, ઓઝોનસ્તરમાં ગાબડું વગેરે કુદરતી આપત્તિઓ જન્મી છે. આ આપત્તિઓમાંથી બચવા દરેક નાગરિક પર્યાવરણ પ્રેમી બની પર્યાવરણ સાથે મૈત્રીભાવ કેળવે અને પર્યાવરણના ભક્ષક નહિં પરંતુ રક્ષક બને એ વર્તમાન સમયમાં એનો ધર્મ બની રહે છે.

માનવે પોતાની જરૂરિયાતો સંતોષવા જેવી પ્રવૃત્તિઓ આદરી અને તેના દ્વારા પર્યાવરણમાં અસમતુલા સર્જાઈ.

માનવીએ વસાહતો, વિવિધ સંસ્થાઓ, ઉદ્યોગો, કારખાનાં, વાહન વ્યવહારના માર્ગો, નદી પરના બંધો, નહેરો વગેરેના બાંધકામ માટે ખેતીલાયક જમીનનો ઉપયોગ કર્યો. આ માટે ઘણાં જંગલો કાપી નાખ્યા તેથી ઘણા મનુષ્યોએ અને પ્રાણીઓએ પોતાના નિવાસસ્થાન અને આહાર ગુમાવ્યા.

વસ્તી વિસ્ફોટને લીધે કુદરતી સંસાધનોની માંગ વધી તેથી માનવીએ મોટા પ્રમાણમાં ખનીજો ખોદી કાઢ્યા પરિણામે ખનીજતેલ અને કોલસાના ભંડારો ખાલી થવા માંડ્યા. ખનીજોની અછત ઊભી થઈ.

માનવીએ પાણીનો બેફામ ઉપયોગ કર્યો તેના કારણે ભૂગર્ભ જળસંપત્તિ અને મીઠા પાણીનાં જળાશયોની સપાટી નીચે ઊતરતી જાય છે. બીજી બાજુ જંગલોનો આડેધડ વિનાશ કરવાથી વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે તેથી વનસંપતિ પ્રાણીઓ અને માનવી માટે પાણીની અછત ઊભી થઈ છે. જગતની લગભગ ૫૮ ટકા વસ્તીને ગંદુ પાણી પીવું પડે છે. વિશ્વમાં જળસંકટની સમસ્યા જન્મી છે.

**ઈજનેરો અને હુન્નર ઉદ્યોગોના પારંગતો પર નહીં પરંતુ તે શિક્ષકો પર જ સાચી સંસ્કૃતિનો આધાર છે. - જે. કૃષ્ણમૂર્તિ**

ઔદ્યોગિકરણને કારણે શહેરોમાં કારખાનાં, ઔદ્યોગિક એકમોમાંથી દૂષિત પાણી, નદીઓ, સાગરો કે અન્ય જળાશયોમાં ઠલવાય છે. આથી જળ પ્રદૂષણની સમસ્યા બની છે. દરિયાના પાણીમાં જહાજોમાંથી તેલનું ગળતર થવાથી, ઉદ્યોગોનો કચરો અને પરમાણું ભઠ્ઠીઓનો કચરો ઠલવાય છે તેથી દરિયાઈ જીવસૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિ લુપ્ત થાય છે.

કારખાનામાં કોલસાના દહનથી તથા વાહનોમાં ખનીજ તેલના દહનથી કાર્બન ડાયૉક્સાઈડ અને કાર્બન મૉનોક્સાઈડ જેવા ઝેરી વાયુઓ હવામાં ભળે છે તેનાથી લઈ હવાનું પ્રદૂષણ જન્મે છે.

ગટરોનું ગંદુ પાણી અને કારખાનાં ઝેરી રસાયણને જમીન પર ઢોળવાથી તેમજ વધુ પાક ઉત્પાદન માટે રાસાયણિક ખાતરોનો બેફામ ઉપયોગ થવાથી જંતુનાશક દવાઓના ઉપયોગથી ભૂમિ પ્રદૂષિત થાય છે.

માનવીની શિકાર પ્રવૃત્તિઓની લીધે તેમજ જંગલોનો આડેધડ વિનાશ વન્ય પ્રાણીઓ અને વન્ય વનસ્પતિઓ – ઔષધીય જડીબુટ્ટીઓની સંખ્યા ઘટતી જાય છે. પ્રજાતિઓ લુપ્ત થતી જાય છે.

માનવીની કેટલીક અવિચારી અને અવિવેકી પ્રવૃત્તિઓને પરિણામે મૃદાવરણ, વાતાવરણ, જીવાવરણ અને જલાવરણ જેવા પરિબળો પર વિપરીત અસરો થઈ છે. જેથી અસમતુલા સર્જાઈ. આજે પર્યાવરણની અસમતુલા વૈશ્વિક સમસ્યા બની છે.

આપણે સૌ પર્યાવરણના જ એક ભાગ છીએ. જો પર્યાવરણ તરફના આપણા દૃષ્ટિકોણમાં ફેરફાર લાવીએ તો પર્યાવરણીય પ્રશ્નો હલ થઈ શકે. આપણા વિસ્તારને સ્વચ્છ, ચોખ્ખો રાખીએ અને વસ્તુઓના પુનઃઉપયોગમાંથી કુદરતી સ્રોતો - સંસાધનોનું જતન કરીએ તો ઘણું. વ્યક્તિ પર્યાવરણ સુરક્ષામાં પોતાનું યોગદાન આપી પર્યાવરણને વિકાસ પોષક બનાવી શકે છે.

### પહેલું સુખ તે જાતે નર્યા

વળી શારિરીક શ્રમ તો સાવ જ ચાલ્યો ગયો છે. પહેલાં તો કસરત અને શારિરીક શ્રમ બંને બાળકોને મળતાં કારણકે સ્કૂલમાં બપોરે પણ રિસેસમાં એ લોકો પકડદાવ, સાતતાળી, ઊભી ખો એવી દોડવાની રમતો રમતાં છોકરીઓ પગથિયા, દોરડા કેટકેટલી રમતો રમતી. રિસેસનો બેલ પડે કે હજી સ્કૂલ ચાલુ થવાની વાર હોય ત્યાં સુધી તો સ્કૂલના મેદાનમાં ચારે બાજુ છોકરાંઓની આવી રમતો મંડાયેલી જ હોય. ખૂલ્લી હવા અને શારિરીક કસરત બધાં સાથે જે આનંદ મળે તેનાથી તેમનું મન પ્રસન્ન રહે એટલે ડાયાબિટીસ કે બ્લડપ્રેશર જેવા રાજરોગ આવે જ ક્યાંથી ત્યારે હવે ? હવે તો સ્કૂલને ક્રિડાંગણ કે મેદાન હોય તો તો નસીબ કહેવાય અને છોકરાંઓને પણ દસ ડગલાં ચાલવાનું ય ગમે છે જ ક્યાં, એમને એમ પણ સેલફોન અને કમ્પ્યૂટર તથા ટેબલેટનું એવું બંધાણ બંધાઈ ગયું છે કે છોકરાંઓ હજી સમજણાં થવા માંડે ત્યારથી તેમનાં હાથમાં એ રમકડાં ચાલુ જ થઈ જાય.. શરીરને અને કસરતને તો જાણે બારગાઉનું છેટું થઈ ગયું છે. તંદુરસ્તી ક્યાંથી રહે ?

તેમાં વળી ભળ્યું છે જમવાની રીતભાતનો ફેરફાર, છોકરાં ઘેર આવે ને મા અધીરી થઈને એને જલદી જમવા બેસાડે, પણ દાળભાત રોટલી શાક જોતાં જ એમનાં મોં બગડી જાય. રોજેરોજ કંઈક ફરસાણ, પંજાબી શાક, મોં ને મીઠું લાગે પણ તબિયતને નુકશાન કરે તેવા ખાવાનાં સિવાય તો આજની ઊગતી પેઢીને ફાવતું જ નથી, હજી ઊગીને ઊભા થતાં હોય ત્યાં તો શરીરની નસોમાં પેલા પંજાબી ખાવાનાં તૈલી પદાર્થોથી નસો બ્લોક થવા જ માંડે ને નાની ઉંમરથી હ્રદય નબળું પડવા માંડે. વજન વધે પણ એનીય ક્યાં પરવા કરાય છે મગજ ખૂબ સરસ ચાલતું હોય પણ શરીર જ સાથ ન દે તો અંકિતને મેડિકલનાં પાંચ વર્ષ ભણતાં ભણતાં કેટલી મુશ્કલીઓ ઊભી થાય ? અને એટલે જ 'પહેલું સુખ તે જાતે નર્યા' એ જીવનમાં કેવું મહામૂલું સત્ય છે તે છોકરાંઓને બરાબર સમજાવવું જ રહ્યું. જીવનમાં ધ્યેય સિદ્ધ કરવા તંદુરસ્તીની જાગૃતિ બહુ જ મહત્ત્વની છે.

ભણ્યા જ નહિ માત્ર, કિન્તુ મુજને ભણાવ્યા તમે, તમે જ ગુરુ, શિષ્ય હું, શિર સદૈવ એથી નમે. - નિરંજન ભગત.

# કહાનનું ચંદ્રયાન

**માધવી આશરા 'ખત્રી'**
પ્લોટ નં. ૧૩૯, બ્રહ્માણી વાડી સામે, ભાઉભાનો ચોક,
નિર્મલનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
મો. ૭૦૯૬૩૯૦૨૫૮



રાતનો સમય હતો. કહાન તેના દરરોજનાં નિયમ મુજબ આજે પણ પોતાના ઘરની અગાસી પર જઈને બેઠો હતો. તેને રાતે આકાશ જોવું બહુ ગમતું. આકાશમાં ટમટમ ચમકતા તારાઓ જોવા અને આ તારાઓથી બનતા વિવિધ આકારો પણ તેને બહુ ગમતાં. કહાન સાત વર્ષનો હતો. તેને પોતાની આસપાસ બનતી ઘટનાઓ, વિવિધ વસ્તુઓ વિશે જાણવાની ખૂબ ઈચ્છા થતી.

અગાસી પર બેઠેલો કહાન ઉપર માથું કરીને જોઈ રહ્યો હતો ત્યાંજ તેની મમ્મી પણ આવીને બેસી ગઈ. મમ્મીને આવેલી જોઈ કહાને તરત જ મમ્મીને પુછ્યું – 'મમ્મી! તમને આકાશ જોવું ગમે છે?'

મમ્મીએ ખૂબ વ્હાલ સાથે કહાનને કહ્યું – 'હા, કહાન, પણ હવે સમય નથી મળતો જોવાનો.'

કહાને કહ્યું – 'મમ્મી એક સવાલ પૂછું?'

મમ્મીએ કહ્યું – 'હા બોલને કહાન.'

કહાન – 'આ ચંદ્ર કેમ થોડાક દિવસ નાનો થતો જાય છે, ને થોડાક દિવસ મોટો થતો જાય છે. અને ક્યારેક તો સાવ બતાઈ જ નહીં.'

મમ્મીએ કહાનની વાત શાંતિથી સાંભળી અને પછી કહ્યું – 'જો કહાન, ચંદ્રનું નાનું-મોટું થવું એ એક અવકાશીય ઘટના છે. તને ખબર છે ચંદ્ર આપણી પૃથ્વીનો જ ઉપગ્રહ છે. તે પૃથ્વીની આસપાસ જ ફરે છે.'

મમ્મીની વાત સાંભળી કહાનનાં મનમાં એક સવાલ આવ્યો અને તેણે તરત જ મમ્મીને પુછ્યું – 'પૃથ્વીની આસપાસ? એ કઈ રીતે મમ્મી?'

મમ્મીએ જોયું કે કહાનને આ વિષય પર વધુ જાણવું છે. અને કહાનની આ રસવૃતિ જોઈને મમ્મીએ પણ આગળ કહેવા માંડ્યુ – 'જો કહાન, આપણી પૃથ્વીના પેટાળમાં એક ચુંબકીય શક્તિ રહેલી છે, એટલે કે પૃથ્વી પર જે કઈ વસ્તુઓ છે, વૃક્ષો છે, પાણી છે, માણસો છે, અહિયાં સુધી કે નાનામાં નાના જીવ પર આ ચુંબકીય શક્તિનો પ્રભાવ પડે છે, આ બધું જ ધરતી તરફ ખેંચાય છે.'

કહાન વચ્ચે જ બોલી ઉઠ્યો – 'જેમ લોહતત્વ લોખંડને પોતાના તરફ ખેંચે તેમ જ ને.'

મમ્મીએ કહ્યું – 'હા, એમ જ, અને આ ચંદ્ર પૃથ્વીમાંથી જ છૂટો પડ્યો છે. અને પૃથ્વીની ચુંબકીય શક્તિ ચંદ્રને પોતાના તરફ ખેંચે છે એટલે ચંદ્ર પૃથ્વીની ગોળ ફરતે ફરે છે.'

કહાને ફરી કહ્યું – 'પણ ચંદ્ર નાનો-મોટો કેમ થાય છે?'

મમ્મીએ થોડું હસીને કહ્યું – 'કહું છું કહાન, સારું હવે એ કહે કે ચંદ્રનાં પ્રકાશનો રંગ કેવો છે?'

કહાન – 'સફેદ.'

મમ્મીએ – 'પણ આ સફેદ રંગ ચંદ્રનો પોતાનો નથી.'

કહાન – 'તો કોનો છે? એ કઈ રીતે?'

કહાનની જીજ્ઞાસા જોઈને મમ્મીને ખૂબ આનંદ થતો. આથી કહાનનાં પ્રશ્નોનાં જવાબ દેવાની મમ્મીને પણ મજા આવતી. મમ્મીએ કહ્યું – 'ચંદ્ર પર જયારે સૂર્યનો પ્રકાશ પડે ત્યારે ચંદ્ર ચમકી ઉઠે અને ચંદ્રનો પ્રકાશ આપણાં સુધી આવે છે. પણ આ ચંદ્ર તો ઘણો મોટો છે, આથી ચંદ્રના જે ભાગ પર સૂર્યનો પ્રકાશ પડે તે જ ચમકે, આથી ચંદ્ર ક્યારેક આપણને નાનો બતાય તો ક્યારેક મોટો, તો ક્યારેક આખો તો ક્યારેક સાવ બતાય જ નહીં.'


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કહાને આ વાત સાંભળીને કહ્યું – 'ઓહહ! હવે હું સમજી ગયો.'

મમ્મીએ આગળ કહ્યું – 'કહાન એક બીજી વાત કહું.'

હજી કંઈક વધુ જાણવાની ઈચ્છા સાથે કહાને ખૂબ જ ઉત્સાહ સાથે કહ્યું – 'હા, કહો ને મમ્મી.'

મમ્મીએ કહ્યું – 'હવે તો આપણાં દેશના વૈજ્ઞાનિકોએ ચંદ્ર વિશે ઘણી અવકાશીય શોધખોળો કરી છે.'

કહાને વચ્ચે જ કહ્યું – 'કઈ-કઈ? મમ્મી જલ્દીથી કહોને.'

મમ્મીએ કહ્યું – 'એ વાત હવે અત્યારે નહી કહાન, હવે તારે સુવાનો સમય થઈ ગયો છે. હવે તું સૂઈ જા, આપણે કાલે વાત કરીશું.'

થોડીવાર તો કહાને આનાકાની કરી પણ પછી મમ્મીનાં કહેવાથી તે માની ગયો. અને સુવા માટે મમ્મી સાથે અગાસી પરથી નીચે આવી ગયો. પણ આજે ખરેખર તેને ચંદ્ર વિશે આટલું જાણીને ખૂબ મજા આવી. અનેક સપનાઓ અને હજુ વધુ જાણવાની ઈચ્છા સાથે કહાન સૂઈ ગયો.

બીજે દિવસે કહાન સ્કૂલે ગયો. સ્કૂલમાં પણ આજે ચંદ્ર વિશે જ ભણવાનું હતું. સ્કૂલમાં બધાં જ વિદ્યાર્થીઓને આજે ટીચરે પણ હોમવર્કમાં ચંદ્ર વિશે જ ચિત્રો, પુઠાનાં રમકડાં, કે ચંદ્ર વિશે અવનવું લખવા માટે કહ્યું. આથી કહાન ખૂબ રાજી થઈ ગયો. તે ઘરે આવ્યો અને મમ્મીને સ્કૂલની બધી વાત કરી. પછી કહાને કહ્યું – 'મમ્મી મને જલ્દીથી ચંદ્રની શોધોની વાત કહોને.'

કહાન હાંફતો હતો. તોપણ તેણે બધું જ એક શ્વાસે મમ્મીને કહી દીધું. મમ્મીએ કહ્યું – 'પહેલા તું ફ્રેશ થઈ જા. પછી આપણે બધી નિરાતે વાત કરીએ.'

કહાન ફટાફટ ફ્રેશ થઈ ગયો. પછી કહાન અને તેની મમ્મી ઘરમાં સોફા પર બેઠા. કહાને કહ્યું – 'મમ્મી હવે વાત કરો.'

મમ્મીએ કહ્યું – 'જો કહાન, આ ન્યૂઝપેપર જો, તેમાં આપણાં ભારતનાં વૈજ્ઞાનિકોએ ગઈ કાલે જ ચંદ્ર પર એક સ્પેસ શટલ મોકલ્યું છે. જે ચંદ્ર પર જઈ વિવિધ શોધો કરશે.'

કહાને ન્યૂઝપેપર હાથમાં લીધું. ન્યૂઝપેપરમાં ભારતે કરેલા ચંદ્રયાન-૨ ને લોન્ચ કર્યા નો ફોટો જોયો. રોકેટ દ્વારા ચંદ્રયાન-૨ મોકલવામાં આવ્યું હતું. થોડીવાર ન્યૂઝપેપર જોઈ કહાને મમ્મીને કહ્યું – 'મમ્મી! આ ચંદ્રયાન ચંદ્ર પર જશે?'

મમ્મી – 'હા, કહાન.'

કહાન – 'એ ત્યાં જઈ શું કરશે.'

મમ્મી – 'એ ચંદ્ર પર જઈ ત્યાનું વાતાવરણ, પ્રકૃતિ, પાણી, જમીન, ચંદ્રની જમીન પરના તત્વો, વગેરેનું અવલોકન કરશે. તેની માહિતી ભેગી કરશે. ત્યાના ફોટો પાડીને પૃથ્વી પર મોકલશે.'

કહાન – 'ત્યાના ફોટો! એ જોવાની તો ખૂબ મજા પડશે.'

મમ્મી – 'હા, અને જો ત્યાનું વાતાવરણ સારું હશે, જમીન સારી હશે, તો હવે પછીનાં ચંદ્રયાનમાં માણસ પણ જશે.'

કહાન – 'તો આ ચંદ્રયાનમાં માણસ નથી ગયાં?'

મમ્મી – 'ના, કહાન.'

કહાન – 'તો એકલું મશીન જ ગયું છે?'

મમ્મી – 'હા.'

કહાન – 'મમ્મી એક વાત કહું?'

મમ્મી – 'મમ્મી, મારે પણ ચંદ્ર પર જવું છે.'

કહાનની વાત સાંભળી મમ્મી ખૂબ ખુશ થઈ. ને કહાનને પણ ટીચરે આપેલા હોમવર્ક માટે ઘણી માહિતી મમ્મી પાસેથી મળી ગઈ હતી. પછી તો કહાન મમ્મીને સવાલો કરતો ગયો અને બુક-પેન લઈ કહાન પણ ચંદ્ર વિશે નિબંધ લખવા લાગ્યો.

# બાળપણનો વરસાદ

**બીજલ જોશી ગટીઆ**
આસિસ્ટન્ટ પ્રોફેસર,
સરકારી ઈજનેરી કૉલેજ, ગાંધીનગર.



કોઈક ખુશીઓનો ખોબો ભરી લાવો, મને મારું બાળપણ પાછું અપાવો!!!

જીવનમાંથી જ છે જીવન ખોવાયું, ના જાણે આપણું બાળપણ ક્યાં વિસરાયું???

બાળપણમાં સીઝનના પહેલા વરસાદની સાથે તરતજ અગાસીમાં ભિજાવા જતાં રહેતા. નાની નાની હથેળીઓમાં વરસાદની બુંદોને જીલતા.. આંખો બંધકરી, આકાશ તરફ મીટ માંડીને વરસાદની બુંદોને માણતા.

અને હવે,

તેનેફક્ત balconyમાં બેસીને માણીએ છીએ.. મન તો થાય છે કે જઈને પલળીએ પણ સાથે ડર પણ લાગે છે કે ક્યાક શરદીકે તાવ આવ્યો તો ઓફિસમાં રજાના પડી જાય.

પહેલા સ્કૂલેથી પાછા ફરતા ત્યારે જો વરસાદ પડતો હોય તો ઊભા રહીને વરસાદમાં ખૂબ પલળતા પછી ભલેને સ્કૂલ બેગ પલળી જાય!!!

અને હવે,

જ્યારે ઓફિસએથી પાછા ફરતા વરસાદ પડે ત્યારે પહેલો વિચારએ આવે છે કે ક્યાક આપણો મોબાઇલ કે લેપટોપના પલળી જાય!!!

પહેલા વરસાદ પત્યા પછી જ્યારે નાના નાના પાણીના ખાબોચિયા ભરાતા ત્યારે તેમાં જઈને ખૂબ છબછબિયા કરતાં અને કાગળની હોડી બનાવી એને એ પાણીના વહેણમાં મૂકીને હરખાઈ ઉઠતાં.

અને હવે,

એજ પાણી ભરાયેલા ખાબોચિયામાં કીચડ દેખાવા લાગ્યો છે. કાગળનીએ હોડીની રમત PUBGનાં આ જમાનામાં ક્યાય ખોવાઈ ગઈ છે.

પહેલા વરસાદ પત્યા પછી કુદરતી સૌંદર્ય જેવું કે મોરના ટહુકા, રસ્તાની ચારેબાજુ તાજગી સભર ફેલાયેલું ઘાસ, અને વરસાદના પાણીમાં તરબોળ નહાયેલા વૃક્ષો, પાણીની છાલક ખંખેરી ભીનાશ અનુભવતાં પક્ષીઓ માણવા નીકળી પડતાં.

અને હવે

આપણને બગીચામાં આપણે વાવેલી અને ચોક્કસપણે કટિંગ કરેલી લોન જ ગમવા માંડી છે. એટલે જ કદાચ આ વરસાદ પછીનું કુદરતી સૌંદર્ય ફક્ત વ્હાટ્સએપ અને ફેસબુકના frowardedvideosમાં જ જોતા થઈ ગયા છીએ.

એ ભીની માટીનાં ઘર બનાવવા, રંગબેરંગી પતંગિયા પકડવા કદાચ આજની પેઢીનાં ભાગ્યમાં જ નથી. કારણકે, આપણે જ એમને આ મોબાઇલ, ટી.વી, અને લેપટોપ જેવા આધુનિક સંસ્કરણ આપી એમના જ બાળપણથી એમને વંચિત રાખીએ છીએ. જેનો આપણને કોઈ જ અધિકાર નથી. ઘણી વાર તો વિચાર આવે છે કે જેમ હું અત્યારે મારા બાળપણના વરસાદને યાદ કરી, શરીરથી લઈ સંવેદના સુધી ભીનાશ અનુભવું છું એમ એમના બાળપણનો વરસાદ સાથેના એમના સંસ્મરણો શું હશે? એમનો આ બાળપણ નો વરસાદ મોલમાંથી ખરીદેલ બ્રાંડેડ શૂઝ કે વોટરપ્રૂફ ઘડિયાળ સુધી તો સીમિત નહિ થઈ જાય ને??

આ તો એવું લાગ્યું કે જેને ખરીદીને આપણે લાવ્યા કદાચ એણે જ આપણને એવા ખરીદી લીધા કે જેથી,

કુદરતની આપેલી આ વરસાદ રૂપી અમુલ્ય ભેટ પણ ખુલ્લા મનથી માણી શકતા નથી.

એટલે જ થાય છે કે,

કોઈક ખુશીઓનો ખોબો ભરી લાવો, મને મારું બાળપણ પાછું અપાવો!!

# કૃષ્ણ

ઉપેન્દ્ર એમ. પટેલ
૨૨૬, નાની સાળવીવાડ, સરસપુર, અમદાવાદ ૩૮૦૦૧૮.
ફોન : (૦૭૯) ૨૨૯૨૧૩૮૬ મો. ૯૮૨૫૦૭૪૨૫૧

કૃષ્ણની સ્વીકૃતિ ભગવાન તરીકે તો છે જ પરંતુ તેના કરતા એક વ્યક્તિ તરીકે વિશેષ છાપ છે તે સમજવું જરૂરી છે જેથી વ્યક્તિના વ્યક્તિત્વને વધુ ઓજસ્વી બનાવી શકે તેમ છે.

શ્રીકૃષ્ણને પુત્ર તરીકે નંદ યશોદાને ત્યાં, વસુદેવ દેવકીને ત્યાં બાલ્યાવસ્થા પૌગંડ, કિશોર અવસ્થામાં આદર્શ વાત્સલ્ય પુત્ર તરીકે પરસ્પર સ્નેહની, આનંદની લ્હાણી કરી હતી અને તેમણે પુત્ર તરીકે છેક સુધી નિભાવી હતી.

કૃષ્ણનો મિત્ર તરીકેનો નિખાર વધુ તેજસ્વી દેખાય છે. અર્જુન, સુદામા પ્રત્યેનો પ્રેમ-દિલોજાન દોસ્તી આજે વિશ્વ પ્રચલિત છે. ખરાબ સમયે સાથે રહીને સલાહ આપવી કે યુદ્ધ જેવા ભયાનક સમયે પણ રણ મેદાનમાં સાથે રહેવું તે વિરલ મૈત્રીની ઘટના છે. આજે યુદ્ધના મેદાનમાં સાથે રહેનાર મિત્રો ઘણાં ઓછા હોય છે. ગોપ મિત્રોને ચોરી કરીને દહીં-માખણ ખવડાવવા.

શ્રી કૃષ્ણ દ્વારિકાના રાજા હતા, તે પ્રજા અને તેમના કુટુંબીઓને સુખ સમૃદ્ધિમાં રાખતા હતા અને રાજ વહીવટ ખૂબ સુંદર રીતે ચલાવતા હતા.

કૃષ્ણનો વૈરાગ્ય પણ અજબ-ગજબનો હતો. મળેલા રાજ્યો તેમણે બીજાને આપી દીધા તે ત્યાગ શ્રેષ્ઠ છે. કૃષ્ણનું વાત્સલ્ય વિશ્વ વિખ્યાત છે.

ગોપ ગોપી સાથેનો હોય, રાધા કે મિત્રો સાથેનો હોય આજે વાત્સલ્ય મૂર્તિ તરીકે તે વધુ પ્રચલિત અને પૂજનીય છે.

કૃષ્ણને ભૃગુઋષિએ લાત મારી ત્યારે કૃષ્ણે કહ્યું કે તમને દુઃખાવો તો થયો નથીને ! એટલે લાત મારનારને પણ નમ્રતાથી જોનાર છે.

એક પતિ તરીકે કૃષ્ણે ગૃહપત્નીઓને ન્યાય આપ્યો છે તેમનો ગૃહઆશ્રમ દિવ્ય હતો. વધુ સ્ત્રીઓ તથા દરેકને આનંદ અને સંતોષ આપ્યો છે.

શ્રી કૃષ્ણનો ભાઈ બળદેવ તથા બહેન સુભદ્રા પ્રત્યેનો પ્રેમ પણ અનુકરણીય છે. કૃષ્ણ શિષ્ય તરીકે શિસ્ત અને અનુશાસનમાં માનતા હતા. કૃષ્ણમાં એક સારા કલાકાર તરીકે સંગીતના તેમજ નાટકકળાના ખૂબ ઊંચા કસબી હતા.

કૃષ્ણએ શાંતિદુત તરીકે મહાભારતમાં મધ્યસ્થી કરીને યુદ્ધને ઠારવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા અને શાંતિ ચાહક તરીકે બહુમાન મેળવેલ છે. આમ કૃષ્ણ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતી અદ્‌ભુત, આકર્ષક સૌંદર્યના વ્યક્તિત્ત્વ તરીકે ઓળખ વિશેષ છે.

---

**સામાન્ય વસ્તુઓમાં અસામાન્ય બાબતોનું આરોપણ કરવાની આપણી ટેવ હોય છે. આ ટેવ કેળવણીના કાર્યમાં ભારે મુશ્કેલીઓ ઊભી કરતી હોય છે. બાળકોના રોજના જીવનવ્યવહારો ઉપર આ પ્રકારનું આરોપણ કરવાથી બાળકોમાં ખુશામદ પ્રિયતા પેદા થાય છે અને બાળકોની ખુશામદ કરવી એ એનું અપમાન કર્યા બરાબર છે.**

**ઘરશાળા' ઓગસ્ટ-૧૯૪૨**

# નારી ચાલીસા

**મેઘા આચાર્ય**
જે. એન. બાલિકા વિદ્યાલય, સરસપુર, અમદાવાદ.

સૃષ્ટિની સર્જનતાનો સારાંશ લઈને અવતરું છું.
અવતાર નથી છતાં, હું 'હું' ને હટાવી સંસારમાં સઘળે વિહરું છું.
આદ્યશક્તિનો અંશ લઈ જન્મું છું.
મને સમોવડી બનાવતા પહેલા યાદ કરો...
હે માનવ, તારો સઘળો વંશ લઈ હું સ્વયંને વિસરું છું.
સપના અને આકાશ બેઉ છે મારે,
એ બેઉને કોરે મૂકી ક્યારેક અન્યોને પ્રથમ રાખી જીવું છું.
મારી ઉદારતાને મજબૂરી ન માનશો
સમર્પણની પરાકાષ્ઠાને જીવંત કરતો દીપ બની જીવું છું.
ને છતાંય, જો ચૂકે મર્યાદા તું માનવ
તો તને બાળી શકે એ અગ્નિ ઉરમાં, રાખી જીવું છું.
હોલિકા નથી કે ભસ્મ થઈ જાવ.
આગમાંથી ઊભો થઈ શકે અડીખમ એ અંતરનો પ્રકાશ રાખી જીવું છું.
હું નારી છું નારાયણીના મંદિરે જાવ કે ન જાવ.
પણ એ નારાયણીને હ્રદયમાં ઉતારી જીવું છું.
નારી અને નારાયણી બેઉનું સ્થાન હ્રદયે શોભે.
થાય પ્રયત્ન જો દાસી બનાવવા તો દ્રૌપદી-રૂદ્રાણી બની પ્રગટું છું.
હું જન્મદાત્રી, ધાત્રીને પ્રાણહર કાલરાત્રિ સઘળા પાસા જાણું છું.
તું જ પર છે એ કોણ મળશે...
પાત્ર પ્રમાણે ઢળતા જળની દિવ્યતા લઈ જન્મું છું.
રાખી શકે હ્રદયમાં તો, પ્રેમની શુદ્ધ સરવાણી બની વહું છું.
માતા, પુત્રી, બહેન, પત્ની કંઈ કેટલાંય પાત્રમાં ઢળતી
દરેકને સાચવતી, દરેકને સાંકળતી લાગણીની અમૃત ધાર બનીને વરસું છું.
કરી શકે કાંઈ તો એનું હ્રદય વાચતા શીખજે
બાકી વર્ષોથી હ્રદયના ભાવને છુપાવી જાણે, એ હાસ્યની ઝાકમજાળ વચ્ચે જીવું છું.
કંકુ-ચોખા લઈને પૂજવાની વાત નથી.
આંખ અને હ્રદય ચોખ્ખા રાખી મળજો.
બસ હોય જો શુદ્ધ પ્રેમ, એને જ અસ્તિત્વનો આધાર માની જીવું છું.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, અપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



**નોંધ : “ઘરશાળા” માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**● ધોરણ ૧૨ સાયન્સની પૂરક પરીક્ષાનું પરિણામ ૩૫.૬૧ ટકા આવ્યું :** ધોરણ ૧૨ સાયન્સની પૂરક પરીક્ષાનું પરિણામ ૩૫.૬૧ ટકા આવ્યું છે. આ પરીક્ષામાં માત્ર ૫૫૪૮ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે. બાકીના તમામ વિદ્યાર્થીઓએ હવે આગામી વર્ષે બોર્ડ દ્વારા લેવામાં આવનારી માર્ચની પરીક્ષાની સાથે જ નવેસરથી પરીક્ષા આપવી પડશે. બીજી તરફ ધો.૧૨ સાયન્સની સિમેસ્ટર પદ્ધતિનું પરિણામ ૨૮.૭૫ ટકા આવ્યું હતું.

આ પાસ થયેલા ૫૫૪૮ વિદ્યાર્થીઓએ નવેસરથી પ્રવેશ માટેની દરખાસ્ત કરવી પડશે. આ પરીક્ષામાં ‘એ’ ગ્રૂપમાં ૫૧૪૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૪૫૩૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૨૮૨ વિદ્યાર્થીઓ પાસ થતાં વિદ્યાર્થીઓનું પરિણામ ૨૮.૨૬ ટકા આવ્યું છે. ‘બી’ ગ્રૂપમાં ૫૨૪૫ વિદ્યાર્થીઓ હતા. જેમાંથી ૧૬૨૮ વિદ્યાર્થીઓ પાસ થતા ‘બી’ ગ્રૂપનું પરિણામ ૩૪.૯૧ ટકા આવ્યું છે. આજ રીતે ‘એ’ ગ્રૂપમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ જોઈએ તો ૮૭૭માંથી ૨૮૩ પાસ થતાં ૩૬.૨૮ ટકા પરિણામ આવ્યું હતું. જ્યારે ‘બી’ ગ્રૂપમાં વિદ્યાર્થિનીઓના પરિણામમાં ૬૧૫૮ પૈકી ૫૬૦૦ એ પરીક્ષા આપી હતી જેમાંથી ૨૩૫૫ પાસ થતા ‘બી’ ગ્રૂપમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ ૪૨.૦૫ ટકા આવ્યું છે.

**● ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું રેગ્યુલર પૂરક પરીક્ષાનું ૩૫.૬૧ ટકા પરિણામ :** માર્ચ ૨૦૧૯માં લેવાયેલી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની રેગ્યુલર મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓમાંથી બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની જુલાઈ માસમાં પૂરક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં નોંધાયેલી ૧૭૨૪૬ વિદ્યાર્થીઓમાંથી પરીક્ષા આપનારા ૧૫૫૮૦ વિદ્યાર્થીઓમાંથી ૫૫૪૮ વિદ્યાર્થીઓ પાસ થતા ૩૫.૬૧ ટકા પરિણામ રહ્યું છે.

**● ધો.૧૨ સાયન્સ સિમેસ્ટર પદ્ધતિની પરીક્ષામાં ૨૬૩૫ વિદ્યાર્થીઓ નાપાસ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૧૬માં ધો.૧૧-૧૨ સાયન્સની સિમેસ્ટર સિસ્ટમ દૂર કરાયા બાદ ૨૦૧૭માં માર્ચમાં છેલ્લીવાર સિમેસ્ટર સિસ્ટમની પરીક્ષા લેવાઈ હતી. ત્યારબાદ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને રેગ્યુલર અને પૂરક સાથે પાસ થવા માટે ચાર વાર તક અપાઈ છતાં ૨૬૩૫ જેટલા વિદ્યાર્થી નાપાસ થયા. આ પરીક્ષામાં ૫૫૧૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૧૮૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી ન હતી. અને પરીક્ષા આપનારા ૩૬૯૮ વિદ્યાર્થીઓમાંથી ૧૦૬૩ વિદ્યાર્થીઓ પાસ થતા ૨૮.૭૫ ટકા પરિણામ રહ્યું છે. જેમાં ‘એ’ ગ્રૂપમાં છોકરાઓ ૨૪૧, છોકરીઓ ૫૭ તથા ‘બી’ ગ્રૂપમાં છોકરાઓ ૨૬૬, છોકરીઓ ૪૯૯ પાસ થઈ છે.

**● પૂરક પરીક્ષાનું ધોરણ-૧૦નું ૯.૪ ટકા પરિણામ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ-૧૦નું ૯.૪ ટકા પરિણામ આવ્યું છે. ૬૪૮૧૪ વિદ્યાર્થીઓમાંથી ૬૦૬૩ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે. આમાં છોકરાઓનું ૮.૯૯ ટકા અને છોકરીઓનું ૧૦.૦૬ ટકા પરિણામ છે. જ્યારે દિવ્યાંગ કેટેગરીમાં ૧૨૯૬ વિદ્યાર્થીઓમાંથી ૨૯૦

વિદ્યાર્થીઓ પાસ થયા છે. સૌથી વધુ સુરત જિલ્લાનું ૧૩.૫ ટકા અને સૌથી ઓછું અરવલ્લી જિલ્લાનું ૩.૯૮ ટકા પરિણામ રહ્યું છે. ગુજરાતી માધ્યમનું ૮.૮૨ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૧૭.૭૫ ટકા રહ્યું છે. ધોરણ-૧૦માં પૂરક પરીક્ષામાં આ વર્ષે ખૂબ જ ઓછા વિદ્યાર્થીઓ પાસ થયા છે.

**• ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૫૬.૫૬ ટકા પરિણામ :** ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પૂરક પરીક્ષાનું પરિણામ ૫૬.૫૬ ટકા રહ્યું છે. આ વર્ષે ૮૦૩૯૯ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. તેમાંથી ૪૫૪૭૦ વિદ્યાર્થીઓ પાસ થયા હોવાથી ૫૬.૫૬ ટકા પરિણામ રહ્યું છે.

**વર્ગીકરણ**

| સ્ટ્રીમ | પરીક્ષામાં બેઠા | પાસ થયા | વિદ્યાર્થી |
|---|---|---|---|
| જનરલ | ૫૦૦૬૬ | ૨૭૦૫૫ | ભાઈઓ |
| | ૨૯૩૫૩ | ૧૭૮૭૫ | બહેનો |
| વૉકેશનલ | ૧૯૮ | ૯૯ | ભાઈઓ |
| | ૧૨૦ | ૭૪ | બહેનો |
| ઉ.બુનિયાદી | ૪૨૩ | ૨૨૯ | ભાઈઓ |
| | ૨૩૯ | ૧૩૮ | બહેનો |

**• ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોને ૪૦૦ કરોડ ફાળવાયા :** ભારતીય યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા અને દેશમાં વધારે વિશ્વ સ્તરીય શૈક્ષણિક સંસ્થાનો સ્થાપિત કરવા સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ અંગે સરકાર ટૂંક સમયમાં જ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાગુ કરશે અને વિશ્વ કક્ષાની સંસ્થાઓ માટે ૪૦૦ કરોડ ફાળવવામાં આવ્યા હોવાનું સરકારે જાહેર કર્યું છે. દેશમાં ઉચ્ચ શિક્ષણનો માહોલ આંતરરાષ્ટ્રીય સ્તરનો બનાવવા માટે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનો માટેની રેગ્યુલેટરી સિસ્ટમમાં પણ સુધારો લાવવામાં આવશે.

સરકાર દ્વારા જણાવવાનું છે કે ભારત પાસે શૈક્ષણિક કેન્દ્ર બનવાની ક્ષમતા છે. આથી વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવા માટે 'સ્ટડી ઈન ઇન્ડિયા' પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવશે. રમતવીરોના વિકાસ માટે 'ખેલો ઇન્ડિયા' યોજના અંતર્ગત 'નૅશનલ સ્પોર્ટ્સ એજ્યુકેશન બોર્ડ' બનાવવાની અને યુવાનોમાં મહાત્મા ગાંધીના વિચારો પ્રત્યે સંવેદનશીલતા વધારવા 'ગાંધીપીડિયા' તૈયાર કરવામાં આવશે.

**• ગુજરાત યુનિવર્સિટીની એમ.ફિલ અને પી.એચડી પ્રવેશ પરીક્ષામાં ૨૭૧૩ વિદ્યાર્થીઓમાંથી ૮૯૪ વિદ્યાર્થીઓ જ પાસ :** ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમ.ફિલ અને પી.એચડીમાં પ્રવેશ માટેની પરીક્ષાના પરિણામમાં ૨૭૧૩ વિદ્યાર્થીઓમાંથી ૮૯૪ વિદ્યાર્થીઓ જ પાસ થતાં સરેરાશ ૩૨.૯૫ ટકા પરિણામ રહ્યું છે. જેમાં એમ.ફિલમાં પરીક્ષા આપનારા ૭૪૬ વિદ્યાર્થીઓમાંથી ૨૭૯ વિદ્યાર્થી પાસ થતા ૩૭.૩૯ ટકા પરિણામ રહ્યું છે. જ્યારે પી.એચડીમાં ૧૯૫૭માંથી ૬૧૫ વિદ્યાર્થી પાસ થતા ૩૧.૨૬ ટકા પરિણામ રહ્યું છે.

**• ટૂંકાવીને...**

- આર્ટ્સ, સાયન્સ, કૉમર્સની ગુજરાતની તમામ કૉલેજોમાં શૈક્ષણિક સ્ટાફની ૭૦૦ જેટલી ખાલી જગ્યા ભરાશે.
- સરકાર દ્વારા મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકની સુરક્ષા અને સલામતી માટે સેફ સિટી પ્રોજેક્ટ અંતર્ગત રૂા. ૧૫૭ કરોડ ફાળવવામાં આવ્યા.
- શિક્ષણ માટે ૩૦૦૪૫, મહિલા બાળ વિકાસ માટે ૩૧૩૮, રમત-ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે સરકારે ૫૭૯ કરોડ રૂપિયા ફાળવ્યા.
- ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક સહાયકોને ફિક્સ પગાર વધારો મળશે.
- ટીચર્સ કાઉન્સિલ દ્વારા તમામ બી.એડ્. કૉલેજોને ફરજિયાત બાયોમેટ્રિક હાજરી પૂરવા આદેશ.
- રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૧૭૪૧૭ ઓરડાઓની ઘટ.












## સરસ્વતી વિદ્યામંડળની આગવી પ્રણાલિકા મુજબ ઉજવેલ કાર્યક્રમ

**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ - સરસપુર કેમ્પસ તથા શ્રીમતી જશીબેન નાયક શિક્ષણ સંકુલ - અસારવા કેમ્પસના વિદ્યાર્થીઓએ સ્વતંત્રતા દિવસ '૧૫ ઓગસ્ટ'ની ઉજવણી ઉત્સાહભેર ઉજવવામાં આવી હતી. સરસપુર કેમ્પસમાં તથા અસારવા કેમ્પસમાં 'આઝાદીમાં અમદાવાદનો ફાળો'ના સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો.**

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/-● વાર્ષિક લવાજમ: રૂ.૧૫૦/-

# હા, ભાઈ અમે શિક્ષક છીએ...

ઘણીવાર વર્ગખંડમાં જાઉં ત્યારે સામે રહેલી પચાસથી વધુ જીવંત આંખોને જોઉં અને થઇ આવે કે પ્રત્યેક આંખોનું કુતુહલ છે, પ્રત્યેકના પ્રશ્ન અલગ છે, શું ચાલતું હશે એમના મનમાં? આજની એની સવાર કેવી હશે?

કોઇક ચહેરો શાંત, કોઇક અજંપાગ્રસ્ત, કોઇકની આંખોમાં ઉજાગરો,
કોઇકની આંખોમાં આનંદ અને ક્યાંક પીડા.

આ સૌને એક કલાક મારે તો મારો વિષય ભણાવીને નીકળી જવાનું હોય છે,
પણ મારે વર્ગમાંથી નીકળતી વખતે એક સંતોષ જોવો હોય છે દરેક આંખોમાં..!

કારણકે આ મારા વિદ્યાર્થીઓ છે,
જીવતી ચેતના. આ કોઇ મશીન નથી.
કઇ રીતે લેક્ચર શરુ કરું એવું થઇ આવે ત્યારે,
મનમાં ઉપનિષદનો મંત્ર ૐ સહનાવવતુ જપી લઉં છું,
અને, આંખ બંધ કરી મારા શિક્ષકોને યાદ કરી લઉં છું.

બહુ મોટી જવાબદારી હોય છે, અમારા શિક્ષકો પર.
ઇશ્વરે આપેલું સર્વશ્રેષ્ઠ કાર્ય એટલે શિક્ષણકાર્ય.

વેદ-આજ્ઞામાં માં-બાપ પછી આચાર્યને દેવ ગણવાની આજ્ઞા છે.

આ કાર્યમાં અદ્‌ભુત સંતોષ મળે છે, કેટલાય વિદ્યાર્થીઓ ફેમિલી મેમ્બર બની જાય છે,
અને તમે જેને સૌથી વધારે તતડાવ્યા હોય એ જ તમને જતા જતા કહી જાય કે સર,
એ દિવસે જો તમે જવા દીધો હોત તો હજી અટવાતો જ હોત.

અભિમાનથી કહી શકીએ છીએ કે વિદ્યાર્થીને હાથો બનાવી મેલી રમતો રમતા નથી,
વિદ્યાર્થીને કસ્ટમર ગણી માપ-તોલના પ્રપંચ કરતા નથી,
અંગત સ્વાર્થ માટે ક્યારેય વિદ્યાર્થીનું અહિત કરતા નથી.

ગર્વ છે કે શિક્ષક છીએ અને
અનેકગણો ગર્વ છે કે અમારા શિક્ષકો થકી આજે અમે અહીયા છીએ.

હા, અમે શિક્ષકો ખરેખર તો ખેડૂત છીએ, અમે માનવમનની ખેતી કરીએ છીએ..!

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.